વર્ષ : ૪૩ ◆ અંક : ૨
ફેબ્રુઆરી - ૨૦૧૯


Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર

## શ્રી બાવનગજા તીર્થક્ષેત્ર (બડવાની, મધ્યપ્રદેશ)નું પાવનકારી દૃશ્ય



શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## સંસ્થામાં પૂ. ભાઈશ્રી નલીનભાઈ કોઠારીનું શુભાગમન (તા. ૧૯-૧-૨૦૧૯)





## સંસ્થામાં સંતશ્રી શુભકરણજીના સ્વાધ્યાય વેળાએ





## લાલોડા (ઈડર પાસે) મુકામે સત્સંગ મેળાવડા વેળાએ (તા. ૨૭-૧-૧૯)





## સંસ્થામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી વેળાએ





-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) પદાર્થ તથા તેની અવસ્થાની યથાર્થ સમજણ .... ..................... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૭

(૩) ક્રોધ - અવગુણોની ખીચડી ................ ..................... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૦

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન .............. .................... પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૨

(૫) શ્રી સામાયિક પાઠ ........... પૂજ્ય બહેનશ્રી .... ૧૫

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી... શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૭

(૭) મુન્યાચાર ...............બા.બ્ર. શ્રી સુરેશજી .... ૨૧

(૮) આત્માની ક્રિયાશક્તિ .....શ્રી વલભજી હીરજી .... ૨૩

(૯) ધર્મનું સત્‌સ્વરૂપ.......... શ્રી મધુભાઈ પારેખ .... ૨૪

(૧૦) પરમ ધ્યાન ............. શ્રી ચંદ્રહાસ ત્રિવેદી .... ૨૫

(૧૧) વિનય સાથે વિવેકનું સાયુજ્ય .............. ............... શ્રી ગુણવંતભાઈ બરવાળિયા .... ૨૭

(૧૨) નવતત્ત્વનો સાર ................................ ૩૦

(૧૩) બાળ વિભાગ .......... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૫

(૧૪) સમાજ-સંસ્થા દર્શન .......................... ૩૭

**વર્ષ : ૪૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ અંક - ૨**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

સિદ્ધ પરમાત્મા અરિહંત ભગવંત કરતાં ગુણમાં ચડિયાતા હોવા છતાં, શ્રી નમસ્કાર મહામંત્રમાં અરિહંત ભગવંતને પ્રથમ નમસ્કાર કરવામાં આવ્યા છે, કારણકે સિદ્ધ ભગવંતને બતાવનારા તેઓ છે. તેવી જ રીતે અમને વીતરાગપ્રભુના સનાતન આત્મધર્મની સાચી સમજણ આપનારા આપ છો, તેથી અમે પણ આપને પ્રથમ નમસ્કાર કરીએ છીએ. આપ અમારા ગુરુ છો. કહેવાયું છે કે -

"ગુરુ-ગોવિંદ દોનોં ખડે, કિસકો લાગું પાય ?
બલિહારી ગુરુદેવ કી, જિસને ગોવિંદ દીયો બતાય."

આપશ્રીએ પણ શ્રી આત્મસિદ્ધિની ૧૨મી ગાથામાં કહ્યું છે કે -

"સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ."

તે કારણે શ્રી વીતરાગ ભગવંતોએ પ્રણીત કરેલા અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ, પરમહિતકારી, પરમ અમૃત સ્વરૂપ એવા શાશ્વત ધર્મના માર્ગે જેઓ ચાલી રહ્યા છે તેવા શ્રી સદ્‌ગુરુને, સદા આત્મહિતકારી એવા શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોને તથા દાન, શીલ, તપ અને ભાવમાં જેઓ જીવન વિતાવતા હોય તે સર્વને વંદન કરીએ છીએ.


"નમન નમન હો અરિહંતોને, અંતરશત્રુના હણનાર,
નમન નમન હો સિદ્ધ સકલને, અજરામર પદના ધરનાર.
કોટિ નમન હો આચાર્યોને, પાળે પળાવે પંચાચાર,
નમસ્કાર હો ઉપાધ્યાયને, ભણે ભણાવે આગમસાર.
નમન હો લોકમાં સર્વ સાધુને, પંચ મહાવ્રત પાલનહાર,
નમસ્કાર એ પાંચે નિશદિન, સર્વ દુરિતોને હરનાર;
સર્વમંગલમાં છે એ પ્રથમ મંગલ, સર્વનું મંગલ છે કરનાર."

"પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક ૪૨૨

**મુંબઈ, કારતક સુદ, ૧૯૪૯**

ધર્મસંબંધી પત્રાદિ વ્યવહાર પણ ઘણો થોડો રહે છે; જેથી તમારાં કેટલાંક પત્રોની પહોંચ માત્ર લખવાનું બન્યું છે.

જિનાગમમાં આ કાળને 'દુષમ' એવી સંજ્ઞા કહી છે, તે પ્રત્યક્ષ દેખાય છે; કેમ કે 'દુષમ' શબ્દનો અર્થ 'દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય એવો' થાય છે. તે દુઃખે કરીને પ્રાપ્ત થવા યોગ્ય તો એવો એક પરમાર્થમાર્ગ મુખ્યપણે કહી શકાય; અને તેવી સ્થિતિ પ્રત્યક્ષ જોવામાં આવે છે. જો કે પરમાર્થમાર્ગનું દુર્લભપણું તો સર્વ કાળને વિષે છે, પણ આવા કાળને વિષે તો વિશેષ કરીને કાળ પણ દુર્લભપણાના કારણરૂપ છે.

અત્ર કહેવાનો હેતુ એવો છે કે ઘણું કરી આ ક્ષેત્રે વર્તમાન કાળમાં પૂર્વે જેણે પરમાર્થમાર્ગ આરાધ્યો છે, તે દેહ ધારણ ન કરે; અને તે સત્ય છે, કેમ કે જો તેવા જીવોનો સમૂહ દેહધારીપણે આ ક્ષેત્રે વર્તતો હોત, તો તેમને તથા તેમના સમાગમમાં આવનારા એવા ઘણા જીવોને પરમાર્થમાર્ગની પ્રાપ્તિ સુખે કરીને થઈ શકતી હોત; અને તેથી આ કાળને 'દુષમ' કહેવાનું કારણ રહેત નહીં. આ રીતે પૂર્વારાધક જીવોનું અલ્પપણું એ આદિ છતાં પણ વર્તમાન કાળને વિષે જો કોઈ પણ જીવ પરમાર્થમાર્ગ આરાધવા ઇચ્છે તો અવશ્ય આરાધી શકે, કેમ કે દુઃખે કરીને પણ આ કાળને વિષે પરમાર્થમાર્ગ પ્રાપ્ત થાય, એમ પૂર્વજ્ઞાનીઓનું કથન છે.

સર્વ જીવને વર્તમાનકાળમાં માર્ગ દુઃખે કરીને જ પ્રાપ્ત થાય, એવો એકાંત અભિપ્રાય વિચારવા યોગ્ય નથી, ઘણું કરીને તેમ બને એવો અભિપ્રાય સમજવા યોગ્ય છે. તેનાં ઘણાં કારણો પ્રત્યક્ષ દેખાય છે.

પ્રથમ કારણ ઉપર દર્શાવ્યું તે કે પૂર્વનું ઘણું કરીને આરાધકપણું નહીં તે.

બીજું કારણ તેવું આરાધકપણું નહીં તેને લીધે વર્તમાનદેહે તે આરાધકમાર્ગની રીતિ પણ પ્રથમ સમજવામાં ન હોય, તેથી અનારાધકમાર્ગને આરાધકમાર્ગ માની લઈ જીવે પ્રવૃત્તિ કરી હોય છે.

ત્રીજું કારણ ઘણું કરીને ક્યાંક સત્સમાગમ અથવા સદ્‌ગુરુનો યોગ બને, અને તે પણ ક્વચિત્ બને.

ચોથું કારણ અસત્સંગ આદિ કારણોથી જીવને સદ્‌ગુરુ આદિકનું ઓળખાણ થવું પણ દુષ્કર વર્તે છે, અને ઘણું કરીને અસદ્‌ગુરુ આદિને વિષે સત્યપ્રતીતિ માની જીવ ત્યાં જ રોકાઇ રહે છે.

પાંચમું કારણ ક્વચિત્ સત્સમાગમનો યોગ બને તોપણ બળ, વીર્યાદિનું એવું શિથિલપણું કે જીવ તથારૂપ માર્ગ ગ્રહણ ન કરી શકે અથવા ન સમજી શકે; અથવા અસત્સમાગમાદિ કે પોતાની કલ્પનાથી મિથ્યાને વિષે સત્યપણે પ્રતીતિ કરી હોય.

ઘણું કરીને વર્તમાનમાં કાં તો શુષ્કક્રિયાપ્રધાનપણામાં જીવે મોક્ષમાર્ગ કલ્પ્યો છે, અથવા બાહ્યક્રિયા અને શુદ્ધ વ્યવહારક્રિયાને ઉત્થાપવામાં મોક્ષમાર્ગ કલ્પ્યો છે; અથવા સ્વમતિકલ્પનાએ અધ્યાત્મગ્રંથો વાંચી કથન માત્ર અધ્યાત્મ પામી મોક્ષમાર્ગ કલ્પ્યો છે. એમ કલ્પાયાથી જીવને સત્સમાગમાદિ હેતુમાં તે તે માન્યતાનો

આગ્રહ આડો આવી પરમાર્થ પામવામાં સ્થંભભૂત થાય છે.

જે જીવો શુષ્કક્રિયાપ્રધાનપણામાં મોક્ષમાર્ગ કલ્પે છે, તે જીવોને તથારૂપ ઉપદેશનું પોષણ પણ રહ્યા કરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એમ મોક્ષમાર્ગ ચાર પ્રકારે કહ્યો છતાં પ્રથમનાં બે પદ તો તેમણે વિસાર્યા જેવું હોય છે, અને ચારિત્ર શબ્દનો અર્થ વેષ તથા માત્ર બાહ્ય વિરતિમાં સમજ્યા જેવું હોય છે. તપ શબ્દનો અર્થ માત્ર ઉપવાસાદિ વ્રતનું કરવું; તે પણ બાહ્ય સંજ્ઞાથી તેમાં સમજ્યા જેવું હોય છે; વળી ક્વચિત્ જ્ઞાન, દર્શન પદ કહેવાં પડે તો ત્યાં લૌકિક કથન જેવા ભાવોના કથનને જ્ઞાન અને તેની પ્રતીતિ અથવા તે કહેનારની પ્રતીતિને વિષે દર્શન શબ્દનો અર્થ સમજવા જેવું રહે છે.

જે જીવો બાહ્યક્રિયા (એટલે દાનાદિ) અને શુદ્ધ વ્યવહારક્રિયાને ઉત્થાપવામાં મોક્ષમાર્ગ સમજે છે, તે જીવો શાસ્ત્રોના કોઈ એક વચનને અણસમજણભાવે ગ્રહણ કરીને સમજે છે. દાનાદિ ક્રિયા જો કોઈ અહંકારાદિથી, નિદાનબુદ્ધિથી કે જ્યાં તેવી ક્રિયા ન સંભવે એવા છઠ્ઠા ગુણસ્થાનાદિસ્થાને કરે તો તે સંસારહેતુ છે, એમ શાસ્ત્રોનો મૂળ આશય છે, પણ સમૂળગી દાનાદિ ક્રિયા ઉત્થાપવાનો શાસ્ત્રોનો હેતુ નથી; તે માત્ર પોતાની મતિકલ્પનાથી નિષેધે છે. તેમજ વ્યવહાર બે પ્રકારના છે; એક પરમાર્થમૂળહેતુ વ્યવહાર અને બીજો વ્યવહારરૂપ વ્યવહાર. પૂર્વે આ જીવે અનંતીવાર કર્યા છતાં આત્માર્થ થયો નહીં એમ શાસ્ત્રોમાં વાક્યો છે, તે વાક્ય ગ્રહણ કરી સચોડો વ્યવહાર ઉત્થાપનારા પોતે સમજ્યા એવું માને છે, પણ શાસ્ત્રકારે તો તેવું કશું કહ્યું નથી. જે વ્યવહાર પરમાર્થહેતુમૂળ વ્યવહાર નથી, અને માત્ર વ્યવહારહેતુ વ્યવહાર છે, તેના દુરાગ્રહને શાસ્ત્રકારે નિષેધ્યો છે. જે વ્યવહારનું ફળ ચાર ગતિ થાય તે વ્યવહાર વ્યવહારહેતુ કહી શકાય, અથવા જે વ્યવહારથી આત્માની વિભાવદશા જવા યોગ્ય ન થાય તે વ્યવહારને વ્યવહારહેતુ વ્યવહાર કહેવાય. એનો શાસ્ત્રકારે નિષેધ કર્યો છે, તે પણ એકાંતે નહીં; કેવળ દુરાગ્રહથી અથવા તેમાં જ મોક્ષમાર્ગ માનનારને એ નિષેધથી સાચા વ્યવહાર ઉપર લાવવા કર્યો છે; અને પરમાર્થમૂળહેતુ વ્યવહાર શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્થા અથવા સદ્‌ગુરુ, સત્શાસ્ત્ર અને મનવચનાદિ સમિતિ તથા ગુપ્તિ તેનો નિષેધ કર્યો નથી; અને તેનો જો નિષેધ કરવા યોગ્ય હોય તો શાસ્ત્રો ઉપદેશીને બાકી શું સમજવા જેવું રહેતું હતું, કે શું સાધનો કરાવવાનું જણાવવું બાકી રહેતું હતું કે શાસ્ત્રો ઉપદેશ્યાં ? અર્થાત્ તેવા વ્યવહારથી પરમાર્થ પમાય છે, અને અવશ્ય જીવે તેવો વ્યવહાર ગ્રહણ કરવો કે જેથી પરમાર્થ પામશે એમ શાસ્ત્રોનો આશય છે. શુષ્કઅધ્યાત્મી અથવા તેના પ્રસંગી તે આશય સમજ્યા વિના તે વ્યવહારને ઉત્થાપી પોતાને તથા પરને દુર્લભબોધીપણું કરે છે.

શમ, સંવેગાદિ ગુણો ઉત્પન્ન થયે, અથવા વૈરાગ્યવિશેષ, નિષ્પક્ષપાતતા થયે, કષાયાદિ પાતળાં પડ્યે તથા કંઇ પણ પ્રજ્ઞાવિશેષથી સમજ્યાની યોગ્યતા થયે જે સદ્‌ગુરુગમે સમજવા યોગ્ય અધ્યાત્મગ્રંથો, ત્યાં સુધી ઘણું કરી શસ્ત્ર જેવા છે, તે પોતાની કલ્પનાએ જેમ તેમ વાંચી લઈ, નિર્ધારી લઇ, તેવો અંતર્ભેદ થયા વિના અથવા દશા ફર્યા વિના, વિભાવ ગયા વિના પોતાને વિષે જ્ઞાન કલ્પે છે, અને ક્રિયા તથા શુદ્ધ વ્યવહારરહિત થઇ વર્તે છે, એવો ત્રીજો પ્રકાર શુષ્કઅધ્યાત્મીનો છે. ઠામ ઠામ જીવને આવા યોગ બાઝે તેવું રહ્યું છે, અથવા તો જ્ઞાનરહિત ગુરુ કે પરિગ્રહાદિઇચ્છક ગુરુઓ, માત્ર પોતાનાં માન-પૂજાદિની કામનાએ ફરતા એવા, જીવોને અનેક પ્રકારે અવળે રસ્તે ચડાવી દે છે; અને ઘણું કરીને ક્વચિત્ જ એવું નહીં હોય. જેથી એમ જણાય છે કે કાળનું દુષમપણું છે. આ દુષમપણું લખ્યું છે તે જીવને પુરુષાર્થરહિત કરવા અર્થે લખ્યું નથી, પણ

**(અનુસંધાન પાના નં. ૯ પર...)**

# પદાર્થ તથા તેની અવસ્થાની યથાર્થ સમજણ

પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી



જગતના કોઈપણ પદાર્થને સમજવા માટે સૌ પ્રથમ આપણે પદાર્થ તથા પદાર્થની અવસ્થા વિશે સમજવું જોઈએ. પદાર્થ એટલે વસ્તુ - દ્રવ્ય અને પદાર્થની અવસ્થા એટલે સમયે સમયે તેની નવી દશા ઊપજે તે. તેને દૃષ્ટાંતથી સમજીએ. સોનાની લગડી તે દ્રવ્ય છે અને બંગડી, ચેન, વીંટી આદિ ઘરેણાં તે તેની અવસ્થા - પર્યાય છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી એ રાળજ મુકામે ચાર કાવ્યો લખ્યા હતા. તેમાંના એક કાવ્યમાં તેમણે લખ્યું છે કે,

"જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ."

વસ્તુના સ્વરૂપને પરમાર્થથી સમજાવવા માટે તેમણે આ કાવ્ય લખ્યું છે. જ્ઞાની પુરુષ જે નયથી વાત કરી વસ્તુના સ્વરૂપને સમજાવે તે નયથી આપણે જો તે વસ્તુસ્વરૂપને સમજીશું તો સાચું જ્ઞાન ગ્રહણ થશે, નહીં તો અજ્ઞાન જ વધશે. 'રાજવાર્તિક' શાસ્ત્રમાં આચાર્યશ્રીએ કહ્યું છે કે વક્તાના અભિપ્રાયને અનુસરવું તેને નય કહે છે. આમ, જ્ઞાનીપુરુષના અભિપ્રાયથી વસ્તુસ્વરૂપ સમજવાથી દેશના (ઉપદેશ) પરિણમે છે. આ જગતના જેટલા પદાર્થો આપણને દેખાય છે તે બધા જડ પદાર્થો છે. જે જે દેખાય છે તે જડ છે અને જે દેખનારો, જાણનારો, વેદનારો છે તે ચેતન છે. જડ પદાર્થ એટલે ટેબલ, ઘર આદિ અને સિદ્ધ ભગવાન છે તે કેવળ ચેતન છે. આપણે પણ ચેતન છીએ પરંતુ આપણે આપણા સ્વરૂપને જાણતા નથી. આપણને આપણા સ્વરૂપનું જ્ઞાન કે શ્રદ્ધાન નથી તો અનુભવ તો ક્યાંથી હોય ! એટલે ચેતન હોવા છતાં આપણે આપણા સ્વરૂપનો સ્વીકાર કરતાં નથી. માત્ર પોપટની જેમ 'હું આત્મા છું' એમ બોલીએ છીએ અને તરત જ બીજી ક્ષણે કહીએ છીએ છે કે મને બહુ ભૂખ લાગી છે, હું કાળો, ઠીંગણો છું. તો શું આત્માને ભૂખ લાગે છે ? તે કાળો કે ઠીંગણો છે ? માટે આપણે માત્ર બોલીએ છીએ પણ તેનું ભાવભાસન થતું નથી. તે શબ્દોનો અર્થ તેના અંતરમાં ભાસ્યમાન થતો નથી - પ્રતિબિમ્બિત થતો નથી. એટલે 'સમયસાર કળશ'માં અમૃતચંદ્રાચાર્યે અજ્ઞાની જીવોને માટે કહ્યું કે અજ્ઞાની જીવો મોહરૂપી દારૂ પીને રખડે છે. તેનાથી આગળ 'દર્શનપાહુડ'માં અધ્યાત્મ યોગીશ્વર શ્રી 'કુંદકુંદાચાર્યે કહ્યું છે કે, સમ્યક્ત્વ વગરના બધા અજ્ઞાની જીવો મડદા સમાન છે. એટલે જ્ઞાનીપુરુષોને વંદન કરતા મહાપુરુષો કહે છે કે અહો ! અહો ! તે જ્ઞાનીપુરુષ કે જેમણે ક્ષણભંગુર શરીરમાં રહીને શાશ્વત પદની પ્રાપ્તિ કરી ! અહો આશ્ચર્ય ! મહાન પરાક્રમ !!! એમ કહીને જ્ઞાનીપુરુષો પણ સ્તબ્ધ થઈ ગયા છે, કારણકે હીરાનો વેપાર કરીને કરોડપતિ થાય તેવા તો ઘણા હોય પણ કોથમીરનો વેપાર કરતાં કરતાં કરોડપતિ થઈ જાય તે તો મહાઆશ્ચર્ય છે. આ શરીર તે કોથમીર છે. તેમાં રહીને આપણે આત્માની સાચી ઓળખાણ કરનાર આરાધક થવાનું છે. આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવરૂપ પંચપરાવર્તનમાં નવાં નવાં દેહધારણ કરવાની - જન્મમરણની ક્રિયા કરે તેને દ્રવ્ય સંસાર કહે છે. ભાવસંસાર એટલે જડ પદાર્થના સંયોગમાં આવવાથી ચેતન પોતાના સ્વભાવને ભૂલી તે જડને પોતાનું માને, જાણે અને તેનો અનુભવ કરે તે. પરમ તત્વજ્ઞ

શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં કહ્યું છે કે,

"રાગ, દ્વેષ, અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ."

આપણે ટેબલ જોઈને રાજી થઈ જઈએ છીએ કે બહુ સારું ટેબલ છે. 'ક્યાંથી લાવ્યા ? શું કિંમત છે ? આવું મારે લેવું છે.' આ બધા વિકલ્પો તે ભાવસંસાર છે. ટેબલે એવું કહ્યું નથી કે તમે મારા પર મોહ કરો. બન્ને દ્રવ્યો સ્વતંત્ર હોવા છતાં જીવ પોતે પોતાને નહિ જાણતો હોવાને લીધે, પોતાનું માહાત્મ્ય નહીં હોવાને લીધે જડ ઉપર આસક્ત થઈ જાય છે. મોહિત થઈ જાય છે. તે પર પદાર્થ પર રાગ કરે, વહાલપ કરે તેનું નામ ચિદ્‌વિકાર એટલે કે મોહ. અજ્ઞાની જીવ પદાર્થને જુએ એટલે એના દ્રવ્યમાં જે રાગરૂપ, મોહરૂપ અવસ્થા થઈ તેનું નામ જ ચિદ્‌વિકાર. તેની આવી અવસ્થા થઈ છતાં પણ તે અવસ્થામાં પોતે જો પોતાનું સાચું સ્વરૂપ સમજે, શ્રદ્ધે અને અનુભવે તો તે ચિદ્‌વિકાર ટળી શકે છે કારણકે તે ચિદ્‌વિકાર ક્ષણિક છે. તેનામાં એવી તાકાત નથી કે તે આત્માને બદલી નાંખે. આત્મા જો વિકારીભાવો કરે તો તે બંધનો અનુભવ કરે, સંસારમાં રખડે પણ તે જડ ન થઈ જાય. આવું અચિંત્ય ચૈતન્યસ્વરૂપ આત્મ દ્રવ્ય છે એટલે જ આપણો મોક્ષ થઈ શકે છે. જો આત્મા વિકાર કરે અને તેનો સ્વભાવ સર્વથા બદલાઈ જ જાય તો તેનો મોક્ષ થાય જ નહીં, પણ એવું નથી. આ વાતને બહુ ધ્યાનથી, નિષ્પક્ષ થઈ, પોતાના આત્મકલ્યાણ માટે સમજવી.

દ્રવ્ય પોતાનો સ્વભાવ છોડી દેતું નથી પરંતુ એકબીજાથી પ્રભાવિત થઈને સ્વભાવથી વિપરીત ભાવે પરિણમે છે. રાગભાવ, ક્રોધભાવ તે આત્મ-સ્વભાવ નથી પરંતુ ક્ષમા તે આત્મસ્વભાવ છે. સ્વભાવ તે બંધનો હેતુ નથી પરંતુ આનંદનો હેતુ છે. સારા ભાવ-પોતાના સ્વભાવને અનુરૂપ ભાવ કરવાં તે પ્રસન્નતાનું કારણ છે, સંવર-નિર્જરા અને મોક્ષનું કારણ છે. માટે આપણે જો ધ્યાન રાખીએ, ચેતીએ તો 'કર્તા આપ સ્વભાવ' પણ જો 'વર્તે નહીં નિજ ભાનમાં (તો) કર્તા કર્મ-પ્રભાવ.' માટે સમજણપૂર્વકની આત્મજાગૃતિ તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. આવી સમજણ સાથે હવે જ્યારે આપણો આત્મા જગતના પદાર્થ જુએ તો માત્ર તે તેના જોવામાં-જાણવામાં આવે છે. જ્ઞાનીને કોઈ પૂછે કે આ બંગલો, આ દીકરા બધા તમારા છે, તો તેઓ માત્ર 'હા' એમ જ કહે પરંતુ તે સમયે અંદરમાં તેઓ એમ વિચારે છે કે આ શરીરરૂપી બંગલો જ જો મારો નથી તો આ ઈંટ, ચૂનાનો બંગલો મારો ક્યાંથી થાય ? આવું જે શ્રદ્ધાન કરે તેનું કલ્યાણ થાય પણ આવું કાંઈ બે-પાંચ દિવસ કે મહિનામાં ન થાય. જેમ જેમ આત્મામાં જ્ઞાન-વૈરાગ્ય વધે તેમ તેમ વિભાવભાવો ઘટે.

જડ કાર્મણ વર્ગણા પણ વિભાવને પામે છે. એક પરમાણુ તે સ્વભાવ અને બે કે તેથી વધારે પરમાણુ જ્યાં ભેગા મળે તેને સ્કંધ કહેવાય. તે તેની વિભાવ અવસ્થા છે. જો કે તેનામાં આનંદ કે જ્ઞાન કાંઈ નથી. મોક્ષ આપણે પ્રાપ્ત કરવાનો છે માટે જાગૃતિ પણ આપણે રાખવી જોઈએ. પરમ તત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક-૫૫માં કહ્યું છે કે, "કર્મ એ જડવસ્તુ છે. જે જે આત્માને એ જડથી જેટલો જેટલો આત્મબુદ્ધિએ સમાગમ છે, (એટલે કે છોકરા રમાડવા તે રાગ છે પણ છોકરાને પોતાના માનવા તે મોહ છે) તેટલી તેટલી જડતાની એટલે અબોધતાની તે આત્માને પ્રાપ્તિ હોય, એમ અનુભવ થાય છે. આશ્ચર્યતા છે, કે પોતે જડ છતાં ચેતનને અચેતન મનાવી રહ્યાં છે." ચેતન ચેતનભાવ ભૂલીને જડને તથા જડના નિમિત્તથી થતાં વિકારોને પોતાનું સ્વરૂપ માને છે. મુમુક્ષુની દૃષ્ટિ એવી હોવી જોઈએ કે હું જે કાંઈ સમજીશ તે મારા આત્માના કલ્યાણ

માટે જ સમજીશ. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ જ્ઞાનની વ્યાખ્યા કરતા કહ્યું છે કે જ્ઞાન તેનું નામ કે જેનાથી આત્મામાં ગુણ પ્રગટે, મૈત્રી આદિ ભાવ પ્રગટે, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટે તેનું નામ જ્ઞાન. અને જો ઘણું બધું જાણે પરંતુ રત્નત્રયની પ્રાપ્તિ ન થાય, આત્મશાંતિની પ્રાપ્તિ ન થાય તો તે સાચું જ્ઞાન નથી. જ્ઞાનીનું લક્ષણ જ સમતા, શાંતિ, નિઃશંકતા, નિર્ભયતા, નિઃસ્પૃહતા અને વિશ્વપ્રેમ છે. કોઈ જ્ઞાનીને હું જ્ઞાની છું એટલે વિશ્વપ્રેમ કરવો પડે એમ નથી. એ તો તેમને સહજ હોય છે. જેમ તમને અંદરથી દીકરા પ્રત્યે લગાવ રહ્યા કરે છે, તેમ જ્ઞાનીને અંદરથી જ્ઞાનનો લગાવ રહ્યા કરે છે. જ્ઞાની રાજા પણ હોય, વ્યાપારી પણ હોય પરંતુ તેને તેનો લગાવ હોતો નથી. જો કે આ કાળે મોટા ભાગે જ્ઞાની વિરક્ત હોય, અર્ધત્યાગી હોય તથા કોઈ અપવાદરૂપે ગૃહસ્થ પણ હોય કારણકે આ કાળે બધા પરિબળો વિપરીત છે. આ કાળમાં સાધકે ગૃહસ્થાશ્રમમાં રહીને આત્મજ્ઞાન પ્રગટ કરવાની ઇચ્છા કરવી તે લગભગ નહીં બનવા જોગ છે. અત્યારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધું વિપરીત છે. જેણે આત્મજ્ઞાન પ્રગટ કરવાનો આ ભવમાં નિર્ણય કર્યો હોય, તેણે યથાશક્તિ યોગ્ય દ્રવ્ય, યોગ્યક્ષેત્ર, યોગ્યકાળ અને યોગ્યભાવને સેવી આત્મકલ્યાણ કરવું જોઈએ.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

## પરમ ધ્યાન

(પાના નં. ૨૯ પરથી ચાલુ...)

અસ્તિત્વનો ખ્યાલ આવ્યો. બાકી હું તો આ પહાડોમાં, પક્ષીઓમાં, વૃક્ષોમાં, પ્રકાશમાં, છાયામાં ખોવાઈ ગયો હતો. હવે તમે...'' અને વળી તેણે ત્યાં પથરાયેલી પ્રકૃતિ સાથે અનુસંધાન કરી લીધું.

પળવારમાં તો એ પહાડનાં ઉન્નત શિખરો સાથે, તેના ઉપર પથરાતા પ્રકાશ સાથે, વૃક્ષોની વિસ્તરતી છાયાઓ સાથે, વનની વહેતી હવાઓ સાથે, ખીણમાં વિસ્તરેલી વનસ્પતિ સાથે અને પક્ષીઓના કલરવ સાથે તદ્રૂપ થઈ ગયો અને વળી પાછો ખોવાઈ ગયો.

ધ્યાનનું આ બહુ ઊંચું શિખર છે. તેમાં સ્વયંના સ્વતંત્ર અસ્તિત્વનો ખ્યાલ સુદ્ધાં ઓગળી જાય છે અને પછી વર્તે છે કેવળ સમષ્ટિનું અસ્તિત્વ, જેનામાં સર્વ સમાઈ જાય છે, જે અદ્યાપિ પર્યંત અજ્ઞેય જ રહ્યું છે. તેમ છતાંય વિવિધ નામે તેનો ઉલ્લેખ થતો રહ્યો છે. આ છે પરમ ધ્યાન. એમાં સ્વયંનું અસ્તિત્વ, પરમ અસ્તિત્વ - પરમાત્માથી ભિન્ન નથી રહેતું.

• • •

## શ્રી સદ્ગુરુપ્રસાદ

(પાના નં. ૬ પરથી ચાલુ...)

પુરુષાર્થજાગૃતિ અર્થે લખ્યું છે. અનુકૂળ સંયોગમાં તો જીવને કંઇક ઓછી જાગૃતિ હોય તોપણ વખતે હાનિ ન થાય, પણ જ્યાં આવા પ્રતિકૂળ યોગ વર્તતા હોય ત્યાં અવશ્ય મુમુક્ષુ જીવે વધારે જાગ્રત રહેવું જોઈએ, કે જેથી તથારૂપ પરાભવ ન થાય; અને તેવા કોઈ પ્રવાહમાં ન તણાઇ જવાય. વર્તમાનકાળ દુષમ કહ્યો છે છતાં તેને વિષે અનંત ભવને છેદી માત્ર એક ભવ બાકી રાખે એવું એકાવતારીપણું પ્રાપ્ત થાય એવું પણ છે. માટે વિચારવાન જીવે તે લક્ષ રાખી, ઉપર કહ્યા તેવા પ્રવાહોમાં ન પડતાં યથાશક્તિ વૈરાગ્યાદિ અવશ્ય આરાધી સદ્ગુરુનો યોગ પ્રાપ્ત કરી કષાયાદિ દોષ છેદ કરવાવાળો એવો અને અજ્ઞાનથી રહિત થવાનો સત્ય માર્ગ પ્રાપ્ત કરવો. મુમુક્ષુ જીવમાં શમાદિ કહ્યા તે ગુણો અવશ્ય સંભવે છે; અથવા તે ગુણો વિના મુમુક્ષુતા ન કહી શકાય. નિત્ય તેવો પરિચય રાખતાં, તે તે વાત શ્રવણ કરતાં, વિચારતાં, ફરી ફરીને પુરુષાર્થ કરતાં, તે મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે. તે મુમુક્ષુતા ઉત્પન્ન થયે જીવને પરમાર્થમાર્ગ અવશ્ય સમજાય છે.

• • •

પરમનો સ્પર્શ - ૧૦૪

# ક્રોધ : અવગુણોની ખીચડી

**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**

વ્યક્તિ ક્રોધ કરે, સામેની વ્યક્તિને અપશબ્દો કહે, એને શારીરિક ઈજા પહોંચાડે, બેફામ બનીને એના પર આક્ષેપોનો મારો ચલાવે અને પછી એ એની હાથ જોડીને ક્ષમા માગે એટલે એમ માનવામાં આવે છે કે બસ, હવે વાત પૂરી થઈ ગઈ છે. પરંતુ હકીકતમાં ક્રોધ અને ક્ષમા, એ બંને અલ્પવિરામ છે, પૂર્ણવિરામ નથી. કારણ કે ફરી ક્રોધની પરિસ્થિતિ ઊભી થતાં આ વ્યક્તિ એવું જ વર્તન કરશે. આથી પ્રાયશ્ચિત્તનો મહિમા હોય તે જરૂરી છે, ક્ષમાભાવ રાખવો તે આવશ્યક છે, પરંતુ એનો એક અર્થ એ છે કે જ્યારે તમે ક્રોધનું પ્રાયશ્ચિત્ત કરો, ત્યારે તમારા ચિત્તમાં ફરી એ પ્રકારે ક્રોધ નહીં કરવાનો દૃઢ સંકલ્પ હોવો જોઈએ અને એ પ્રકારે વ્યક્તિની જાગૃતિ અને વર્તન હોવાં જોઈએ.

માત્ર ભૂલનો એકરાર એ પૂરતો નથી, પરંતુ એ એકરાર એવો હોવો જોઈએ કે ફરી એ ભૂલ અને એકરારનું પુનરાવર્તન થવું જોઈએ નહીં. જૈન સમાજમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વના અંતે સંવત્સરીના દિવસે બધા પરસ્પરની ક્ષમા માગે છે, પરંતુ એ 'મિચ્છા મિ દુક્કડમ્'નો અર્થ એ છે કે એક વાર જે દોષને માટે પશ્ચાત્તાપ કર્યો, એક વાર જે ભૂલને માટે ક્ષમાપના માગી, એક વાર જે પાપને માટે પ્રાયશ્ચિત્ત કર્યું એવો દોષ, એવી ભૂલ કે એવું પાપ કરવાથી હંમેશાં દૂર રહીશું એવો નિશ્ચય કરવો. આથી જ 'શ્રી આવશ્યક નિર્યુક્તિ' નામના ગ્રંથમાં કહ્યું છે, 'સાધક જો પાપ પ્રત્યે એક વખત 'મિચ્છા મિ દુક્કડમ્' દઈને જો તે ફરી પાપનું સેવન કરે, તો એ દેખીતી રીતે જ જૂઠું બોલે છે. દંભની જાળ રચે છે.'

વ્યક્તિના જીવનમાં ક્રોધનું કેવું વણથંભ્યું ચગડોળ ઘૂમતું હોય છે તે જોવા જેવું છે. મહંમદ પયગંબરે કહ્યું છે કે બળવાન તે નથી કે જે બીજાઓને જમીન પર પછાડી દે છે. બળવાન એ છે કે જે પોતાના ગુસ્સા પર કાબૂ રાખે છે. 'આ ગુસ્સા પરનો કાબૂ' એ શબ્દો સમજવા જેવા છે. વારંવાર ગુસ્સે થતી વ્યક્તિ એનાં માઠાં પરિણામો જોઈને 'હવે પછી મારા ગુસ્સા પર કાબૂ રાખીશ' એવો નિશ્ચય કરે છે અને આ નિશ્ચય પ્રમાણે અગાઉ જે બાબત અંગે ગુસ્સે ભરાતો હતો, તે જ બાબત કે એ જ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે થોડીવાર શાંત રહેવાની કોશિશ કરે છે, કારણ કે ગુસ્સા પર કાબૂ રાખવાનો એણે નિર્ણય લીધો છે. પરંતુ થોડોક સમય પોતાની જાતને અને પોતાના મનને સંભાળી લીધા બાદ એના ક્રોધનો જ્વાળામુખી ભભૂકી ઊઠે છે અને પહેલાં જે રીતે ક્રોધ કરતો હતો, એ જ રીતે ક્રોધ કરે છે. મનમાં એ પોતાની જાતને એવી રીતે છેતરે છે કે પોતે તો એવી પાકી ગાંઠ વાળી હતી કે ગમે તે થાય, તો પણ ક્રોધ ન કરવો, પરંતુ કરીએ શું ? ઘણું ધૈર્ય રાખ્યું પછી ના છૂટકે ક્રોધ કરવો પડ્યો ! સહનશક્તિની પણ મર્યાદા હોય ને ! આમ, ક્રોધની સાથે એની માયાવી પ્રકૃતિનું જોડાણ થાય છે ! પરિણામ એ આવે છે કે એ વારંવાર ક્રોધ કરે છે અને છતાં માને છે કે એણે એના પર અંકુશ મેળવી લીધો છે. આ રીતે વારંવાર ક્રોધ કરવાની અને વારંવાર પશ્ચાત્તાપ લેવાની પરંપરા ચાલ્યા કરે છે.

દારૂની આદત ધરાવતો પતિ એની પત્ની આગળ દારૂ પીધા પછી દારૂ નહીં પીવાના સોગન લે છે અને ફરી સંજોગો જાગતાં દારૂ પીએ છે, એ

જ રીતે ક્યારેય ગુસ્સે નહીં થવાનું કહેનાર વ્યક્તિ ગુસ્સો કર્યા પછી ફરી 'ક્યારેય ગુસ્સો નહીં કરું' એવા શબ્દો પ્રયોજે છે અને પુનઃ પ્રતિકૂળ પરિસ્થિતિ સર્જાતા ફરી એ જ ભૂલ કરે છે.

જગત પોતાની ધારણા મુજબ ચાલવું જોઈએ એમ માનનારી વ્યક્તિઓ એમની ઇચ્છા પ્રમાણે થાય નહીં, ત્યારે ગુસ્સે થતી હોય છે. એ તરત જ જોરથી બૂમ પાડીને કહેશે કે 'મને આ ગમતું નથી', 'મારી સાથે રહેવું હોય તો આ ચાલશે નહીં', 'વારંવાર કહી ચૂક્યો છતાં તારામાં બુદ્ધિ ક્યારે આવશે ?', 'હે, ભગવાન, તારા જેવા છોકરાથી હું પરેશાન થઈ ગયો', 'સાવ બળદ જેવો છે, પાંચ વર્ષથી નોકરી કરે છે, પણ તારામાં બુદ્ધિ ક્યારે આવશે ?'

આ બધી બાબતોમાં કેન્દ્રભૂત બાબત એ છે કે તમારી ઇચ્છા મુજબ વ્યક્તિ વર્તન કે કામ કરતી નથી અને તેથી તમારો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠે છે. અન્ય વ્યક્તિ તમે ઇચ્છો તેવી ન હોય, તેથી તમે ગુસ્સે થાવ છો તો તમારે એ વિચારવું જોઈએ કે તમે પોતે ઇચ્છો એવા પણ ક્યાં તમે થઈ શકો છો ?

તમારી જાત વિશેની તમારી ધારણાઓ હજુ કેટલી અધૂરી છે ! તમને મોટા ઉદ્યોગપતિ, કંપનીના માલિક કે ઊંચા પદ-પ્રતિષ્ઠા પામવાની ઇચ્છા છે, છતાં તમે એ પામી શક્યા છો ખરા ? જો તમે જ તમારી જાતને ઇચ્છો તેવી બનાવી શકતા ન હો તો, તમારા પ્રમાણે બીજી વ્યક્તિ એની જાતને, વ્યક્તિત્વને કે અસ્તિત્વને ગોઠવે એવી આશા કઈ રીતે રાખી શકાય ?

પણ આ સમયે તમારો અહંકાર બોલતો હોય છે. 'મારા કહ્યા પ્રમાણે થવું જોઈએ', 'હું ઇચ્છું છું તે પ્રમાણે જ સહુએ ચાલવું જોઈએ' એમાં થોડી ય ક્ષતિ, દોષ કે ભૂલ થાય એટલે એના પર ક્રોધ કરવાનો મારો જન્મસિદ્ધ અધિકાર છે. ક્રોધના મૂળમાં રહેલા આવા અહંકાર વિશે સંત કબીરે માર્મિક રીતે કહ્યું છે,

કોટિ કરમ લાગે રહૈ, એક ક્રોધ કી લાર;
ક્રિયા કરાયા સબ ગયા, જબ આયા હંકાર.

'એક ક્રોધના સબંધમાં કરોડો પાપકર્મ સંલગ્ન હોય છે, જેમકે મનમાં અહંકાર આવે તો સમજો કે અત્યાર સુધી કરેલાં અને કરાવેલાં બધાં જ ધર્મ અને કર્મ નાશ પામે છે.'

અહંકાર એ વ્યક્તિત્વનો નાશક છે અને તેથી જ રાવણ કે દુર્યોધનના ક્રોધના મૂળમાં એમનો પ્રચંડ અહંકાર હતો. હિટલરની ક્રૂરતાના મૂળમાં ચડિયાતાપણાનો ગર્વ રહેલો છે. સરમુખત્યારો એમના આ અહંકારને ક્રોધ રૂપે પ્રગટ કરતા હોય છે અને પછી પોતાને અણગમતા કે પ્રતિકૂળ માણસને ક્રૂરતાથી રહેંસી નાખતા હોય છે.

આ ક્રોધમાં પહેલાં માણસનું મુખ ઊઘાડું રહે છે અને આંખો બંધ રહે છે અર્થાત્ એ સામી વ્યક્તિ પર અપશબ્દોનો વરસાદ વરસાવે છે, પછી એના ગુસ્સાની ગરમી વ્યાપે છે અને એને વિશે નિંદાત્મક વચનો બોલે છે. બેફામ વાણી પ્રવર્તે છે અને વિવેકરૂપી આંખ મીંચી દે છે. આ બાબતને સંત કબીરે બહુ માર્મિક રીતે વર્ણવી છે કે અપશબ્દ એ અંગાર છે, ક્રોધ કરમી (આંચ) છે, પરનિંદા ધુમાડો છે - એ ત્રણેયને જે બિલકુલ ત્યાગી દે, એ જ સાધુ કહેવાને યોગ્ય છે. અપશબ્દો અને નિંદા એ ક્રોધની પ્રિય સખીઓ છે.

તમારી નજર સમક્ષ તમારી જ બે તસવીર મનમાં ક્લીક કરો. પહેલી તસવીર છે લગ્નમંડપમાં ચહેરા પર સૌમ્યતા ધારણ કરીને તમે બિરાજમાન હો અથવા તો કોઈ સભામાં મુખ પર સ્મિત લાવીને કોઈની સાથે હાથ મિલાવતા હો અથવા તો કોઈ કૉમેડી ફિલ્મ કે સિરિયલ જોઈને તમે ખડખડાટ હસતા હો. આમાંથી કોઈ પણ એક પ્રસંગની તમારી તસવીર લો અને એની સામે અત્યંત ક્રોધાયમાન

**(અનુસંધાન પાના નં. ૧૬ પર...)**

श्री पूज्यपाद आचार्य विरचित

# समाधितंत्र - अमृतरसपान

(क्रमांक - ६३)

**प्रा. चंदाबहेन वी. पंचाली (बोटाद)**

"સત્યધર્મી, અધ્યાત્મમર્મી, અલ્પકર્મી એવા પરમકૃપાળુદેવ વિશ્વને ભગવાન મહાવીરસ્વામીનો સત્યમાર્ગ દર્શાવી અવનિને પાવન કરી ગયા. તેઓશ્રીની સમાધિમંગલમય સરસ્વતી લખે છે, "અહો જ્ઞાની ! અહો તેની ગવેષણા ! અહો તેમનું ધ્યાન ! અહો તેમની સમાધિ ! અહો તેમનો સંયમ! અહો તેમનો અપ્રમત્ત સ્વભાવ ! અહો તેમની પરમ જાગૃતિ ! અહો તેમનો વીતરાગ સ્વભાવ ! અહો તેમનું નિરાવરણ જ્ઞાન ! અહો તેમના યોગની શાંતિ ! અહો તેમના વચનાદિ યોગનો ઉદય ! અહો જ્ઞાની પુરુષની આશય ગંભીરતા ધીરજ અને ઉપશમ ! અહો ! અહો ! વારંવાર અહો !.... વિષમભાવના નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયા છતાં જે જ્ઞાની પુરુષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્તે છે અને ભવિષ્યકાળે વર્તે તે સર્વને વારંવાર નમસ્કાર." પરમકૃપાળુદેવની અધ્યાત્મ ગરિમાને આપણા નતમસ્તકે નમસ્કાર અને વંદન. અધ્યાત્મના પરમોચ્ચ શિખરને ભાવપૂર્ણ પ્રણામ.

શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત 'સમાધિતંત્ર'માં સાધકની અધ્યાત્મ ઊંચાઈને પહોંચવાની ચાવી છે. એક એક ગાથાઓમાં યોગ્યતાના માળાના મણકા સમાન બને છે. આપણે શ્લોક ૩૭માં અભ્યાસ કર્યો કે અનાદિથી અવિદ્યાનો અભ્યાસ છે, તેના સંસ્કારો પણ પરાધીન છે તેથી મન વિક્ષેપ પામે છે. તે જ મન ભેદજ્ઞાનમાં સંસ્કારોથી સ્વતઃ સ્વયંમાં સ્થિતિ પામે છે. માટે સાધકે ભેદજ્ઞાનની પ્રજ્ઞાછીણીથી ગ્રંથિ ભેદ કરવો. હવે શ્લોક - ૩૮માં લખે છે,

**अपमानादयस्तस्य विक्षेपो यस्य चेतसः ।**

**नापमानादयस्तस्य न क्षेपो यस्य चेतसः ॥३८॥**

**અન્વય :**

यस्य चेतसः विक्षेपः तस्य अपमानादयः

यस्य चेतसः क्षेपः न तस्य अपमानादयः न ।

**શબ્દાર્થ :** यस्य चेतः = જેના મનમાં, विक्षेपः = રાગાદિ પરિણામ, तस्य = તેને, अपमानादयः = અપમાનાદિ, यस्य चेतसः = જેના મનમાં, क्षेपः न = રાગાદિ પરિણામ થતાં નથી, तस्य = તેને, अपमानादयः = અપમાન આદિ, न = થતાં નથી.

**ભાષાન્તર :** જેનું મન વિક્ષેપ પામે છે તેને અપમાનદિ હોય છે. જેનું મન વિક્ષેપ પામતું નથી તેને રાગાદિ, અપમાન આદિ થતાં નથી.

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્યની સરળ છતાં ઓજપ્રધાન શૈલી લાઘવગુણ સંપન્ન છે. કહો વૈદર્ભી શૈલી છે. વાચક મધુરતાથી રસપાન કરી શકે છે. તત્ત્વને પામી શકે છે. ભવાન્ત પામી શકે છે. જેના મનમાં વિક્ષેપ થાય છે અર્થાત્ જેનું મન રાગ-દ્વેષ આદિ અનેક વિકલ્પ કરતું હોય છે તેને અપમાન આદિ ભાવો ચિત્તતંત્ર પર જન્મે છે. મનમાં વિક્ષેપ થાય તેથી અપમાન આદિ થાય તેની અસર રહે છે. માન ઘવાતું લાગે, કોઈની ઈર્ષા થાય. પોતાનું મહત્ત્વ ન સચવાય તો વિપરીત વિકલ્પો આવ્યા કરે. સાથે સાથે નવા કર્મનું બંધન થાય છે. ચાર ગતિ ઊભી રહે છે. ભવભ્રમણ ચાલુ રહે છે.

રાગાદિ ભાવથી જેનું ચિત્ત વિક્ષિપ્ત રહે છે, વિષયકષાયોથી જેનું ચિત્ત ચંચળ થાય છે તેને બાહ્ય પરિસ્થિતિ ક્ષોભ પમાડે છે. સંયોગોથી તે ચલિત થાય છે. પાતળી કાચની બરણીની માફક ચિત્તમાં વ્યાકુળતાની તિરાડ પડે છે. માન સમયે અહંથી

આવૃત્ત થાય છે. અપમાન થતાં ચિત્ત વ્યગ્ર બને છે. સામાન્ય વિવેક પણ ખોઈ બેસે છે. જીવ જો ભેદજ્ઞાનથી સમજે છે કે હું માન-અપમાનથી ભિન્ન છું, આ તો કર્મનો ખેલ છે, હું તો સ્વભાવથી સમતા-સભર છું, સંસારમાં શુભ-અશુભ કર્મના સંજોગો આવે જાય ત્યારે વિક્ષિપ્ત ચિત્તવાળો તેમાં ભળી જાય છે. તેમાં ખોવાઈ જાય છે. પણ જીવને કાંઈક અંશેપણ બોધનું શ્રવણ થયું હોય વિચારે કે માન-અપમાનાદિથી હું ભિન્ન છું. હું તો નિશ્ચળ સ્વરૂપ શુદ્ધાત્મા છું. ભેદજ્ઞાનથી આત્મસિદ્ધિ સાધવાથી પરમ શાંતિનો અનુભવ થાય છે.

માન-અપમાન દેહાધ્યાસનું ફળ છે. દેહાદિને જે અનુકૂળ થાય તેને મિત્ર માને છે. પ્રતિકૂળ થાય તેને શત્રુ માને છે. બહારના શત્રુ મિત્ર તો ઘણા દૂર છે. ભીતરમાં રહેલા કષાયાદિ, વિષયની વાસનાદિ શત્રુ છે. તેનાથી મુક્ત થા. માન-અપમાનની, કષાયોની જડ તે વિક્ષેપિત મન છે. એ મન ભેદજ્ઞાનના આંતરિક બળથી જડ-મૂળથી નાશ પામશે. સમત્વભાવનો આવિષ્કાર થશે.

પરમકૃપાળુદેવ 'અપૂર્વ અવસર' ગહન પદમાં પ્રકાશે છે,

"શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન-અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,
ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?"

જ્ઞાની ધર્માત્માને શત્રુ કે મિત્ર બંને પ્રત્યે સમતા છે. કોઈ પુષ્પહારથી માન આપે કે અપમાનદાયક શબ્દોથી નિંદા કરે પણ જ્ઞાનીએ તો સમતાને હસ્તગત કરી છે. જન્મમરણ કે ભવની પરિપાટી થાય કે મોક્ષની પ્રાપ્તિ થાય - જ્ઞાનીએ સમતાભાવને સ્વમાં સ્થાપી દીધો છે. તેથી આઠે પહોર આનંદ છે. સમભાવમાં વર્તે છે.

સત્ સાધિકા ગંગાસતીની વાણી છે,

"માન રે મૂકીને તમે આવો રે મેદાનમાં પાનબાઈ,
પટોળે પાડી દઉં બીજી ભાત રે ?" પદમાં ગંભીરતા ભરી છે છતાં સરળ ભાષામાં અધ્યાત્મનો આરાધ જગાડી શકાય તો પાર પામી જવાય તેવું સામર્થ્ય આ પદમાં જણાય છે. અનુભવાય છે.

**વિશેષાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્યદેવે સમાધિતંત્રના ૧૦૫ શ્લોકમાં સિદ્ધત્વ દશા સુધી રાજમાર્ગ સ્પષ્ટ કર્યો છે. એક સત્પુરુષને શોધી લે, પછી સર્વ ભાવ અર્પણ કર, તેઓની આજ્ઞા પ્રમાણે વર્તવાનું, તો સિદ્ધદશા હાજરાહજુર છે, એવી રીતે એક સમાધિતન્ત્રને શોધીને માર્ગ બતાવ્યો છે તે પ્રમાણે ચાલતા રહેવું - સિદ્ધત્વની પ્રાપ્તિ અચૂક થશે. એવા વિશુદ્ધ ગ્રંથના શ્લોક-૩૮માં સમભાવની સાધના આચાર્યદેવે દર્શાવી છે. માન અપમાન આદિમાં જે જીવે છે તેને મનમાં વિક્ષેપ રહ્યા કરે છે. જે ભેદજ્ઞાનના અભ્યાસથી પર થયા છે તેને વિભાવોથી ચંચળતા થતી નથી.

(૧) अपमानादयः विक्षेपः न = જેને રાગાદિ પરિણામ વિક્ષેપ કરતાં નથી તે સમત્વમાં રહી શકે છે. માન-અપમાન-સ્તુતિ-નિંદા-અસંતોષ અને સંતોષ બધાથી મુક્ત રહી શકે છે. પરમકૃપાળુદેવ કહે છે કે જગતમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત. અતિ ગંભીર સમાધિભાષા છે. જેને માનમાં તુષ્ટિ થાય છે તે અપમાનમાં નાખુશ પણ થશે. શ્રીમદ્ ભગવદ્ગીતા અધ્યાય-૧૨માં ભક્તની શું ભાવના હોય ? ભક્ત કેવો હોય તે માટે લખે છે :

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ।
शुभाशुभ परित्यागी भक्तिमान्यः स मे प्रियः ॥
सम शत्रौ च मित्रे च तथा मानपमानयोः ।
शीतोष्णसुखदुःखेषु समः सङ्ग विवर्जितः ॥

રાગદ્વેષમાં રમતો નથી. હર્ષશોકથી પર છે. શુભ-અશુભ ભાવોનો પરિત્યાગી થયો છે. શત્રુ અને

મિત્ર, માન અને અપમાન, સુખ અને દુઃખમાં સમભાવે વર્તે છે તે ભક્ત મને પ્રિય છે. તેને માન અપમાનથી મનમાં વિક્ષેપ થતો નથી.

(૨) अपमानादयः न = જેનું મન અપમાન આદિમાં વિક્ષેપ પામતું નથી તે સ્થિર રહે છે. પ્રત્યેક સંયોગોમાં તે સમભાવે વર્તે છે. સ્વ મહત્ત્વનું ખંડન થાય, અવજ્ઞા થાય તેમાં સમત્વ રહે છે. ઈર્ષાભાવ, માત્સર્યભાવથી ભેદજ્ઞાની મુક્ત છે. બાહ્ય વિભાવ ભાવો એ મારું સ્વરૂપ નથી. હું શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય આત્મા છું. સ્વયં પુરુષાર્થી બની કાર્યસિદ્ધિ સાધે છે.

''જ્ઞાની પુરુષની દેશના છે કે ''જ્ઞાનભાવના છોડીને અજ્ઞાનથી જે જીવ પર સંયોગમાં માન-અપમાનની બુદ્ધિ કરે છે તે અજ્ઞાની છે. જેને જ્ઞાન સ્વભાવની ભાવના નથી એવા અજ્ઞાનીને જ બાહ્ય દૃષ્ટિથી એકાન્ત માન-અપમાનરૂપ પરિણમન થાય છે. જ્ઞાન સ્વભાવની ભાવનામાં જ્ઞાનીને જ્ઞાનનું જ પરિણમન થાય છે. માન-અપમાન રૂપ પરિણમન થતું નથી. જરાક રાગ-દ્વેષની વૃત્તિ થાય ત્યાં તે વૃત્તિને પણ જ્ઞાનથી ભિન્ન રૂપ જ જાણે છે ને જ્ઞાન સ્વભાવની ભાવના વડે જ્ઞાનની અધિકતા રૂપે પરિણમે છે'' બાહ્ય પરિણમનથી મુક્ત છે.

શ્રી તારણ સ્વામી 'ઉપદેશ શુદ્ધસાર' શ્લોક ૭૬માં સમજાવે છે કે परम शुद्ध सम्यग्दर्शन उसे कहते है जहाँ निर्मल स्वभावसे आत्माको शुद्ध भावकर्म द्रव्यकर्म, नोकर्मसे भिन्न श्रद्धानमें लाया जावे तथा संसारमें राग व द्वेष व भेदोंका जहाँ त्याग किया जावे । બધા વિભાવભાવોથી સમભાવમાં સ્થિતિ હોય તેને મન વિક્ષેપિત કરતું નથી.

સદ્‌ગુરુના યોગમાં જીવની દેહદૃષ્ટિ ટળી આત્મદૃષ્ટિ થાય છે. પછી શત્રુ-મિત્ર, માન-અપમાન, સુખ દુઃખ આદિ સંસારીભાવોથી વિક્ષેપ પામતો નથી. કારણકે આત્માને હાનિ કરનાર ભાવોને ઓળખી તેથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. પોતાને દેહથી ભિન્ન જ્ઞાતા, દૃષ્ટા, અવિનાશી, અસંગ સ્વરૂપે જે માને છે તેને દેહના સગા, શત્રુ, મિત્ર આદિનું મનમાં રહેતું નથી. તે ગમે તેમ બોલે કે વર્તે તે પ્રત્યે તે આકર્ષાતો નથી. અપમાન માનતો નથી, અહંકાર કરતો નથી, કીર્તિની મધ-લાલસામાં લલચાતો નથી. મનને વશ કર્યું છે તેથી આત્મભાવને પ્રધાનતા આપી સ્વમાં રહેવાનો પુરુષાર્થ કરે છે. આત્મભાવને પ્રધાનતા આપી સ્વમાં રહેવાનો પુરુષાર્થ કરે છે. સદ્‌ગુરુ યોગમાં જીવની પાત્રતા અગ્ર ક્રમે સધાય છે, જેથી બધા બાહ્ય વિષય-કષાયોથી મુક્ત થઈ આત્મામાં રહેવાય છે.

પૂજ્ય બેનશ્રી ચંપાબેન વચનામૃત બોલ ૪૫માં લખે છે કે ''અંતરના તળિયા તપાસીને આત્માને ઓળખ - શુભ પરિણામ, ધારણા વગેરેનો થોડો પુરુષાર્થ કરી 'મેં ઘણું જ કર્યું છે' એમ માની જીવ આગળ વધવાને બદલે અટકી જાય છે. અજ્ઞાનીને જરાક કાંઈક આવડે, ધારણાથી યાદ રહે, ત્યાં તેને અભિમાન થઈ જાય છે; કારણકે વસ્તુના અગાધ સ્વરૂપનો તેને ખ્યાલ જ નથી. તેથી તે બુદ્ધિના ઉઘાડ આદિમાં સંતોષાઈ, અટકી જાય છે. જ્ઞાનીને પૂર્ણતાનું લક્ષ હોવાથી તે અંશમાં અટકતો નથી. પૂર્ણ પર્યાય પ્રગટ થાય તો પણ સ્વભાવ હતો તે પ્રગટ્યો તેમાં નવીન શું ? તેથી જ્ઞાનીને અભિમાન થતું નથી.''

- 'અપમાન આદિ તે માને, વિક્ષેપી મન જેમનું;
  અપમાનાદિ ના લેખે, અક્ષુબ્ધ મન જેમનું.'
  
  **- પૂ. બ્રહ્મચારીજી**
- 'અપમાનાદિક તેહને, જસ મનને વિક્ષેપ;
  અપમાનાદિ ન તેહને, જસ મન નહિ વિક્ષેપ.'
  
  **- શ્રી છોટાલાલભાઈ ગાંધી**
- उद्विग्न क्षोभमय जो नित हो रहा है
  मानापमान उसके मन में बसा है ।
  सद्धर्म – लीन जब जो मुनि वीतराग
  क्यों द्रोह मोह उनमें फिर रोष राग ? ॥
  
  **- આચાર્ય પૂ. વિદ્યાસાગરજી મહારાજ**

**(ક્રમશઃ)**

## પરમ પૂજ્ય શ્રી અમિતગતિ આચાર્ય વિરચિત
# સામાયિક પાઠ (દ્વાત્રિંશતિકા)
### એક અનુચિંતન

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

(આધાર : પ.પૂ. ગણાચાર્યશ્રી ૧૦૮ વિરાગસાગરજી મહારાજની પુસ્તિકા તથા પૂજ્યશ્રીના સ્વાધ્યાય)

**(શ્લોક - ૫)**

**एकेन्द्रियाद्या यदि देव ! देहिनः,**
**प्रमादतः संचरता इतस्ततः ।**
**क्षता विभिन्ना मिलिता निपीडिताः**
**तदस्तु मिथ्या दुरनुष्ठितं तदा ॥५॥**

**अन्वयार्य :** देव = હે ભગવાન; यतस्ततः = અહીં તહીં; संचरता = વિચરતા; यदि = કદાચ; एकेन्द्रियाद्या = એકેન્દ્રિય આદિ; देहिनः = પ્રાણીનો; क्षता = નાશ થઈ ગયો હોય; विभिन्ना = જુદા થઈ ગયા હોય; मिलिता = મળી ગયા હોય; निपीडिताः = ત્રાસ મળ્યો હોય; तदा = તો; तत् = તે; दुरनुष्ठितं = પાપ, દુષ્કૃત; मिथ्या = નિષ્ફળ; अस्तु = થાઓ.

**● ગુજરાતી પદ્યાનુવાદ :**

પ્રમાદથી પ્રયાણ કરીને, વિચરતા પ્રભુ અહીં તહીં,
એકેન્દ્રિયાદિ જીવને હણતાં કદી ડરતો નહીં;
છેદી વિભેદી દુઃખ દઈ મેં ત્રાસ આપ્યો તેમને,
કરજો ક્ષમા મુજ કર્મ હિંસક નાથ વીનવું આપને.

**● ભાવાનુવાદ - ગદ્ય :**

હે ભગવાન ! પ્રમાદથી અહીં તહીં વિચરતાં, મારાથી એકેન્દ્રિય આદિ જીવો સમૂહથી અલગ પડી ગયા હોય, અથવા બીજા સમૂહમાં મેળવી દીધા હોય, અથવા તેઓને ત્રાસ-પીડા થઈ હોય તો તે મારું દુષ્કૃત-પાપ કર્મ મિથ્યા થાઓ એવી હું આપને વિનંતી કરું છું.

**● વિશેષાર્થ :**

પાપકર્મોથી બચવા માટે તથા આત્મ-સ્થિરતાના વિકાસ માટે મુનીશ્વરોને પાંચ મહાવ્રત પાળવાની આજ્ઞા કરવામાં આવેલી છે. તે પાંચ વ્રત આ પ્રમાણે કહ્યાં છે :

(૧) અહિંસા, (૨) સત્ય, (૩) અચૌર્ય, (૪) બ્રહ્મચર્ય, (૫) પરિગ્રહત્યાગ.

જો કે વ્રત પાંચ છે પણ અહિંસા મહાવ્રતમાં બાકીના ચારેયનો સમાવેશ થઈ જાય છે.

### -: અહિંસા :-

આપણને કોઈ દુઃખ કે ત્રાસ આપે તે ગમતું નથી તો આપણે પણ કોઈને દુઃખ થાય તેવું કરવું નહીં.

(૧) आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।

(૨) अप्रादुर्भाव खलु रागादिनां भवति अहिंसा इति ।
तेषामेवोत्पत्ति हिंसा इति जिनागमस्य संक्षेपः ॥

**- શ્રી પુરુષાર્થસિદ્ધિ ઉપાય-૪૪**

**શબ્દાર્થ :** આત્મામાં રાગદ્વેષની ઉત્પત્તિ ન થવી તે જ અહિંસા છે. રાગદ્વેષ થવાં તે જ હિંસા છે એમ જિનાગમ સંક્ષેપમાં ફરમાવે છે.

(૩) अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ।

**શબ્દાર્થ :** અહિંસા મહાવ્રતના પ્રભાવથી સર્વ જીવ (પ્રાણીઓ) પરસ્પર વૈરભાવ, દુશ્મનાવટ ભૂલી જાય છે. હિંસાનો ત્યાગ કરી દે છે. અહીંયા આચાર્યશ્રી સામાયિકમાં પોતાનાથી ભૂલથી પ્રમાદવશ મન, વચન, કાયાથી કોઈ પ્રાણી-જીવને

દુઃખ દીધું હોય તેની ભગવાન પાસે ક્ષમાયાચના કરે છે.

પ્રમાદ વ્રતપાલનનો શત્રુ છે. પાંચેય વ્રતના પાલનમાં મુનિ મહારાજ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરે છે; જેને આગમમાં આઠ પ્રવચનમાતા કહી છે કે જે મુનિ મહારાજનું રક્ષણ કરે છે. આચાર્યશ્રીનું રક્ષણ કરે છે. આચાર્યશ્રી અમિતગતિ મહારાજનો અહીં પરમ વિનય આપણને પ્રભાવિત કરે છે. તેઓ કહે છે કે મારે ચાર હાથ ભૂમિ જોઈને - ઈર્યાસમિતિથી ચાલવું જોઈતું હતું પણ પ્રમાદવશ મારાથી ગમે તેમ ચાલવાથી એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય જીવોને જે દુઃખ, પીડા કે વેદના થઈ હોય અથવા નાશ પામી ગયા હોય તેનો હું પાપી - દેણદાર છું. હું સર્વ જીવ પ્રત્યેનો મૈત્રીભાવ પ્રમાદવશ ભૂલી ગયો અને તેથી નાના મોટા સૌ જીવોને ત્રાસ આપ્યો - તેમની દયા ન આણી અને તેમનું છેદન-ભેદન કરી દીધું. શ્રી બૃહદ્ આલોચના પાઠમાં પણ કહ્યું છે,

હા ! હા ! મૈં દુઠ અપરાધી, ત્રસજીવનરાશિ, વિરાધી,
થાવરકી જતન ન કીની, ઉરમેં કરુણા નહીં લીની.

**- બૃહદ્ આલોચના શ્લોક ૧૮**

- ઈક બે તે ચઉ ઈન્દ્રી વા, મન રહિત સહિત જે જીવા;
  તિનકી નહી કરુના ધારી, નિરદઈ વ્હૈ ઘાત વિચારી.

**- આલોચના પાઠ**

## -: ઉપસંહાર :-

અહીં આચાર્ય જેવા ઉત્કૃષ્ટ સાધક આર્દ્ર હૃદયવાળા બની વિનયપૂર્વક પરમાત્માને પ્રાર્થના કરે છે કે મેં આવા હિંસાના જે ઘોર પાપ કર્યા અને તેથી તીવ્ર કર્મોનું બંધન કર્યું છે તે માફ કરજો. હવે હું આપનું શરણ ગ્રહીને આપની આજ્ઞાપાલન કરવાનો દૃઢ નિશ્ચય કરું છું.

"અશરણ કે તુમ શરણ હો, નિરાધાર આધાર,
મૈં ડૂબત ભવસિંધુ મેં, ખેઓ લગાઓ પાર."

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

## ક્રોધ : અવગુણોની ખીચડી

**(પાના નં. ૧૧ પરથી ચાલુ...)**

બનીને સામી વ્યક્તિ પર તમે તૂટી પડતા હો, તે સમયની તસવીર લો.

ક્રોધ સમયે તમારા ભવાં ચડી ગયા હશે, ચહેરો લાલચોળ બની ગયો હશે. હૃદયનાં ધબકારા વધી ગયાં હશે. હાથ આમતેમ ફંગોળાતા હશે, મુખેથી શબ્દપ્રહાર કરતા હશો અને તમાચાથી, અપશબ્દોથી, લાત મારીને કે મુક્કા મારીને કે પછી હાથમાં જે આવ્યું તે અથવા લાકડી, છરી, તલવાર, બંદૂક જેવાં શસ્ત્ર લઈને તમે ગુસ્સાનું તાંડવનૃત્ય કરતા હશો.

તમારી આ બે છબીને સરખાવો એટલે ખબર પડશે કે ક્રોધ તમારામાં કેવું ભયાનક પરિવર્તન આણે છે. એ માત્ર તમારા મનમાં વસતો નથી, બલ્કે તમારા શરીરના રૂંવેરૂંવે પ્રગટ થતો હોય છે. તમે તમે રહેતા નથી પરંતુ તમારા પર ક્રોધ સવાર થઈ ગયો હોય છે, આથી ક્રોધ એ માત્ર એક અવગુણ નથી. એને તો અવગુણોની ખીચડી કહેવામાં આવે છે. એમાં દ્વેષ છે, દુઃખ છે, ભય છે, તિરસ્કાર છે, અહંકાર છે અને અવિવેક પણ છે. આનો અર્થ જ એ કે ક્રોધ ક્યારેય એકલો આવતી નથી, પરંતુ એની સેના સાથે આવે છે અને તેથી જ છેક ઋગ્વેદ કાળથી આ ક્રોધને કઈ રીતે પરાસ્ત કરવો એની વાત કરવામાં આવી છે. ઋગ્વેદમાં કહ્યું છે કે ક્રોધને નમ્રતાથી પરાસ્ત કરવો.

ભગવાન મહાવીરે પણ ક્રોધને બાળી નાખનારા અગ્નિ સાથે સરખાવ્યો છે. એક વ્યક્તિ માટે કે સાધક માટે સવાલ એ જાગે કે આપણે આ ક્રોધ પર કઈ રીતે કાબૂ મેળવી શકીએ ? **(ક્રમશઃ)**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

## ૧૨ મા તીર્થંકર

## શ્રી વાસુપૂજ્ય ભગવાન સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** ગણિશ્રી દેવચંદ્રજી મહારાજ પ્રસ્તુત સ્તવનમાં બારમા તીર્થંકર ભગાવન શ્રી વાસુપૂજ્ય ભગવાનની દ્રવ્ય પૂજા અને ભાવ પૂજાનું સ્વરૂપ બતાવશે; જેમાં ભાવપૂજાની મુખ્યતા રાખી છે. જો કે તેથી કંઈ દ્રવ્યપૂજાની પ્રધાનતા ઘટી જતી નથી તે સ્વયં દેવચંદ્રજી બીજી ગાથામાં દર્શાવવાના છે. તીર્થંકર ભગવાનની પૂજા, અર્ચના તે શ્રાવકને પ્રતિદિન કરવા યોગ્ય છ આવશ્યકમાં પ્રથમ સ્થાન ધરાવે છે (જુઓ - શ્રી પદ્મનંદિ પંચવિંશતિ-અધ્યાય ૧, શ્લોક ૧૩ અને અધ્યાય ૬, શ્લોક ૭). પ્રતિદિન આવશ્યક આ સુંદર કાર્ય સાધકના જીવનમાં નિયમિતતા, પ્રભુપ્રેમ અને વૈરાગ્ય પણ લાવે છે. વૈરાગ્ય એટલા માટે કે તેટલો સમય તે સંસારલક્ષી કાર્ય અને ભાવોથી દૂર રહે છે - હા, પણ જો તે ભગવાન સાથે પર્યાપ્ત સમય વીતાવે તો ! હડબડીમાં તે આવશ્યક માત્ર નિયમ પૂરો કરવા થાય તો માત્ર સામાન્ય ફળ મળે. પ્રભુની દ્રવ્ય અને ભાવપૂજા તો પ્રભના ગુણગાન અને ગુણચિંતવનનો અમૂલ્ય અવસર છે, જેનો લાભ લઈ મુમુક્ષુ જીવ તો તેનું જે લક્ષ છે - સમ્યગ્દર્શન અને ભવાંતરે મોક્ષ - તે માર્ગે સરળતાથી આગળ વધી શકે છે. પ્રભુનું પૂજન અને સ્તવન તે ભક્તિમાર્ગનો જ એક ઉત્તમ પ્રકાર છે અને પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પોતાના જ અનુભવની વાત કરતાં ફરમાવે છે કે : *"ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે."* આપણા સદ્ભાગ્યે શ્રી દેવચંદ્રજી આવા સર્વોત્કૃષ્ટ ભક્તિમાર્ગને શ્રી વાસુપૂજ્ય ભગવાનની પૂજના દ્વારા આ સ્તવનમાં પ્રસ્તુત કરે છે. તેનાથી આપણે પણ લાભાન્વિત થઈ પ્રભુભક્તિમાં લીન થવા આ સ્તવનમાં પ્રવેશ કરીએ :

**પૂજના તો કીજે રે બારમા જિનતણી રે,**
**જસુ પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ;**
**પરકૃત પૂજા રે જે ઇચ્છે નહીં રે, સાધક કારજ દાવ.**
**- પૂજના૦ ૧**

**શબ્દાર્થ :** જેમને પૂજ્ય સ્વભાવ પ્રગટ્યો છે એવા બારમા જિનેશ્વરની પૂજા કરજો. જો કે તેઓ તો બીજાના તરફથી કરાતી પૂજા કંઈ ઇચ્છતા નથી, તેમ છતાં સાધકના (મોક્ષરૂપી) કાર્ય માટે (પૂજા) પરમ સાધન છે. (બારમા જિનતણી = બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય ભગવાનની; જસુ = જેમને; પરકૃત = બીજાથી કરવામાં આવતું; કારજ = મોક્ષરૂપી કાર્ય; દાવ = સાધન)

**વિશેષાર્થ :** ગણિશ્રી દેવચંદ્રજી મહારાજે પ્રભુના પૂજનથી સ્વયં જે ઉત્કૃષ્ટ ભાવદશાનો અનુભવ કર્યો છે તેવો અનુભવ સર્વને થાય એવા વાત્સલ્ય સાથે એલાન કરે છે કે તમે સૌ પ્રભુભક્તિના રંગમાં રંગાવા માટે બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય ભગવાનની નિયમિતપણે જરૂર પૂજા કરજો. શા માટે ? કારણકે તેમને પૂજ્ય સ્વભાવ પ્રગટ્યો છે. અર્થાત્, અનંત ચતુષ્ટયયુક્ત પૂર્ણ સ્વભાવ પ્રગટવાથી પ્રભુ સર્વોત્કૃષ્ટ એવું પરમાત્મપદ પામ્યા છે. તેથી તેઓ સર્વ મોક્ષાર્થી જીવો માટે પૂજવા યોગ્ય પૂજ્ય બન્યા છે. પૂર્ણ "સ્વભાવ પ્રગટ્યો" તેથી પ્રભુ સર્વજ્ઞ, વીતરાગી અને હિતોપદેશક બન્યા. તેથી તેમની દિવ્યવાણી *"સકળ જગત હિતકારિણી, હારિણી મોહ, તારિણી ભવાબ્ધિ, મોક્ષચારિણી, પ્રમાણી"* હોવાથી તેઓ ભવ્ય જીવોને અનંત દુઃખરૂપ

સંસારસાગરથી પાર પમાડવા તરણતારણ નૌકા સમાન છે અને તેથી પૂજ્ય છે. પરંતુ આશ્ચર્ય એ છે કે આટલું ઐશ્વર્ય હોવા છતાં પ્રભુ **"પરકૃત પૂજા રે જે ઇચ્છે નહીં."** પરકૃત એટલે બીજા જીવો દ્વારા થતી તેમની પૂજાને પ્રભુ કદાપિ ઇચ્છતા નથી. આશ્ચર્ય એટલા માટે કે દુનિયામાં તો જરા સરખી મોટાઈ મળે કે અનધિકારી જીવ પોતાની પ્રશંસાની અપેક્ષા રાખે છે. જ્યારે વીતરાગી પ્રભુને કોઈ પણ પ્રકારની ઇચ્છા ન હોવાથી આવી પૂજ્ય થવાની ઇચ્છા તો ન જ હોય ને ? ખરેખર તો પ્રભુ ચોથે ગુણસ્થાને જ્ઞાની બન્યા ત્યારથી જ આઠ પ્રકારના મદથી રહિત થયા છે. એટલે ત્યારથી જ પૂજાવાની ઇચ્છા હોતી નથી. પ્રભુ જ્યારે સદ્‌ગુરુ કે આચાર્યપદે હતા ત્યારે પણ *"આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી."* (શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક ૪૯૩) એટલે જ તો પૂજાવાની ઇચ્છા ન હોવા છતાં તેઓ પૂજ્ય બન્યા છે અને તેથી જ તેમને "અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર" કરીએ છીએ. આ જ દૃષ્ટિએ શ્રી બનારસીદાસ તેમના દોહામાં ફરમાવે છે કે *"જગમાંહી પૂજ્યતા પામવી, જાણે અનર્થની ખાણ, ભાઈ જ્ઞાની એનું નામ."* (ગુજરાતી અનુવાદ) ભગવાનનો તો સમોવસરણમાં ઈન્દ્ર, નરેન્દ્ર આદિ સર્વે દ્વારા પુણ્યાતિશયથી જયજયકાર વર્તે છે, પણ પ્રભુ તો પ્રગટેલા પોતાના પૂર્ણ સ્વભાવમાં જ લીન રહે છે, સંપૂર્ણ નિર્વિકલ્પ રહે છે.

પ્રભુ પૂજ્યતા ઇચ્છતા નથી તેથી કંઈ શ્રી દેવચંદ્રજી જેવા પરમ પૂજારી પૂજા કરવાનું છોડી દે ? કદાપિ નહીં. તેઓ તો કહે છે **"સાધક કારજ દાવ"** - પ્રભુ ભલે ઇચ્છે નહીં પરંતુ એક સાધક તો પોતાના સ્વરૂપ પ્રાપ્તિરૂપ કાર્ય માટે આ જ દાવ લગાવશે - પ્રભુની ભાવોલ્લાસપૂર્વક પૂજા, ભક્તિ, અર્પણતા. પોતાના ભાવોની શુદ્ધિ માટે અને મોક્ષમાર્ગમાં ત્વરિત ગતિથી આગળ ધપવા માટે સાધક પોતાનું જીવન દાવ પર લગાવી આ જ દાવ, આ જ ઉપાયને પ્રાધાન્ય આપી પુદ્‌ગલ તરફની દોડના અનેક વ્યર્થ દાવને નિષ્ફળ બનાવી અંતર્મુખતા સાધી જીવન સફળ બનાવશે. આમ, એક સાધક માટે "પૂજના તો કીજે રે"ની પ્રેરણા આપી દેવચંદ્રજી હવે તે પૂજાનું સ્વરૂપ બતાવે છે :

**દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ;**
**પરમ ઈષ્ટ વલ્લભ ત્રિભુવનધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ.**

**- પૂજના૦ ૨**

**શબ્દાર્થ :** દ્રવ્યપૂજા તે ભાવપૂજાનું કારણ છે. ભાવપૂજા બે પ્રકારની છે - પ્રશસ્ત ભાવપૂજા અને શુદ્ધ ભાવપૂજા. ત્રણ ભુવનના સ્વામી, સ્વયંબુદ્ધ વાસુપૂજ્ય ભગવાન મને પરમ ઈષ્ટ છે, વલ્લભ અર્થાત્ વહાલા છે, પ્રિય છે એવો ભાવ તે પ્રશસ્ત ભાવપૂજા છે. (પ્રશસ્ત = ઉત્તમ, પારમાર્થિક, પવિત્ર; વલ્લભ = પ્રિય, વહાલા; સ્વયંબુદ્ધ = પોતાથી જ બુદ્ધત્વ પામેલા)

**વિશેષાર્થ :** પૂજા બે પ્રકારે થાય છે - (૧) દ્રવ્ય પૂજા અને (૨) ભાવપૂજા. દ્રવ્યપૂજામાં યોગની પ્રધાનતા છે. ભાવપૂજામાં ઉપયોગની પ્રધાનતા છે. દ્રવ્યપૂજામાં જળ, ચંદન, અક્ષત, પુષ્પ આદિ દ્રવ્યોનું અવલંબન લઈ મન, વચન, કાયાના યોગ પ્રવર્તે છે અને તે દ્વારા સાધક પોતાની ભાવદશાને ઊર્ધ્વગામી બનાવે છે. તેથી અહીં કહ્યું કે **"દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું."** દ્રવ્યપૂજા અષ્ટપ્રકારી છે, જેનું યોગીશ્વર આનંદઘનજીએ શ્રી સુવિધિનાથ સ્તવનમાં વિસ્તારથી વર્ણન કર્યું છે અને તેનું ફળ પણ બતાવ્યું છે. આગમ અનુસાર વિધિપૂર્વક દ્રવ્યપૂજા કરવાથી સાધકના મન, વચન, કાયા આ પવિત્ર ક્રિયામાં જોડાતાં તેનું મન સંસારના આકર્ષણોથી પાછું વળી પ્રભુના ગુણગાનમાં જોડાય છે. પછી પ્રભુના સ્વરૂપ સાથે અનુસંધાન થાય છે અને તેમાં વધુ સ્થિરતા આવતાં સ્વરૂપ સન્મુખ થાય છે.

શ્રી દેવચંદ્રજી ભાવપૂજાને બે પ્રકારે રજૂ કરે છે : (૧) પ્રશસ્ત અને (૨) શુદ્ધ. અહીં બીજા

ચરણમાં પ્રશસ્ત ભાવપૂજાની વાત કરી છે. તેનું સ્વરૂપ સમજાવતાં આચાર્યશ્રી વિજય કલાપૂર્ણ-સૂરીશ્વરજી કહે છે : "ગુણી (ગુણવાન પ્રભુ) ઉપરના રાગને પ્રશસ્ત ભાવપૂજા કહે છે." શ્રી દેવચંદ્રજી અહીં કહે છે, સ્વયંબુદ્ધ (સર્વ તીર્થંકરો સ્વયંબુદ્ધ કહેવાય છે, કારણકે તેમને કોઈ ગુરુ હોતા નથી. જન્મથી ત્રણ જ્ઞાનના ધણી પોતાના સ્વતંત્ર પુરુષાર્થથી કેવળજ્ઞાનરૂપી બુદ્ધત્વ પામવા સમર્થ હોય છે) એવા શ્રી વાસુપૂજ્ય ભગવાન, ત્રણ ભુવનના સ્વામી મને પરમ ઈષ્ટ છે, વલ્લભ છે. મને અત્યંત પ્રિય અને વહાલા છે. જગતમાં સૌથી વધુ, પરમ ઇષ્ટ કોણ ? આનંદઘનજીની જેમ "ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો" એવું લાગે ત્યારે તે પ્રશસ્ત રાગ કહેવાય જે ઉત્કૃષ્ટ શુભભાવ છે અને તે જ પ્રભુની પ્રશસ્ત ભાવપૂજા છે. શ્રી ગૌતમસ્વામી, સતી સુલસા અને ચંદનબાળાનો પ્રભુ મહાવીર પ્રત્યે આવો રાગ હતો. આવા પ્રશસ્ત રાગને પુણ્યબંધ માત્રમાં કોઈ ખપાવે તો તે દુરાગ્રહ છે. તે એ પુણ્યાનુબંધી પુણ્ય છે કે તે ભવે કે બીજા થોડા જ ભવોમાં મોક્ષ અપાવે છે ! આપણે પણ જો પ્રભુના ગુણો પ્રત્યે અત્યંત આદર અને પ્રેમ લાવી ગુણાનુરાગી બનીએ તો તે આપણી પ્રશસ્ત ભાવપૂજા થઈ કહેવાશે અને દ્રવ્યપૂજા કરવાથી આ કાર્ય વધુ સુલભ બને છે.

પ્રશસ્ત ભાવપૂજા અથવા પ્રશસ્ત રાગના સ્વરૂપનું વધુ દર્શન કરાવતાં ગણિશ્રી હવે કહે છે :

**અતિશય મહિમા રે અતિ ઉપગારતા રે, નિર્મલ પ્રભુગુણ રાગ;**
**સુરમણિ સુરઘટ સુરતરુ તુચ્છ તે રે, જિનરાગી મહાભાગ.**

**- પૂજના૦ ૩**

**શબ્દાર્થ :** પ્રભુનું અતિશયયુક્ત મહિમાવંત-પણું, તેમની અત્યંત ઉપકારિતા અને કેવળજ્ઞાનાદિ નિર્મળ ગુણો ઉપર જેને અનુરાગ થાય એવા જિનેશ્વરનો રાગી મહા ભાગ્યશાળી કહેવાય કારણકે તેને હવે ચિંતામણિ રત્ન કે કામકુંભ કે કલ્પવૃક્ષ પણ તુચ્છ લાગે છે. (અતિશય મહિમા = પ્રભુના અતિશયોનો મહિમા; ઉપગારતા = ઉપકારીપણું; સુરમણિ = ચિંતામણિ રત્ન; સુરઘટ = સર્વ ઇચ્છાને પુરનાર કુંભ, ઘડો; સુરતરુ = કલ્પવૃક્ષ; મહાભાગ = મહા ભાગ્યશાળી)

**વિશેષાર્થ :** જગતમાં સૌથી વધુ ભાગ્યશાળી કોણ ? જગતના લોકો કહેશે કે જેને સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ, અધિકાર આદિનું સુખ વર્તતું હોય તે. જ્યારે શ્રી દેવચંદ્રજી અહીં કહે છે કે **"જિનરાગી મહાભાગ"** જેને જિનેશ્વર પ્રત્યે અને તેમના ગુણો પ્રત્યે રાગ થયો છે, તે પ્રત્યે જેના અંતરમાં અહોભાવ જાગ્યો છે એવો જિનરાગી જ ખરેખર મહાભાગ્યશાળી છે. કેમ ? કારણકે તે જિનેશ્વર જેવા શાશ્વત સુખનો અભિલાષી થયો છે. શ્રી વાસુપૂજ્ય આદિ તીર્થંકર ભગવંતો પ્રત્યેનો આ પ્રશસ્ત રાગ છે અને તે જ તેની પ્રશસ્ત ભાવપૂજા છે. આવા જિનરાગી, જિનભક્તની પ્રશસ્ત ભાવપૂજા, અથવા પ્રભુ પ્રત્યે પ્રફુલ્લિતપણે અચિંત્ય માહાત્મ્ય ત્રણ પ્રકારે વર્તે છે : (૧) ઈન્દ્ર, નરેન્દ્ર આદિ પૂજનીય તેમજ ૩૪ અતિશય આદિ ભગવાનના વૈભવનું વર્ણન જાણીને ભક્તને પ્રભુ પ્રત્યે વિશિષ્ટ ભક્તિ જાગે છે કે આટલો વૈભવ છતાં પ્રભુને માનનો અંશ પણ નથી અને નિર્વિકલ્પપણે પરમ વીતરાગી રહે છે. (૨) બીજું, આ 'જિનરાગી' ભક્તને પ્રભુની **"અતિ ઉપગારતા"**નું વેદન થતાં પણ પ્રશસ્ત રાગ ઊપજે છે. તીર્થંકરની દેશના, ઉપદેશમાંથી જે બોધ અને આજ્ઞા પ્રાપ્ત થાય છે તેને અનુસરતાં સાધકના અનેક દોષો નાશ પામે છે અને તેની ભાવદશા ઉન્નત બને છે. ગુરુ ગૌતમ જેવા મહાજ્ઞાનીને પણ પ્રભુ મહાવીર ટકોર કરે કે 'समयं गोयम मा पमाए' એ પણ પ્રભુની મહાન ઉપકારિતા જ છે. આપણા જેવા પામર જીવને તીર્થંકરનો નહિ તો કોઈ આત્મજ્ઞાની સદ્‌ગુરુનો આ જ રીતે બોધ, આજ્ઞા અને ટકોર મળે તો તે સદ્‌ગુરુનો ઉપકાર તે જ પરંપરાગત તીર્થંકર પ્રભુનો ઉપકાર છે અને શિષ્યને તે 'ઉપગારતા'નો પ્રશસ્ત રાગરૂપ અત્યંત અહોભાવ સ્ફુરતાં તે બોલી ઊઠે છે :

"અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર."

(શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર - ગાથા ૧૨૪)

(૩) પ્રશસ્ત ભાવપૂજાનો ત્રીજો પ્રકાર છે **"નિર્મલ પ્રભુગુણરાગ"** - પ્રભુની નિર્મળ દશા, નિર્મળ ગુણોનો અંતરથી અનુરાગ થવો તે. પ્રભુના જો કે અનંત ગુણો છે જે સર્વ નિર્મળ થઈ ગયા છે, છતાં તેમાંથી મુખ્ય કરીને પ્રજ્ઞાવંત મહાપુરુષોએ ૧૦૦૮ ગુણો જુદા તારવ્યા છે અને તેથી જ તીર્થંકરના નામ આગળ ૧૦૦૮ એમ બોલાય છે. એકેક ગુણ પ્રત્યે અનુરાગ કેળવી ચિંતન, મનન કરીએ તો આખી જિંદગી પૂરી થઈ જાય તો ય ખૂટે નહીં. શ્રી દેવચંદ્રજી, શ્રી આનંદઘનજી આદિ મહાપુરૂષોએ 'ચોવીસી'ના સ્તવનો દ્વારા આપણને આ 'પ્રભુગુણરાગ' કરવાનો અમૂલ્ય અવસર આપ્યો છે તે એમનો અનંત ઉપકાર છે.

આ પ્રકારે પ્રશસ્ત ભાવપૂજા વડે જે ભક્તના હૃદયમાં પ્રભુભક્તિનો ઊભરો આવે છે તો તેના જેવો ભાગ્યશાળી બીજો કોઈ નથી એમ શ્રી દેવચંદ્રજી કહે છે કારણકે આવી પ્રશસ્ત નિષ્કામ ભક્તિના ફળસ્વરૂપે તેને વૈરાગ્ય અને ગુણવૃદ્ધિનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થાય છે. એવો તાત્ત્વિક વૈરાગ્ય અને અંતરંગ ઉદાસીનતા ખીલે છે કે હવે **"સુરમણિ સુરઘટ સુરતરુ તુચ્છ તે રે."** હવે તેને કદાચિત્ ચિંતામણિ રત્ન કે કામકુંભ કે કલ્પવૃક્ષ મળી જાય કે જે તેની સર્વ ઇચ્છાઓ પૂરે તો પણ તે સર્વ તેને તુચ્છ લાગે છે, કારણ કે તેનાથી કદાચિત્ આખા જગતની સંપત્તિ મળી જાય તો પણ તે તો નાશવંત જ રહેશે અને મને અતૃપ્ત જ રાખશે એવી તેને પ્રભુના બોધથી દૃઢ શ્રદ્ધા આવી ગઈ છે. એટલું જ નહીં, તેને હવે સુખ અંતરમાંથી આવવા લાગ્યું છે. તેથી બહારથી સુખ મેળવવાની તેની દોડ થંભી ગઈ છે. અંતરંગ વૈરાગ્ય અને પરમ ઉદાસીનતાથી જો આવું નિરપેક્ષ, નિરાબાધ, સ્વાધીન સુખ મળતું હોય તો પ્રભુની જેમ પરમ વીતરાગી બનું તો તે જ પ્રકારનું સુખ અવિનાશી અને અનંત હશે. જે સુખ સ્વભાવમાંથી આવે છે તેનો અભાવ જ ન હોય કારણકે મારો સ્વભાવ અનંતકાળ સુધી મારી સાથે જ રહેવાનો - આવા દૃઢ વિશ્વાસથી હવે તેને જગતની સર્વ સંપત્તિ તુચ્છ લાગે છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના બે ઉદ્‌ગારો આ વાતનું સમર્થન કરે છે. પત્રાંક-૨૧૪માં કહે છે : *"આ જગત પ્રત્યે અમારો પરમ ઉદાસીન ભાવ વર્તે છે; તે સાવ સોનાનું થાય તો પણ અમને તૃણવત્ છે."* પત્રાંક-૨૫૫માં કહે છે : *"એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી."* આ છે પરમકૃપાળુદેવનો પ્રભુગુણરાગ, જેમાં પ્રશસ્ત અને શુદ્ધ, બન્ને ભાવપૂજા સમાયેલી છે. વળી એ જ પત્રાંકમાં આગળ કહે છે, *"સંપત્તિ પૂર્ણ છે એટલે સંપત્તિની ઇચ્છા નથી."* આ છે ગાથાની બીજી પંક્તિને અનુસરતો તેમનો પરમ ઉદાસીન ભાવ.

પત્રાંક-૨૨૩માં પરમકૃપાળુદેવે આપેલ એક સુંદર દૃષ્ટાંત દ્વારા આ વાત પૂરી કરીએ. "...રાજાએ વિકટ તપ કરી પરમાત્માનું આરાધન કર્યું; અને દેહધારીરૂપે પરમાત્માએ તેને દર્શન આપ્યું અને વર માગવા કહ્યું ત્યારે... રાજાએ માગ્યું કે હે ભગવાન ! આવી જે રાજ્યલક્ષ્મી મને આપી છે તે ઠીક જ નથી, તારો પરમ અનુગ્રહ મારા ઉપર હોય તો પંચવિષયના સાધનરૂપ એ રાજ્યલક્ષ્મીનું મને સ્વપ્નું પણ ન હો, એ વર આપ. પરમાત્મા દિંગ થઈ જઈ 'તથાસ્તુ' કહી સ્વધામ ગત થયા." જુઓ ! એ રાજાએ ચિંતામણિ રત્ન જેવું કંઈ ન માગ્યું. આપણે આવી ઉદાસીનતાથી શ્રી દેવચંદ્રજીએ દર્શાવેલ પ્રશસ્ત ભાવપૂજાના અધિકારી બનીએ એ જ પ્રાર્થના. હવે આગળ શ્રી દેવચંદ્રજી 'શુદ્ધ' ભાવપૂજાનું સ્વરૂપ બતાવશે તે યથાઅવસરે વિચારીશું. **(ક્રમશઃ)**

■ ■ ■

# મુન્યાચાર (સકલચારિત્ર)
(ક્રમાંક - ૬)

બા.બ્ર. સુરેશજી

**(૧૧)બોધિદુર્લભ ભાવના :** મહામોહરાજાની માયાથી વ્યાપ્ત આ જગતમાં જીવને યથાર્થ વસ્તુસ્વરૂપનો બોધ પ્રાપ્ત થવો મહાદુર્લભ છે કારણ કે યથાર્થ બોધપ્રાપ્ત સંબુદ્ધ પુરુષોની દુર્લભતા છે. આ મહામોહાન્ધકાર રહેતા જગતમાં જીવને સમ્યક્‌બોધ પ્રાપ્ત કરવાની અંતરંગથી જિજ્ઞાસા થવી જ મુશ્કેલ છે કારણ કે મોહની છત્રછાયામાં જીવ સદાય પાપ અને પુણ્ય તત્ત્વમાં જ મગ્ન રહે છે. જેને પાપના ઉદયની પ્રધાનતા છે એવા અધોલોકવાસી નિગોદિયા અને નારકી જીવ તો સદાય પાપના ઉદયથી ઉત્પન્ન તીવ્ર કષાયોમાં જ મગ્ન રહે છે. જન્મ-મરણ, ક્રોધ, દ્વેષાદિમાં જ તેમનો ઉપયોગ સદાય લાગેલો રહે છે અને સત્યમાર્ગદર્શકના અભાવમાં આ કષાયોનું પોષણ કરવામાં અને તેના નિમિત્તોને દૂર કરવાના પ્રયત્નમાં જ તેમનું મન સદાય લાગેલું રહે છે. આ કાષાયિક જીવનથી પરે કોઈ સુખી જીવન પણ છે એવો એમને વિચાર પણ આવતો નથી અને ઊર્ધ્વલોકના સ્વર્ગોમાં જીવ પુણ્યોદયને ભોગવવામાં એટલા વ્યસ્ત રહે છે કે આ શાતા અને ઈન્દ્રિયભોગો સિવાય કોઈ અતીન્દ્રિય સુખ છે એવો વિચાર કરવાનો અવસર પણ તેમને મળતો નથી કારણ કે એક પછી એક નિરંતર ઈન્દ્રિય વિષયોનો સંયોગ ત્યાં સુલભતાથી પ્રાપ્ત થાય છે. માટે આ શાતા અને ઈન્દ્રિયસુખ સિવાયના અતીન્દ્રિય સુખની તેમને આવશ્યકતા જ લાગતી નથી. કદાચિત્ કોઈ અલ્પ બોધિજ્ઞાન પ્રાપ્ત ત્યાં હોય તો સંયમ આરાધનાના અભાવમાં તેમનું બોધિજ્ઞાન પણ મંદ પડી જાય છે અથવા તે જ્ઞાનને પોષણ મળે એવા રત્નત્રયધારી બોધિસત્વોનો ત્યાં સર્વથા અભાવ હોવાથી તે જ્ઞાન મંદરૂપ જ રહે છે. આમ, અધોલોક અને ઊર્ધ્વલોક બંનેના જીવોને મોહરાજાની કૃપાથી પાપ - પુણ્યમાં જ ક્રમશઃ વ્યસ્તતા અને કૃતકૃત્યતાથી બોધિજ્ઞાનની જિજ્ઞાસા થવી જ દુર્લભ થઈ જાય છે તો પછી તે પ્રાપ્ત થવું તો મહાદુર્લભ જ છે. મધ્યલોકમાં પશુઓ અને મનુષ્યોનો નિવાસ છે. તેમાં પણ પશુઓ તો પૂર્વોક્ત વર્ણીત પાપોદયથી ઉત્પન્ન તીવ્ર કષાયોમાં જ સદાય પ્રવૃત્ત રહે છે. અપવાદને છોડીને તેમને તો સમ્યક્‌બોધપ્રાપ્તિનો સ્વપ્નમાં પણ વિચાર આવતો નથી કારણ કે એકેન્દ્રિયથી લઈને અસંજ્ઞી પંચેન્દ્રિયોને તો સમ્યક્‌વિચારનું મૂળ સાધન મન જ હોતું નથી અને જેમને મન હોય છે તેમને કામ,ક્રોધ, લોભાદિથી અવકાશ જ મળતો નથી, બાકી રહ્યા માત્ર મનુષ્ય, તેમાં પણ મ્લેચ્છોમાં ધર્મવિચાર હોતો જ નથી, આર્યખંડમાં બધા આર્યોને ઉત્તમ કુળની સાથે વીતરાગતાનું અનુસરણ કરવા યોગ્ય ધર્મયોગ મળવો અતિદુર્લભ છે. કાકતાલીય ન્યાયથી મહાપુણ્યોદયથી સમ્યક્‌બોધ આપનાર સંબુદ્ધ પુરુષ પણ મળી જાય અને બોધનું શ્રવણ અને અવધારણ પણ થાય તો પણ તેનું તદનુરૂપ પરિણમન થવું પરમ દુર્લભ છે કારણ કે **પ્રાપ્ત બોધને સ્થાયીરૂપે પરિપક્વ થવામાં પર્યાપ્ત સમય લાગે છે; તેના માટે પ્રાપ્ત બોધને અનુરૂપ અભ્યાસનું સાતત્ય આવશ્યક છે. જગતના પ્રતિબંધ તેમાં વારંવાર અંતરાયરૂપ થાય છે.** આ બધી મુશ્કેલીઓને પરાજિત કરી કોઈ વિરલા જ આ સમ્યક્‌બોધિજ્ઞાનને તત્ત્વતઃ પ્રાપ્ત કરે છે; આ પ્રકારે વારંવાર અનુચિંતન કરવું તે મુનિની બોધિદુર્લભ ભાવના છે. વિશેષ એ કે મુનિ આ ભાવનામાં, નિત્યનિગોદથી નીકળીને યથાર્થ તત્ત્વોપદેશની પ્રાપ્તિ સુધીની, ક્રમશઃ અતિ - અતિ દુર્લભતાના સ્વરૂપનું ચિંતન કરીને એવો વિચાર કરે છે કે પરમ પુણ્યોદયથી

મને આ બધી મહાદુર્લભ વસ્તુઓની પ્રાપ્તિ થઈ છે કે જે પરમ બોધિની પ્રાપ્તિમાં આવશ્યક છે અને ત્યાં સુધી કે મને સમ્યક્તત્ત્વજ્ઞાન અને સંયમ પણ પ્રાપ્ત થયા છે. **હવે મારું એક જ કર્તવ્ય છે કે હું શીઘ્ર પૂર્ણ શક્તિ લગાવીને કર્મોનો ક્ષય કરીને કૈવલ્યદશાને પ્રાપ્ત થઈ જાઉં અને જો આ કાળમાં પરિપૂર્ણ કૈવલ્યદશા પ્રાપ્ત ન થઈ શકતી હોય તો પ્રાપ્ત સમ્યગ્જ્ઞાનને અભ્યાસ દ્વારા એટલું દૃઢ કરું કે ફરી અજ્ઞાનની ઉત્પત્તિ ન થાય. સાથે ભોગોની વાસનાઓને એટલી કૃશ કરું કે ભવાંતરમાં પણ આ ચિત્ત વાસનાના સંસ્કારોથી રહિત રહે અને ભવાંતરમાં જન્મથી જ સહજ જ્ઞાન, સહજ વૈરાગ્ય અને સહજ ઉપશમ દશાની પ્રાપ્તિ થાય. તેનો મૂળ ઉપાય પોતાના સહજ શુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવમાં નિરંતર વૃત્તિ અને તદનુકૂળ બાહ્ય પ્રવૃત્તિ છે.** આમ, ચિંતન કરીને જ્ઞાનસ્વરૂપ (બોધસ્વરૂપ) ચૈતન્યોન્મુખ થવું તે મુનિની બોધિદુર્લભ ભાવના છે.

**(૧૨) ધર્મદુર્લભ ભાવના : જે પદાર્થને પોતાના સ્વરૂપમાં ધારણ કરી રાખે તેને ધર્મ કહે છે.** તેના ચાર લક્ષણ કહ્યા છે : (૧) વસ્તુનું પોતાના સ્વભાવમાં રહેવું, (૨) વસ્તુસ્વભાવનું યથાર્થ જ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ કરવું, (૩) ક્ષમા, વિનય, સરળતા, સંતોષ, સત્ય, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય; આ દશગુણોને પ્રગટ કરવા તથા (૪) સ્વ-પર જીવોની રક્ષા કરવી. આમાં પ્રથમ વસ્તુ સ્વભાવને પ્રાપ્ત થવું છે તે સાધ્ય છે, બાકીના ત્રણ તેના સાધનરૂપ છે. સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ રત્નત્રયની આરાધનાથી પોતાના સ્વભાવની પ્રાપ્તિ થાય છે. ક્ષમાદિ દસ ગુણોથી જીવમાં રત્નત્રયની આરાધનાની પાત્રતા આવે છે અને સ્વ-પર અહિંસાના પાલનથી આ દસ ગુણોના સંવર્ધનમાં સહાયતા મળે છે કારણ કે **પ્રત્યેક ગુણનો મૂળાધાર અહિંસા છે. અહિંસાથી જ જગતના સર્વજીવોનું અને પોતાનું કલ્યાણ સંભવ છે. અહિંસા જ સંપૂર્ણ વિશ્વ માટે શાંતિનો એક માત્ર આધાર છે.** ઉપરોક્ત લક્ષણો અને સ્વરૂપવાળા યથાર્થ ધર્મની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે કારણ કે અનાદિકાલીન અજ્ઞાનાન્ધકારના પ્રભાવથી જગતના જીવ પોતાના સ્વભાવને વિસ્મૃત કરી પરપરિણતિરૂપ વિભાવોમાં જ પરિણત થઈ રહ્યા છે અને તે જ કામ, ક્રોધાદિ પરપરિણતિમાં કૃતકૃત્યતાનો અનુભવ કરી રહ્યા છે. પરમ દુઃખમાં જ સુખ માને છે. એવામાં કામ, ક્રોધાદિથી વિપરીત ક્ષમાદિક - નિજ સ્વભાવરૂપ ધર્મની વાત ગમવી પણ મહાદુષ્કર છે અને તેનાથી પણ વધારે સાચા યથાર્થ ધર્મની વાતને કરનારા સાચા ધર્માત્માનો યોગ પણ મળવો ઘણો દુર્લભ છે. કદાચિત્ પુણ્યયોગથી સાચા ધર્મની વાત સાંભળવા મળી જાય તો આ અજ્ઞાનરૂપ મહાસુભટનો પ્રિય મિત્ર સ્વચ્છંદ તેના પર વિશ્વાસ થવા દેતો નથી કારણ કે જો એક વાર વિશ્વાસ થઈ જાય તો પછી મનની પોતાની સ્વચ્છંદ વૃત્તિનું મૂળ ઉખડી જાય અને પોતે જ પોતાનો વિનાશ કોણ ચાહે ? અને જો કદાચિત્ સાચા ધર્મ પર દૃઢ વિશ્વાસ પણ થઈ જાય તો તેને ધારણ કરવાની શક્તિહીનતાના કારણે નિરાશ થઈને વ્યક્તિ અધવચ્ચે જ તેને છોડી દે છે કારણ કે સાચા ધર્મની આરાધના માટે અજ્ઞાની જીવને અનાદિકાળના સહવાસથી પ્રિય એવા કામાદિ સંસ્કારોથી વિપરીત આચરણ કરવું પડે છે, જે તેને અતિદુષ્કર લાગે છે. આ કારણે અધિકાંશ તો તેને વચમાં જ છોડીને ફરી કામાદિમાં પ્રવર્તન કરવા લાગે છે અને કોઈ-કોઈ ચાલતા-ચાલતા ધર્મના પ્રસાદથી પ્રાપ્ત ધર્મના વિકારરૂપ યશ, પદ, વૈભવ, ઋદ્ધિઓ આદિમાં જ મોહિત થઈને ધર્મમાર્ગને છોડી દે છે. કોઈ વિરલા જ આ બધી બાધાઓને પાર કરીને ઉપરોક્ત પ્રકારના ધર્મની આરાધના કરીને પોતાના પરમાનંદરૂપ સ્વભાવને પ્રાપ્ત થઈ શકે છે. આ પ્રકારે ધર્મનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિની દુર્લભતાનું વારંવાર અનુચિંતન કરવું તે ધર્મદુર્લભ ભાવના છે અને તેનું ફળ મુનિના પોતાના સ્વધર્મરૂપ સહજ શુદ્ધ જ્ઞાન - દર્શન સ્વભાવમાં સ્થિત થવું તે છે. **(ક્રમશઃ)**

● ● ●

# આત્માની ક્રિયાશક્તિ (૪૦)

**વલભજી હીરજી 'કેવલ'**

જ્ઞાન સ્વરૂપ આત્મામાં એક એવી ક્રિયાશક્તિ છે કે પોતાના નિજકારકોને અનુસરીને થતા નિર્મળભાવની ક્રિયારૂપે પરિણમે છે. પહેલા ભેદરૂપ વિકારી છ કારકોની ક્રિયાનો નિષેધ કર્યો ને અહીં અભેદ કારકો અનુસાર ક્રિયાની વાત છે. પોતે જ છ એ કારકરૂપે પરિણમતો આત્મા સમ્યગ્દર્શનાદિ ભાવરૂપે પરિણમવાની પોતાની ક્રિયાને કરે છે. વિકલ્પ-વિકારને તે પોતાના કારક બનાવતો નથી. આત્માની ક્રિયા આત્માના જ કારકોને અનુસરે છે, બીજા કોઈને અનુસરતી નથી. આવી ક્રિયા-શક્તિવાળો આત્મા જ્ઞાનમય છે.

આત્મા સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન વગેરે નિર્મળ પર્યાયરૂપ કાર્યને પોતાના સાધનથી કરે એવી આત્માની તાકાત છે. પોતાના જ કારકોને અનુસરીને નિર્મળભાવરૂપે પરિણમવાની ક્રિયા આત્મા કરે છે. પોતાની ધર્મપર્યાયનો આત્મા જ કર્તા; ધર્મપર્યાયરૂપે પરિણમેલો આત્મા જ કર્મ; ધર્મપર્યાય થવાનું ઉત્કૃષ્ટ સાધન આત્મા; ધર્મપર્યાય લેવાના પાત્રરૂપ સંપ્રદાન પણ આત્મા; ધર્મપર્યાયમાં ધ્રુવ-અપાશનરૂપ પણ આત્મા; અને ધર્મપર્યાયનો આધાર પણ આત્મા, એનું સ્વ-સ્વામીપણું પણ આત્મા સાથે.

આ રીતે આત્મા પોતે પોતાના છ કારકોને અભેદપણે અનુસરતો થકો પરિણમનક્રિયાને કરે છે. નિર્વિકાર ક્રિયામાં છએ કારકોરૂપે આત્મા પરિણમે છે. આવા આત્માના સ્વસંવેદનમાં 'ભાવ' અને 'ક્રિયા' બન્ને સમાય છે. નિર્મળ પરિણતિની ક્રિયાને કરવાનો આત્માનો સ્વભાવ છે. જગતથી કેટલી ઉદાસીનતા ને ચૈતન્યની કેટલી પ્રીતિ હોય ત્યારે આત્મા અનુભવમાં આવે.

આત્મામાં ક્રિયાશક્તિ છે પણ તે શક્તિ એવી નથી કે જડની ક્રિયાને કે રાગની ક્રિયાને કરે. એ ક્રિયાશક્તિ વડે તો આત્મા પોતાના સ્વભાવભૂત કારકોને અનુસરતો થકો નિર્મળ ભાવરૂપે પરિણમે છે. તે નિર્મળભાવ સાથે આત્માને એકતા છે એટલે તેમાં જ કર્તાકર્મપણું છે. આત્માને અનુભવમાં લેતા સમ્યક્ત્વાદિ અમૃત પ્રગટે છે ને અનાદિનું મિથ્યાત્વાદિનું ઝેર ઊતરી જાય છે.

પોતાના જ છ કારકોથી અનંગ ગુણના વીતરાગભાવરૂપે પરિણમવાનો આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવનું ભાન થતા બીજા બધા કારકોને અનુસરવાની બુદ્ધિ છૂટી જાય છે. પોતાના અભેદકારકોને અનુસરતા નિર્મળભાવરૂપ ક્રિયા તેને થયા કરે છે.

• • •

## ધર્મનું સત્‌સ્વરૂપ

(પાના નં. ૨૪ પરથી ચાલુ...)

છે. દ્વેષભાવ પણ થઈ આવવાનું એક કારણ છે અને તે રાગભાવ છે. કોઈ સંયોગ આપણને અનુકૂળ થાય તે માટે અને તેમાં જે કોઈ અવરોધ કરનારું જાણવામાં આવે તેના પ્રત્યે દ્વેષ થાય છે. આ અજ્ઞાન છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ આ બાબતમાં સૂક્ષ્મ મનોમંથન કર્યા પછી સૂત્ર આપ્યું કે "જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ ધર્મ છે." આ આત્માનો ધર્મ છે. આ અવસ્થા વીતરાગ દશા છે અને નિઃશંકપણે મોક્ષ-મુક્તિનું કારણ છે. શ્રીમદ્જીએ કોઈપણ સાંપ્રદાયિક ધર્મને સ્વધર્મ માન્યો નથી, આત્મધર્મ એ જ ધર્મ.

■ ■ ■

# ધર્મનું સત્‌સ્વરૂપ

**મધુભાઈ પારેખ**

"જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે." - શ્રીમદ્‌ રાજચંદ્ર

આ પૃથ્વી ઉપર જે કોઈ મનુષ્યો છે, તે તમામ કોઈને કોઈ ધર્મ-મત સાથે જોડાયેલા જોવા મળે છે. આ જોતાં ધર્મ એ માનવજીવનું એક અનિવાર્ય અને અવશ્યનું અંગ છે તેમ સ્વીકારવું પડે. જેવી રીતે પ્રત્યેક માનવીને આહાર, પાણી, વસ્ત્ર અને આશ્રય આવશ્યક છે તે પ્રકારે ધર્મ પણ આવશ્યક છે. આહારાદિ દેહના સંરક્ષણ માટે જરૂરી છે તો ધર્મ માનવમન-ચિત્તની શાંતિ માટે જરૂરી છે. આ વાત પ્રત્યેક માનવે જાણે-અજાણે સ્વીકારી તો છે જ. આહાર-પાણી આદિ પદાર્થો ઉપયોગમાં લેતા પહેલાં તે પદાર્થોની શુદ્ધતા માટે સહેજે કાળજી રાખવામાં આવે છે તેવી કાળજી ધર્મ અંગીકાર કરવા માટે લેવાનું પણ જરૂરનું છે. જેમ ગમે તેવા આહારાદિ શરીરને હાનિ કરી શકે છે તેમ ધર્મ પણ વિના વિચાર્યે કે દેખાદેખીથી, ગમે તેવા સ્વરૂપે ગ્રહણ થાય તો આંતરિક શાંતિ-આનંદ રૂપ સુખાકારીને હાનિ થવાની જ છે. માનવમાત્રએ આ વાત લક્ષમાં લઈને ધર્મ-મત, તેની ગુણવત્તાના આધારે નક્કી કરીને સ્વીકાર કરવાનું ઉચિત છે. જીવમાત્રના હિતની-કલ્યાણની કાળજી લેવાતી હોય તે ધર્મ ઉપકારી થાય છે, કેમ કે પ્રત્યેક જીવ પરસ્પર ઉપકારથી જ જીવનનિર્વાહ કરે છે.પોતાની શારીરિક સુખાકારી-આનંદપ્રમોદ માટે અન્ય કોઈપણ જીવોને હાનિ-દુઃખ થાય તેવું પ્રવર્તન કેવળ અધર્મ છે, ધર્મ નથી.

ઘણું ખરું માનવ જે જાતિ-કુળમાં જન્મે છે તે જાતિ કે કુળ પરિવારનાં લોકો જે ધરમમતને અનુસરતા હોય તેને અનુસરવાનું કરતા જોવા મળે છે. આમાં પોતાની કોઈ જ પસંદગી નથી. માનવ બુદ્ધિપૂર્વક દરેક બાબતે નિર્ણય કરે છે, પરંતુ ધર્મ બાબતમાં ભાગ્યે જ બુદ્ધિથી નિર્ણય લેવામાં આવે છે. કુળ પરંપરાને વિના વિચાર્યે જ અનુસરે છે તે કેટલું યોગ્ય માનવું ?

મનુષ્યો દેહધારી આત્મા છે, તેવી જ રીતે નાના-મોટા તમામ દેહધારી આત્મા છે. જેવો આત્મા મારો-તમારો છે તેવો જ પ્રત્યેક દેહધારીનો આત્મા છે. મારા-તમારા આત્માને દુઃખ, પીડા, અશાંતિ ગમતા નથી તેવી જ રીતે પ્રત્યેક જીવને આ બધું ગમતું નથી. આપણને કોઈ દુઃખ-પીડા-અશાંતિ આપે તેના પ્રત્યે દ્વેષ કરીએ છીએ તે પ્રકારે જ સર્વ જીવ આપણા એવા વર્તનથી દ્વેષ કરે છે, ભલે તે વ્યક્ત કરે કે ન કરે - ન કરી શકે. આ પ્રક્રિયા કર્મબંધનું કારણ બને છે અને તેના પરિણામે જીવાત્માને, કર્મના હિસાબ ચૂકવવા ફરી ફરી જન્મ-મરણ કરવા પડે છે. આ વાત લગભગ બધાં જ ધર્મ-મતમાં કહેવામાં આવે છે. માનવનો અંતિમ લક્ષ મોક્ષ છે અર્થાત્‌ જન્મ-મરણ જેવી પ્રક્રિયાથી મુક્ત થવું તે.

કર્મબંધનું કારણ, અન્ય જીવો પ્રત્યે આપણો અયોગ્ય વહેવાર છે. અયોગ્ય વહેવારનું કારણ આપણી સ્વાર્થવૃત્તિ - અન્યજીવ પ્રત્યેનો ઉપેક્ષાભાવ-તુચ્છતાનો ભાવ છે. આવા ભાવને વિષમભાવ-વિકારીભાવ પણ કહેવામાં આવે છે. કોઈપણ ક્રિયા કરતા પહેલા તેવી ક્રિયા કરવાનો મનમાં ભાવ ઉઠે છે. આમ, મૂળ કારણ તે જીવોનો વિભાવ-વિપરીત ભાવ છે. આવા વિપરીત ભાવને દ્વેષ કહેવામાં આવે

**(અનુસંધાન પાના નં. ૨૩ પર...)**

# પરમ ધ્યાન

**ચંદ્રહાસ ત્રિવેદી**

કૌસાનીના પહાડી પ્રદેશમાં આવેલા અનાસક્ત આશ્રમમાં સૂર્યોદય જોવા વહેલી સવારે ભેગા મળેલા પ્રવાસીઓમાં ચાર મિત્રો હતા. તેઓ ગિરિપ્રદેશમાં સવાર-સાંજ આમતેમ ફરવા જતા હતા. નાની મોટી કેડીઓ પકડીને તેઓ કોઈ વાર દુર્ગમ પહાડોમાં પહોંચી જતા હતા. એક દિવસ સૂર્યોદય જોયા પછી તે ચારેય મિત્રો ચાલતા ચાલતા એક નિર્જન સ્થળે પહોંચી ગયા અને પહાડની કરાડ ઉપર ઊભા રહીને દૂર દૂર સુધી પથરાયેલી વનરાજીને નિહાળતા હતા. ત્યાં તેમની નજર થોડેક દૂર ટેકરી ઉપર ઊભા રહેલા એક માણસ ઉપર પડી.

પહાડો ઉપર પ્રકાશ પથરાવા લાગ્યો હતો. પણ હજુય રાત્રિના ઓળા વર્તાતા હતા. તેવા સમયે આ નિર્જન અટૂલી ટેકરી ઉપર ઊભેલા આ માણસને જોઈને એક મિત્ર બોલ્યો, ''આપણાથીય વહેલા નીકળીને કોઈ અહીં સુધી આવી પહોંચ્યું લાગે છે. રોજ નિયમિત ચાલવાનો નિયમ હશે એટલે આ ભાઈ વહેલા નીકળી પડ્યા હશે એમ લાગે છે.''

તે ડુંગરા તરફ જોતાં બીજો મિત્ર બોલ્યો, ''આ કોઈ પ્રવાસી જેવો લાગતો નથી. આપણા પહેલાં તો આશ્રમમાંથી કોઈ નીકળ્યું જ ન હતું. તે અહીંના નિવાસી ગિરિજન જેવો લાગે છે. રાત્રે તેનું ઢોર કે બકરી કે ઘેટું પાછું નહીં આવ્યું હોય એટલે સવારે તેની ભાળ કરવા નીકળેલો લાગે છે. જુઓને, નીચે આવેલી ખીણમાં ધ્યાનથી જોઈ રહ્યો છે, જાણે કોઈને શોધતો ન હોય !''

આમ તો વાતમાં કંઈ દમ ન હતો પણ આ મિત્રોને વાતમાં રસ પડી ગયો હતો. ત્રીજા મિત્રે કહ્યું, ''ના, ના. આ કંઈ દેહાતી જેવો લાગતો નથી. ઘેટાં-બકરાં રાખનારા રાખે છે તેવી લાકડીય તેની પાસે દેખાતી નથી. આશ્રમથી થોડેક દૂર એક હોટલ આવેલી છે. ત્યાં કેટલાક સહેલાણીઓ કાલે આવ્યા હતા. તેઓ અહીં ફરવા નીકળ્યા હશે અને આ ભાઈ જરા આગળ નીકળી ગયા લાગે છે એટલે અહીં ઊભા રહીને પાછળ આવતા સાથીઓની રાહ જોતા લાગે છે. જુઓને તેઓ થોડી થોડી વારે પાછળ નજર નાખતા રહે છે.''

ત્યાં ચોથો મિત્ર બોલ્યો, ''તમે ખોટી ખોટી કલ્પનાઓ કરો છો. તેણે પહેરેલાં વસ્ત્રોના જે રંગ-ઢંગ અહીંથી દેખાય છે અને પોતાના ઉપર જે ઉપરણું નાખ્યું છે તે જોતાં મને તો લાગે છે કે એ કોઈ સંન્યાસી છે. આસપાસ આવેલા કોઈ મહાદેવ-મંદિરમાં રહેતો હશે અને સાધના કરતો હશે. આ ટેકરી જરા ઓતાડી છે એટલે સવારે અહીં આવીને સાધના કરતો હશે. હમણાં સાધના પૂરી થશે એટલે આમતેમ જોતો હશે. થોડીક વારમાં તો તે અહીંથી નીકળી જશે અને તેના રહેઠાણે પહોંચી જશે.''

આમ, ચારેય મિત્રો ચર્ચા કરતા રહ્યા પણ તેમનો ક્યાંય મેળ મળ્યો નહીં. સવારનો સમય હતો. અહીં કંઈ ખાસ કરવાનું હતું નહીં. એટલે એક મિત્રે સૂચન કર્યું. ''ચાલોને ત્યાં જ પહોંચી જઈએ. તેને જોઈએ અને મળીને પૂછી જ લઈએ, જેથી વાતનો ફેંસલો થઈ જાય. આજની સવાર તેને નામે.''

સૌને સૂચન ઠીક લાગ્યું. ચારેય જણ ત્યાંથી ઊભા થયા અને જરા આડા ફંટાઈને તે બાજુ જતી કેડી જોવા લાગ્યા. એટલામાં તેમની નજરે એક પગદંડી પડી કે જે તે બાજુ જતી હતી. તે પકડીને થોડીકવારમાં તેઓ એ ટેકરી ઉપર પહોંચી ગયા.

તેમનો ગણગણાટ થતાં પેલા માણસનું ધ્યાન તે તરફ ગયું. તેણે જરા પાછા ફરીને તેમના તરફ જોયું, પણ પછી કંઈ બોલ્યા વિના તે તો પુનઃ તે ખીણ અને તેના ઉપર ઝળુંબી રહેલાં શિખરોને જોવા લાગ્યો. વૃક્ષોની લંબાતી છાયાઓમાં કોણ જાણે તે શું જોઈ રહ્યો હતો. વૃક્ષોની લાંબી લાંબી ડાળીઓ વચ્ચેથી ચળાઈને આવતો પ્રકાશ જોતાં જોતાં તે તો જાણે પળવારમાં ખોવાઈ ગયો.

પેલા ચાર મિત્રો હવે કેમ વાત કરવી તેની વિમાસણમાં પડ્યા. પછી એક જણે પેલા ભાઈ નજીક જઈને વાત શરૂ કરતાં કહ્યું, ''મેં તમને દૂરથી જોયા. મેં મારા મિત્રોને કહ્યું કે આ આપણા જેવા પ્રવાસી જ લાગે છે. ચાલવા નીકળ્યા લાગે છે. કેમ બરોબરને !''

પેલા માણસે વાતમાં ખાસ રસ ન લેતાં ટૂંકાણમાં એટલું જ કહ્યું, ''ના, હું ચાલવા માટે નીકળ્યો નથી.'' અને વળી તેણે આ લોકો તરફથી નજર ફેરવી લેતાં ફરીથી પહાડો અને ખીણો જોવા માંડ્યાં.

આ ચાર મિત્રને તો વાતનો તોડ કરવો હતો એટલે બીજો મિત્ર તેની પાસે જઈને ઊભો રહેતાં બોલ્યો, ''મેં તો તમને જોઈને તુરત જ કહ્યું હતું કે આ ભાઈ સહેલાણી નથી લાગતા. તેઓ અહીંના જ રહેનારા લાગે છે. રાત્રે એમનું કોઈ પશુ પાછું નહીં આવ્યું હોય એટલે વહેલી સવારે તેની ભાળ મેળવવા તેઓ નીકળેલા લાગે છે. તેથી તો ટેકરી ઉપર ચઢીને આસપાસ ઝીણી નજરે જોઈ રહ્યા છે.''

આ અજાણ્યા માણસને આ લોકો સાથે વાત કરવામાં કંઈ રસ હોય તેમ લાગ્યું નહીં. છતાંય વિનય ખાતર તેમના તરફ ફરીને તેણે કહ્યું, ''હું આ પ્રદેશનો રહેવાસી નથી. હું કંઈ ઢોર-ઢાંખર રાખતો નથી. તે મારો વ્યવસાય નથી. મારું કોઈ પશુ ખોવાયું નથી અને તેને શોધવા હું નીકળેલો નથી.'' અને વળી પાછા તેણે તો એ પ્રકૃતિસભર પ્રદેશને જોવા માંડ્યો.

હવે તો આ મિત્રને મનમાં ઉત્સુકતા વધવા લાગી પણ આ અજાણ્યો માણસ તેના પ્રતિ ઉદાસીન રહીને જ વર્તતો હતો. છતાંય ત્રીજા મિત્રે ઝંપલાવતાં કહ્યું, ''હું નહોતો કહેતો કે આ ભાઈ આગળના કોઈ ગામે જવા નીકળ્યા હશે પણ તેમનો સાથ-સંગાથ પાછળ રહી જતાં અહીં તેમના આવવાની રાહ જોતા ઊભા હશે.''

હવે તો આ માણસ પણ કંટાળ્યો હોય એમ લાગ્યું. તેણે થોડાક અણગમા સાથે કહ્યું, ''એવું કંઈ જ નથી. હું ક્યાંક જવા માટે નીકળ્યો નથી. મારા સાથમાં કોઈ છે જ નહીં. હું તો નિતાંત એકલો જ છું.'' અને તેણે વળી પહાડો ઉપર ચડી રહેલા તડકા ઉપર નજર નાખી અને વૃક્ષોની ડાળીઓ ઉપર કલરવ કરતાં પક્ષીઓને તે જોવા લાગ્યો.

હવે ચોથા મિત્રમાં આગળ આવવાનો ઉત્સાહ રહ્યો હતો નહીં છતાંય તે એક જ બાકી હતો. તેણે હળવેથી આ માણસનો હાથ હાથમાં લેતાં કહ્યું, ''મેં તો આ લોકોને કહી જ દીધું હતું કે આ કોઈ વિરક્ત સંન્યાસી જેવા લાગે છે. વહેલી સવારે અહીં સાધના કરવા આવ્યા હશે કે ઈશ્વરસ્મરણ કરતા હશે.''

પેલા માણસે જરા અણગમા સાથે પોતાનો હાથ છોડાવતાં કહ્યું, ''હું સાધના કરવા નથી આવ્યો અને ઈશ્વરનું સ્મરણ પણ નહોતો કરતો.''

આ માણસના ઉત્તરથી ચારેય મિત્રોની જિજ્ઞાસા વધી ગઈ અને તેમનાં મોમાંથી ઉદ્‌ગાર નીકળી ગયો, ''તો... પછી...?''

પેલા માણસે કહ્યું, ''હું કંઈ કરતો નથી, કંઈ શોધતો નથી, હું તો ખાલી ઊભો રહ્યો હતો. તમે બોલચાલ કરી મને ઢંઢોળ્યો ત્યારે જ મને મારા

**(અનુસંધાન પાના નં. ૯ પર...)**

# વિનય સાથે વિવેકનું સાયુજ્ય : કાંચનમણિ યોગ

ગુણવંત બરવાળિયા

"વિનય વિણ વિદ્યા નહિ, તો કિમ સમકિત પાવે રે;
સમકિત વિણ ચારિત્ર નહિ, ચારિત્ર વિણ નહિ મુક્તિ રે."

વિનય વિના વિદ્યાની પ્રાપ્તિ થતી નથી અને વિદ્યા વિના સમકિતની પ્રાપ્તિ થતી નથી. સમકિત વિના ચારિત્ર નથી અને ચારિત્ર વિના મુક્તિની પ્રાપ્તિ નથી. આથી ફલિત થાય છે કે વિનયના માર્ગે જ મુક્તિની યાત્રા થઈ શકે છે. કવિ ઉદયરત્નજીની સજ્જાયની આ પંક્તિઓમાં વિનય જ મોક્ષનું મૂળ છે, એ હાર્દ અભિપ્રેત છે.

માતા-પિતા, ગુરુજી, પરમાત્મા, જીવનના ઉપકારી આત્માઓ અને વડીલો પ્રતિ વિનયભાવ હૃદયપૂર્વક અભિવ્યક્ત કરવો તે માત્ર કર્તવ્ય નહિ પરંતુ પરમ ધર્મ છે.

જેમના થકી આપણે આ દુનિયામાં પ્રવેશ્યા એટલે કે દસ દૃષ્ટાંતે દુર્લભ માનવભવ આપણને મળવાનું જે નિમિત્ત બન્યા છે, તે માતા-પિતા પ્રત્યે વિનય તે આપણો ધર્મ છે. જેમણે આપણને વ્યવહારિક દુનિયાનું શિક્ષણ આપ્યું અને જેના થકી આપણી ઉજળી કારકીર્દિ બની તે વિદ્યાગુરુ પ્રત્યે આપણો વિનયભાવ હોવો જોઈએ.

માત્ર આ જ ભવ નહિ પરંતુ આપણી ભવ-પરંપરા સુધારનાર, આપણને જીવનની સાચી દિશા બતાવનાર કલ્યાણમિત્ર ગુરુભગવંતનો હૃદયપૂર્વક ભાવથી વિનય કરવો તે આપણો ધર્મ છે.

આપણા જીવનયાપનમાં જડ પુદ્‌ગલ અને સ્થાવર જીવોનું પણ યોગદાન છે, જેથી જૈન દર્શન તો આગળ વધીને કહે છે કે ચેતન સાથે જડ તત્ત્વોનો પણ વિનય કરવો જોઈએ.

આપણા જીવનપ્રવાહના વિવિધ તબક્કામાં આપણને માર્ગદર્શન આપનાર, સહાયભૂત થનાર, પડતા બચાવનાર કે પડ્યા તો ઊભા કરનાર ઉપકારી આત્માઓનો વિવેકસહ વિનય કરવો જોઈએ

વિનય અને વિવેક એક સિક્કાની બે બાજુ છે. વિવેક વિનાનો વિનય પૂર્ણ બનતો નથી. સદાચારમાં નમ્રતાને વિનય ગણ્યો છે, પરંતુ જૈન દાર્શનિકોએ મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરતાં વિનય અને નમ્રતાની પાતળી ભેદરેખાને સ્પષ્ટ કરતા કહ્યું છે કે નમ્રતા-નમવું તે તો શિષ્ટાચાર વ્યવહાર છે, એ તો બાહ્યાચાર છે, જ્યારે વિનયમાં આંતરિકભાવ અભિપ્રેત છે. શિષ્ટાચારમાં દંભ કે અહંકાર હોવાની શક્યતા રહેલી છે. બુદ્ધિ સાથેના અહંકારનો મૃત્યુઘંટ વાગે ત્યારે જ વિનયના જન્મની મધુર ઘંટડીનો રણકાર સાંભળી શકાય છે. માત્ર પોતાની ઇચ્છા પ્રમાણે ચાલવાનો છંદભાવ મટે તો જ વિનયભાવ પ્રગટે. આત્મવિકાસનો અભ્યુદય વિનયના અરૂણોદય વિના શક્ય નથી.

વિવેકવાન પુરુષો જીવનમાં વિનયભાવ પ્રગટાવવા માટે પોતાને શૂન્ય ગણે એટલે સ્વયં લઘુતાભાવની અનુભૂતિ કરે છે. જ્યારે આપણામાં વિનયભાવ આવે ત્યારે ગમા-અણગમા શૂન્ય થવા લાગે છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સંદર્ભે સારાસારની સમજ એટલે વિવેક. વિવેક હૃદયનો વિષય છે. વિચાર બુદ્ધિની નીપજ છે. વિવેક હૃદયની પ્રસ્તુતિ છે તો વિચાર મસ્તકની ઊપજ છે. વિચાર અધૂરો, અપૂર્ણ અને અપંગ છે. વિવેક પૂર્ણતા તરફ જવાનો રાજમાર્ગ છે.

વિવેક, વિનય અને જયણા સહોદર છે. ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે. વિવેકમાં

આત્મજાગૃતિ અભિપ્રેત ઉપયોગ એટલે જયણાધર્મ.

પાણીમાં ડૂબકી લગાવતાં પહેલાં આખા શરીરે હળદર ચોળવાથી પાણીના ઝેરીલા, ડંખ મારવાવાળા જંતુઓથી બચી શકાય છે. સંસારસાગરમાં ડૂબકી મારતા આપણા જેવા જીવો વિવેકરૂપી હળદરથી કષાયોથી બચી શકે.

જીવનના રોજબરોજના પ્રસંગોમાં વિવેકયુક્ત આચરણ વિસંવાદિતા ટાળી સાંમજસ્યનું સર્જન કરે છે.

વર્ષો પહેલાં વડોદરામાં ગુજરાતી સાહિત્યનો એક કાર્યક્રમ સાહિત્યકાર કિસનસિંહ ચાવડાની અધ્યક્ષતામાં યોજાયો. આ કાર્યક્રમમાં તે સમયના જાણીતા નવલકથાકાર રમણલાલ વસંતલાલ દેસાઈ બોલવા ઊભા થયા. મહાનુભાવોને સંબોધન કરતી વખતે તેમણે કિસનસિંહ ચાવડાને માત્ર 'કિસન' એવું સંબોધન કર્યું. તેમના વક્તવ્ય પછી એ બેસી ગયા. કોઈએ ર.વ.દેસાઈને કહ્યું કે, 'હું માનું છું કે કિસનસિંહ ચાવડા ઉંમરમાં તમારાથી નાના હશે એટલે તમે 'કિસન' એવું સંબોધન કર્યું, પરંતુ આજની સભાના એ પ્રમુખ છે. ર.વ. દેસાઈને પોતાની ભૂલ સમજાઈ અને તેમણે જાહેરમાં એકરાર કર્યો કે, 'આજની સભાના પ્રમુખશ્રી કિસનસિંહ ચાવડાને આત્મીયતાના અને લાગણીના આવેગોને કારણે મેં 'કિસન' એ રીતે સંબોધન કર્યું, જે સર્વથા યોગ્ય નથી.' અહીં આંતરિક વિનય પાળવાનું પ્રાગટ્ય અભિપ્રેત છે.

પ્રમુખસ્થાનેથી પોતાના વકતવ્યમાં કિસનસિંહ ચાવડાએ કહ્યું કે, 'આદરણીય શ્રી ર.વ. દેસાઈ, આપે 'કિસનસિંહ'ને બદલે 'કિસન' એવું સંબોધન કરી મારામાં રહેલા 'પશુ'ને દૂર કર્યો, 'પશુતા'ને બદલે 'પ્રભુતા', 'કિસન' તરફ લઈ જવા બદલ આભાર.' કિસનસિંહના વિવેકસહ વિનયની અભિવ્યક્તિથી સભામાં હળવાશ અને હાસ્યનું મોજું ફરી વળ્યું અને સભામાં પ્રસન્નતા છવાઈ ગઈ.

હિત, મિત ને પ્રિય બોલવું એને વાણીનું તપ કહ્યું છે.

અહીં પ્રિય એટલે 'કર્ણપ્રિય'. કાનને ગમે તેવા વચનો બોલવાં તેવો માત્ર સ્થૂળ અર્થ નથી. પ્રિય એટલે વિનય-વિવેકસહ આત્મહિત, આત્મકલ્યાણનાં વચનો એવો અર્થ થાય છે.

વિચારયુક્ત બુદ્ધિમાં જીવે તે બુદ્ધુ બની શકે, પરંતુ વિવેકથી જીવે તે બુદ્ધ બની શકે છે. માટે જીવનનો નિર્ણય વિચારથી નહીં વિવેકથી કરવો જોઈએ.

સમતાને સિદ્ધપદની પ્રાપ્તિનું પરમસાધન માનવામાં આવ્યું છે. સમતા જીવનમાં આવે કઈ રીતે? સ્વ-પરનો વાસ્તવિક વિવેક ન જન્મે ત્યાં સુધી સાચી સમતાની પ્રાપ્તિ થવી અશક્ય છે. જિનેશ્વરદેવોએ ફરમાવ્યા મુજબનો સ્વ-પરનો વિવેક જીવનમાં આવી જાય તો સમતાની પ્રાપ્તિ થઈ જાય છે. માટે વિવેક એ સિદ્ધત્વની યાત્રામાં દીવાદાંડીરૂપ છે.

જ્ઞાનીપુરુષો સ્વ-પરનો વિવેક થયો છે કે નહીં તેની ખાતરી કરવાનું કહે છે. એવા વિવેકને પામેલો આત્મા જેમ જેમ વિવેકની માત્રા વધે તેમ તેમ આત્મહિતકારી પ્રવૃત્તિઓ તરફ ઢળતો જાય છે. પર વસ્તુઓથી પાછો હઠતો જાય છે. આત્મા બહિર્મુખ મટીને અંતર્મુખ બને. સ્વ-પરનો આવેલો વિવેક તો જ સફળ ગણાય, જો તે આત્માને પરથી પાછો હઠાવી સ્વસ્વરૂપમાં લીન બનાવે છે. આ રીતે જોતાં આત્માને સ્વ-પરનો વાસ્તવિક વિવેક થયો છે કે નહિ તે સમજી શકાય. વિવેકપ્રાપ્તિની આ પારાશીશી છે.

વ્યવહારિક જીવનની સફળતામાં વિનય-વિવેક કેન્દ્રસ્થાને છે, તો ધર્મના શાસનનો પ્રાણ વિવેક છે. માટે જ્ઞાનીઓ કહે છે કે ધર્મ વિવેકે નીપજે.

હંસ વિવેકનું પ્રતીક છે. હંસવૃત્તિથી સારાસારનો ક્ષીર-નીર વિવેક પ્રાપ્ત થાય છે.

શ્રાવિકા સાધુજીને કેસરિયા મોદક વહોરાવે છે. સાધુજીને આ મોદક દાઢમાં રહી જાય છે.

રાત્રે સાધુ ફરી મોદક વહોરવા આવે છે. શ્રાવિકાજી વિચારે છે કે, આહારસંજ્ઞાના પ્રબળ જોરે રસ આસક્તિમાં મહારાજ, સાધુજીની સમાચારીનું વિવેકભાન ભૂલ્યા છે.

બે હાથ જોડી વિનયપૂર્વક, શ્રાવિકાજીએ સાધુને અત્યારે શું સમય થયો છે, સાધુને ગોચરી વહોરાવવા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સંદર્ભે શું નિયમો છે તેની યાદ આપી.

સાધુને પોતાની ભૂલ સમજાણી. વિનય-પૂર્વકના વિવેકયુક્ત વચનોમાં શિથિલાચારીને ચારિત્ર્યમાં સ્થિર કરવાનું સામર્થ્ય છે.

આમ, વિનયભાવ એ પ્રસન્નતા અને સુગતિનું કારણ બને છે. વિનયવાન વ્યક્તિના વચનમાં વચનસિદ્ધિ પ્રગટી શકે. આમ, વિનય જ આપણા વિકાસનું મૂળ છે અને સફળતાની માસ્ટર કી છે.

વિનયવાન વ્યક્તિ બધામાં સ્વીકૃત બની જાય અને સર્વમાં પ્રિયપાત્ર બની જાય છે. જ્યારે આપણી અનંત પુણ્યરાશિ એકત્ર થઈ હોય ત્યારે માનવભવ મળે અને સદ્‌ગુરુનો યોગ સાંપડે. જૈન આગમ શાસ્ત્રોમાં ઠેર ઠેર ગુરુભગવંત પ્રતિ આપણા વિનય ધર્મની વાત આવે છે. આપણે તેનું અવગાહન કરીએ.

ઉપાસક દશાંગ, ઉત્તરાધ્યયન, આવશ્યક સૂત્ર, દશવૈકાલિક સૂત્રકૃતાંગ અને ભગવતી સૂત્ર વગેરેમાં ગુરુ પ્રત્યેના વિનયભાવનું વર્ણન આવે છે.

સદ્‌ગુરુની સાન્નિધ્યે જાગૃત રહેવું જોઈએ.

સદ્‌ગુરુની હિતશિક્ષા માટે તત્પર રહેવું જોઈએ.

સદ્‌ગુરુની ઈચ્છાની આરાધના કરવી જોઈએ.

સમાધાન પામવા સદ્‌ગુરુની આજ્ઞા લેવી જોઈએ.

સદ્‌ગુરુ સમક્ષ અલ્પભાષી બનવું જોઈએ.

સદ્‌ગુરુના વચનનો પ્રતિસાદ આપવો જોઈએ.

સદ્‌ગુરુ સમક્ષ વંદન કરી ઉપકારભાવની અભિવ્યક્તિ કરવી.

સદ્‌ગુરુનો મન, વચન, કાયાના યોગે વિનય કરવો.

સદ્‌ગુરુથી નીચે આસને બેસવું.

સદ્‌ગુરુની સામે નિદ્રા ન કરવી જોઈએ.

સદ્‌ગુરુની નિકટ (અવગ્રહસ્થાન) સાડા ત્રણ ફૂટના વિસ્તારમાં જવા માટે આજ્ઞા લેવી જોઈએ.

સદ્‌ગુરુને ભિક્ષા પ્રદાન કરતા (ગોચરી વહોરાવતા) સમયે અને વિહારમાં વિનય ધર્મનું પાલન કરવું.

ગુરુના ઇંગિત ઈશારાને શિષ્યએ સમજી આચરણ કરવું જોઈએ.

વિશ્વની તમામ દાર્શનિક અને ધાર્મિક પરંપરાએ વિનયને સ્થાન આપ્યું છે. વળી, સુચારુ સમાજરચના માટે અને કૌટુંબિક સામંજસ્ય માટે વિનય-વિવેક જરૂરી છે. માટે જ સમાજચિંતકો અને જ્ઞાનીઓ હંમેશાં વિનય-વિવેકના સાયુજ્ય અનુબંધને આવકારે છે.

■ ■ ■

**પરમપુરુષનો પંથ મળ્યો છે,**
**ગુણગુણના ભંડાર ગુરુજી મળ્યા છે,**
**ચાલોને તત્વાર્થ સુણવા જઈએ,**
**આગમવાણી સુણીને આપણે પાવન થઈએ રે.**
**કામ ક્રોધ મદ મોહ હઠાવી, પ્રેમની જ્યોત જગાવીએ રે**
**અંતરના દ્વાર ઉઘાડીએ રે, મુક્તિનો પંથ મેળવીએ રે.**

# નવતત્ત્વનો સાર

જીવ, અજીવ, આસ્રવ (પુણ્ય અને પાપ), બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ નવ તત્ત્વ છે.

**(૧) જીવ :** જીવ એટલે આત્મા. તે સદાય જાણનારો, પરથી જુદો અને ત્રિકાળ ટકનારો છે. જ્યારે તે પર નિમિત્તના શુભ અવલંબનમાં જોડાય છે ત્યારે તેને શુભ ભાવ (પુણ્ય) થાય છે. અશુભ અવલંબનમાં જોડાય છે ત્યારે અશુભ ભાવ (પાપ) થાય છે; અને જ્યારે સ્વાવલંબી થાય છે ત્યારે શુદ્ધ ભાવ (ધર્મ) થાય છે.

**(૨) અજીવ :** જેમાં ચેતના-જાણપણું નથી તેવા દ્રવ્યો પાંચ છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ ચાર અરૂપી છે અને પુદ્‌ગલ તે રૂપી સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સહિત છે.

અજીવ વસ્તુઓ જીવ (આત્મા)થી જુદી છે. તેમજ અનંત આત્માઓ પણ એકબીજાથી સ્વતંત્ર-જુદાં છે. પર લક્ષ વગર જીવમાં વિકાર થાય નહિ. પર તરફ વલણ કરતાં જીવને પુણ્ય-પાપની શુભાશુભ વિકારી લાગણી થાય છે.

**(૩) આસ્રવ :** વિકારી શુભાશુભ ભાવપણે અરૂપી અવસ્થા જીવમાં થાય તે ભાવ આસ્રવ અને તે સમયે નવાં કર્મયોગ્ય રજકણોનું આવવું (આત્મા સાથે એકક્ષેત્રે રહેવું) તે દ્રવ્ય આસ્રવ છે. પુણ્ય અને પાપ એ બંને આસ્રવના ભાગ છે.

**(૪) પુણ્ય :** દયા, દાન, ભક્તિ, પૂજા , વ્રત વગેરેના શુભ ભાવ જીવની પર્યાયમાં થાય છે તે અરૂપી વિકાર ભાવ છે - તે ભાવ પુણ્ય છે અને તે સમયે કર્મ યોગ્ય જડ પરમાણુઓનો જથ્થો સ્વયં (પોતાના કારણે પોતાથી) એકક્ષેત્રાવગાહ સંબંધે જીવની સાથે બંધાય છે તે દ્રવ્ય પુણ્ય છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

**(૫) પાપ :** હિંસા, અસત્ય, ચોરી, અવ્રત વગેરેના અશુભ ભાવ તે ભાવ પાપ છે અને તે સમયે કર્મ યોગ્ય જડની શક્તિથી પરમાણુઓનો જથ્થો સ્વયં બંધાય તે દ્રવ્ય પાપ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે) પરમાર્થે આ પુણ્ય-પાપ (શુભાશુભ ભાવ) આત્માને અહિતકર છે. આત્માની ક્ષણિક અશુદ્ધ દશા છે. આત્માનું અસલી સ્વરૂપ નથી. દ્રવ્ય પુણ્ય-પાપ પુદ્‌ગલ દ્રવ્યની અશુદ્ધ અવસ્થા છે તે આત્માનું હિત-અહિત કરી શકે નહિ.

**(૬) બંધ :** આત્માનું અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવમાં અટકી જવું તે ભાવબંધ છે અને તે સમયે કર્મ યોગ્ય પુદ્‌ગલનું સ્વયં કર્મરૂપ બંધાવું તે દ્રવ્ય બંધ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

**(૭) સંવર :** પુણ્ય-પાપના ભાવને (આસ્રવને) આત્માના શુદ્ધ ભાવ દ્વારા રોકવા તે ભાવ સંવર છે અને તે અનુસાર નવા કર્મ બંધાતા અટકે તે દ્રવ્ય સંવર છે.

**(૮) નિર્જરા :** અખંડ આનંદ શુદ્ધ આત્મ સ્વભાવના અવલંબનના બળથી સ્વરૂપ સ્થિરતાની વૃદ્ધિ વડે અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાનો અંશે નાશ કરવો તે ભાવ નિર્જરા અને તે સમયે ખરવા યોગ્ય જડ કર્મોનું અંશે ખરી જવું તે દ્રવ્ય નિર્જરા છે.

**(૯) મોક્ષ :** સમસ્ત કર્મોના ક્ષયના કારણભૂત તથા નિશ્ચય રત્નત્રય સ્વરૂપ પરમ વિશુદ્ધ પરિણામો તે ભાવ મોક્ષ છે અને પોતાની યોગ્યતાથી સ્વયં સ્વતઃ દ્રવ્ય કર્મોનો આત્મપ્રદેશોથી અત્યંત અભાવ થવો તે દ્રવ્ય મોક્ષ છે. જીવ અત્યંત શુદ્ધ થઈ જાય

છે તે દશાને મોક્ષ તત્ત્વ કહે છે.

આ પ્રમાણે જેવું નવ તત્ત્વનું સ્વરૂપ છે તેવું જ જીવ શુભ ભાવથી વિચારે, તેને શુદ્ધનું લક્ષ હોય તો તે વ્યવહાર સમકિત છે. વ્યવહાર શ્રદ્ધામાં કોઈ પડખે ભૂલ ન આવે તેમ નવ તત્ત્વોમાંથી શુદ્ધ નય વડે એકરૂપ અખંડ જ્ઞાયક સ્વભાવી આત્માને તારવી લેવો (તેનું લક્ષણ કરવું) તે પરમાર્થ શ્રદ્ધા એટલે કે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

## નવ તત્ત્વનું સ્વરૂપ

(૧) **જીવ :** જીવ નામનો પદાર્થ તે સમય છે. તે આ પ્રમાણે છે.

૧. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્તાથી સહિત છે.

૨. દર્શન-જ્ઞાન સ્વરૂપ પરિણમન સહિત છે.

૩. અનંત ધર્મોમાં રહેલા એક ધર્મીપણાને લીધે તેને દ્રવ્યપણું પ્રગટ છે.

૪. અક્રમવર્તી અને ક્રમવર્તી એવા ગુણ, પર્યાયો સહિત છે.

૫. સ્વ-પર સ્વરૂપને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી તેને સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું છે.

૬. અસાધારણ ચૈતન્ય ગુણના સદ્‌ભાવને લીધે તથા પર દ્રવ્યોના વિશેષ ગુણોના અભાવને લીધે પર દ્રવ્યોથી ભિન્ન છે.

૭. અન્ય દ્રવ્યોથી અત્યંત એકક્ષેત્રાવગાહ હોવા છતાં પોતાના ભિન્ન ક્ષેત્રપણે રહેતો એક ટંકોત્કીર્ણ ચૈતન્ય સ્વરૂપ જ રહેવાનો સ્વભાવ છે.

આ પ્રમાણે સાત બોલથી સમય સિદ્ધ કર્યો છે.

નિશ્ચયથી ત્રિકાળ, એકરૂપ, શુદ્ધ, બુદ્ધ સ્વભાવ જે છે એવા પ્રાણથી જીવે તે જીવ છે.

એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, પંચેન્દ્રિય એ કાંઈ વાસ્તવિક જીવ નથી; અંદર જે જ્ઞાયક ભાવ છે તે જીવ છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવમય એક જ્ઞાયક માત્ર છે. શરીરથી અન્ય - જુદો ચિદાનંદ સ્વભાવી જીવ ભેદજ્ઞાનીઓ વડે પ્રત્યક્ષ અનુભવાય છે.

દશ પ્રાણરૂપ જીવત્વ છે તે અશુદ્ધ પ્રાણ છે. પાંચ ઈન્દ્રિયો (ભાવેન્દ્રિયો), મન, વચન, કાયા, આયુષ્ય અને શ્વાસ - એવા દશ પ્રાણરૂપ જે અશુદ્ધ જીવત્વ તેનાથી જીવ જીવે છે એમ જે કહ્યું છે તે વ્યવહારનયથી કહ્યું છે અને તે ‘અશુદ્ધ પારિણામીક ભાવ’ છે. ત્રિકાળ ધ્રુવ એક ચૈતન્ય સ્વભાવથી ભરેલો પરમ પારિણામીક ભાવ સ્વરૂપ છે.

આત્માનું લક્ષણ ઉપયોગ છે. તે લક્ષણથી લક્ષ્ય આત્મા જાણી શકાય છે.

(૨) **અજીવ :** જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ હોય તે પુદ્‌ગલ છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, શીલ, સંયમ આદિ જે વિકલ્પો-શુભભાવો છે તે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા છે. ચિત્ત શક્તિથી શૂન્ય બધા ભાવો પુદ્‌ગલના છે. રંગ રાગાદિ ભાવો બધાયમાં પુદ્‌ગલ જ નાચે છે. દુઃખનો અનુભવ છે તે જડ છે. વિકારી પરિણામ પુદ્‌ગલના પરિણામ છે. જેમ શીત - ઉષ્ણ અવસ્થા અચેતન છે તેમ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની અવસ્થા પણ અચેતન છે.

(૩) **આસ્રવ :** આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર - એ બંને આસ્રવ છે. પુણ્ય-પાપના ભાવપણે થવા લાયક જીવની પર્યાય એ ભાવ આસ્રવ અને તેમાં કર્મનું જે નિમિત્ત તે દ્રવ્ય આસ્રવ.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ જેમના લક્ષણ છે એવા જે પ્રત્યયો એટલે કે આસ્રવો - તે બધાય જીવને (નિશ્ચયનયથી) નથી. મલિન પર્યાયને - ભાવ આસ્રવને પુદ્‌ગલના પરિણામ કહ્યાં છે. કેમ કે ચૈતન્યના અનુભવથી

તેઓ ભિન્ન રહી જાય છે. રાગથી ભિન્ન પડીને જ્યાં ત્રિકાળી શુદ્ધ દ્રવ્યને ઉપાદાન કર્યું ત્યાં રાગથી વિરુદ્ધ શુદ્ધ ચૈતન્યમય પરિણમન થઈ ગયું. આ રીતે આત્મા આસ્રવથી નિવૃત્ત થાય છે. જો આત્મા આસ્રવથી નિવૃત્ત ન થાય તો તેને સાચું ભેદજ્ઞાન થયું જ નથી. પુણ્ય-પાપના ભાવથી દૃષ્ટિ ખસી ગઈ તેનું જ નામ ભેદજ્ઞાન છે. રાગ અને સ્વભાવનું જે ભેદજ્ઞાન થયું તે જ્ઞાન આસ્રવોથી નિવર્તે છે. અભિપ્રાયમાં જે પુણ્ય-પાપના રસ-રુચિ હતા તે મટી જાય છે અને તેને જ્ઞાન આસ્રવોથી નિવર્ત્યું એમ કહે છે.

આત્મા અખંડ, અનંત, પ્રત્યક્ષ ચિન્માત્ર જ્યોતિ વિજ્ઞાનઘન સ્વભાવપણાને લીધે એક છે. તેની દૃષ્ટિ કરતાં મિથ્યાત્વનો આસ્રવ ટળી જાય છે. પુણ્ય પાપના વિકલ્પો તે આસ્રવો છે.

(૪) **બંધ :** બંધાવા યોગ્ય અને બંધન કરનાર - એ બંને બંધ છે. બંધાવા યોગ્ય જીવ (પર્યાય) છે. રાગ-દ્વેષ, મિથ્યાત્વ, વિષયવાસના - એમાં અટકવા યોગ્ય, બંધાવા યોગ્ય લાયકાત જીવની પર્યાયની છે. તે ભાવ બંધ છે. સામે પૂર્વ કર્મનું નિમિત્ત છે એ બંધન કરનાર છે. પૂર્વ કર્મ જે નિમિત્ત થાય છે એને અહીં દ્રવ્ય બંધ કહ્યો છે. ભગવાન આત્મા તો અબદ્ધ - સ્પૃષ્ટ છે, પણ એની પર્યાયમાં બંધ યોગ્ય લાયકાત છે તે (જીવ) ભાવ બંધ છે અને બંધન કરનાર કર્મ નિમિત્ત છે તે દ્રવ્ય બંધ છે. આમ એ બંને બંધ છે. મિથ્યાત્વ,અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ એ પાંચ બંધના કારણ છે. બંધના કારણ વસ્તુના સ્વભાવમાં નથી. પણ એ બંધના કારણ પર્યાયમાં તો છે જ. જુઓ ! સ્વરૂપના ભાન વિના વિકારનો સ્વામી થઈ જીવ પોતે વિકાર કરે ત્યારે નવો કર્મબંધ થાય છે. જે કર્મ બંધાય છે તે સ્વયં સ્વતઃ પોતાના કારણે બંધાય છે. કર્મરૂપે બંધાવાની લાયકાતવાળા પરમાણુ સ્વયં પોતાથી કર્મરૂપે પરિણમે છે. ત્યાં જીવ અને કર્મનું એકક્ષેત્રાવગાહે રહેવું એ સંબંધ છે, પણ એકબીજાના કર્તા-કર્મપણે થવું એવો સંબંધ નથી.

રાગનું ઉપયોગમાં એકત્વ થવું એનું નામ બંધ તત્ત્વ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યરૂપ છે. તેના ઉપયોગમાં -જ્ઞાનના વિકારનું - રાગનું એકત્વ થવું તે બંધ તત્ત્વ છે. જડ કર્મનો બંધ એ બાહ્ય નિમિત્ત છે.

એક સમયમાં ત્રણ વાત બને છે :

૧. દર્શનમોહ આદિ કર્મનો ઉદય - તે સ્વતંત્ર છે.
૨. તે જ સમયે નવા કર્મનો બંધ - તે પણ સ્વતંત્ર છે.
૩. તે જ સમયે અજ્ઞાની જીવ સ્વયં મિથ્યાત્વાદિ ભાવરૂપે પરિણમે છે તે બધું જ સ્વતંત્ર છે.

રાગ મારી ચીજ છે, મારું કર્તવ્ય-કાર્ય છે - એવા મિથ્યાદૃષ્ટિના ભાવ નવા કર્મબંધમાં નિમિત્ત થાય ત્યારે જૂના કર્મને નવા કર્મબંધનું નિમિત્ત કહેવામાં આવે છે.

**(૫) સંવર :** સંવર થવા યોગ્ય સંવાર્ય એ જીવની પર્યાય છે. તે ભાવ સંવર છે. સંવર કરનાર સંવારક એ નિમિત્ત છે. સંવરની સામે જેટલો કર્મનો ઉદય નથી (અભાવરૂપ છે) એને દ્રવ્ય સંવર કહે છે. એ બંને સંવર છે - એક ભાવ સંવર અને બીજો દ્રવ્ય સંવર.

જેટલો ધર્મ પ્રગટ થાય તેટલો અધર્મથી નિવૃત્ત થાય અને જેટલો અધર્મ-આસ્રવથી નિવૃત્ત થાય તેટલો ધર્મમાં સ્થિર થાય છે, તેટલા સંવર - નિર્જરા થાય છે. પુણ્ય પાપના વિષમ ભાવથી ભેદજ્ઞાન થયા વિના સમતા જેનું મૂળ છે એવી સામાયિક કેમ થાય ?

જ્ઞાનભાવમાંથી જ્ઞાનમય જ ભાવ થાય છે એ ન્યાયે જ્ઞાનીને નવાં કર્મ આવવાનું જે નિમિત્ત એવા રાગ-દ્વેષ-મોહની સંતતિ - પરંપરાનો નિરોધ

થાય છે. આ સંવર થયો. જ્ઞાનની ધારાવાહી એકાગ્રતાની પ્રગટતા અને રાગમય ભાવનો નિરોધ થયો એનું નામ સંવર છે. સંવર થતા શુદ્ધ આત્માનો ભેટો થાય છે, ભગવાન નિર્મળાનંદના આનંદનો અનુભવ થાય છે.

સ્વભાવ સન્મુખ દૃષ્ટિ છે અને રાગથી ભિન્નતા થઈ છે તેને ધારાવાહી નિર્મળતા - પવિત્રતા પ્રગટ થાય છે. એને વર્તમાન કર્મનો સંવર થાય છે અને સંવરપૂર્વક પૂર્વકર્મની નિર્જરા થાય છે.

અખંડ દૃષ્ટિનો વિષય જે ત્રિકાળી શુદ્ધ આત્મા તેને દૃષ્ટિમાં લઈ જે પરિણમ્યો તે અખંડ ધારાવાહી પોતાને શુદ્ધ જ અનુભવ્યા કરે છે. તેને રાગ-દ્વેષ-મોહરૂપી ભાવાસ્રવો રોકાય છે. અર્થાત્ પ્રગટતા નથી. તેથી તે શુદ્ધ આત્માને-શુદ્ધતાને પામે છે અને એનું નામ સંવર છે.

**(૬) નિર્જરા :** નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર - બંને નિર્જરા છે. નિર્જરવા યોગ્ય અશુદ્ધતા અને થવા યોગ્ય શુદ્ધતા એ જીવની પર્યાય છે. એ ભાવ નિર્જરા છે. નિર્જરા કરનાર (દ્રવ્ય કર્મનું ખરી જવું) એ નિમિત્ત છે. એ દ્રવ્ય નિર્જરા છે. એ બંને નિર્જરા છે.

સંવરપૂર્વક અશુદ્ધતાનો નાશ થવો, શુદ્ધતાની વૃદ્ધિ થવી તથા તે કાળે દ્રવ્યકર્મનું સ્વયં ખરી જવું - નિર્જરી જવું તેને નિર્જરા કહે છે.

જે કર્મનો નાશ થાય છે તે સ્વયં તેના કારણે થાય છે; તે કાંઈ વાસ્તવિક નિર્જરા નથી; પર્યાયમાં અશુદ્ધતાનો નાશ થઈ, શુદ્ધિની વૃદ્ધિ થવી તે વાસ્તવિક નિર્જરા છે. સંવર એટલે આત્મામાં શુદ્ધિની ઉત્પત્તિ થવી અને નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ થવી.

નિર્જરા એટલે ધર્મ કોને થાય ? કે જેણે અંતરમાં 'હું જ્ઞાનાનંદમૂર્તિ પ્રભુ આત્મા છું' એવી દૃષ્ટિ કરી છે તેને. પર દ્રવ્ય છેદાઓ વા ભેદાઓ, તે મારી ચીજ નથી; હું તો થવાવાળી ચીજને પોતાના જ્ઞાતા-દૃષ્ટાપણામાં રહીને જાણવાવાળો છું - આમ જાણવાવાળાને નિર્જરા ને ધર્મ થાય છે.

પોતાના નિત્યાનંદ-પરમાનંદ સ્વરૂપમાં સ્થિર થતા - જામતા ઇચ્છાની ઉત્પત્તિ ન થાય તે ઇચ્છાનો નિરોધ છે, તે આનંદની પ્રાપ્તિ છે અને તેને ભગવાન તપ કહે છે અને એ તપ વડે નિર્જરા કહી છે.

**(૭) મોક્ષ :** મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર એ બંને મોક્ષ છે. મોક્ષ થવા યોગ્ય જીવની પર્યાય છે. જીવની પર્યાયમાં મોક્ષ થવાની લાયકાત છે. ત્રિકાળી ચીજ છે એ તો મોક્ષ સ્વરૂપ જ છે. મોક્ષ થવા યોગ્ય જીવની પર્યાય તે ભાવ મોક્ષ છે. અને સર્વ કર્મના અભાવરૂપ નિમિત્ત તે મોક્ષ કરનાર દ્રવ્ય મોક્ષ છે. આમ એ બંને મોક્ષ છે.

અરાગી જ્ઞાયકભાવની દૃષ્ટિ થતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે અને અશુદ્ધતા નાશ પામે છે, અને તેથી કર્મ બંધાતા નથી અને સંસારની નિવૃત્તિ થઈ જાય છે. સ્વભાવમાં પ્રવૃત્તિ પુષ્ટ થતા વિકારી પરિણમનથી નિવૃત્તિ થઈ જાય છે અને આત્મા એકલો સિદ્ધ ભગવાન થઈ જાય છે.

અરે ભાઈ ! જ્ઞાયક તો સદા જ્ઞાયક જ છે. એ બંધનમાં કેમ આવે ? અને એને વળી મુક્તિ કેવી ? વસ્તુમાં - દ્રવ્યમાં બંધન અને મુક્તિ ક્યાં છે ? જે સદા મુક્ત સ્વરૂપ છે તેમાં નજર સ્થિર કરતા તે મુક્ત જણાય છે; બસ આ જ મોક્ષ છે. કર્મથી પૂર્ણ છૂટવું એ દ્રવ્ય મોક્ષ છે અને અપૂર્ણતા અને રાગથી પૂર્ણ છૂટી જવું એ ભાવમોક્ષ છે.

**(૮-૯) પુણ્ય-પાપ :** જેમ ઘંટીના બે પડની વચ્ચે જે દાણો હોય તે પીસાઈ જાય છે તેમ આ સંસારી જીવ અનાદિથી સંસારરૂપી ચક્ર કહેતાં પુણ્ય અને પાપ એ બે ભાવ રૂપ ચક્રની મધ્યમાં પીસાઈ રહ્યો છે, દુઃખી દુઃખી થઈ રહ્યો છે.

દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિના ભાવ એ શુભ ભાવ છે, (નિશ્ચયનયથી) તે ધર્મ નથી; (નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.)

હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહ, કુશીલ, કષાય એ બધા અશુભ ભાવ છે, તે પણ ધર્મ નથી. એ સંસારના રખડવાના કારણ છે - પાપભાવ છે.

વર્તમાન પર્યાય તે વિકારી થવા યોગ્ય અને એમાં કર્મ નિમિત્ત તે વિકાર કરનાર એ બંને પુણ્ય છે. વિકારી થવા યોગ્ય છે તે ભાવ પુણ્ય અને કર્મનું નિમિત્ત છે તે દ્રવ્ય પુણ્ય - એમ બંને પુણ્ય છે. એ જ પ્રમાણે વિકારી થવા યોગ્ય જે જીવની પર્યાય તે ભાવ પાપ અને કર્મનું જે નિમિત્ત તે દ્રવ્ય પાપ - એમ બંને પાપ છે. દ્રવ્ય પાપ એ ભાવ પાપ થવામાં નિમિત્ત છે. વસ્તુ સ્વભાવ પોતે પુણ્ય-પાપનો કરનાર નથી. શુભ ભાવ થવા લાયક જીવ (પર્યાય) અને એનો કરનાર કર્મનો ઉદય તે અજીવ છે તેને દ્રવ્ય પુણ્ય કહીએ. એવી રીતે હિંસા, જૂઠ, ચોરી આદિ ભાવપાપ થવાલાયક તો જીવ છે; પર્યાયમાં એવી લાયકાત છે અને કર્મનું જે નિમિત્ત છે તેને દ્રવ્ય પાપ કહીએ.

મોહકર્મનો જે ઉદય છે એ તો પાપ જ છે. ઘાતીકર્મનો ઉદય જે છે એ તો એકલો પાપરૂપ જ છે, અહીં પુણ્ય ભાવપણે પરિણમ્યો છે એને ભાવપુણ્ય જીવ કહ્યો અને કર્મનો ઉદય (ઘાતી કર્મનો) જે અજીવ છે તેને દ્રવ્ય પુણ્ય કહ્યો.

પુણ્ય-પાપના ભાવને શાસ્ત્રમાં પુદ્ગલના કહ્યા છે, કારણકે એમાં ચેતનનો જ્ઞાનનો અંશ નથી. રાગ ચૈતન્યના અભાવરૂપ છે. દયા, દાન, ભક્તિ, પૂજા ઈત્યાદિ વિકલ્પમાં ભગવાન ચૈતન્યની જાતિ નથી, તેથી પુદ્ગલના કહ્યાં છે.

''પાપરૂપને પાપ તો જાણે સહુ કોઈ,
પુણ્યતત્ત્વને પણ પાપ છે કહે અનુભવી બુધ કોઈ.''

અનુભવી સમ્યગ્દૃષ્ટિ તો પુણ્યને પાપ કહે છે.

આ રીતે નવતત્ત્વનું સ્વરૂપ યથાર્થ જાણવું.

**નવ તત્ત્વનો સાર :**


૧. આત્મા છે. આત્મા નિત્ય છે.
૨. આત્માનું પરિણમન (અવસ્થા) છે.
૩. વર્તમાનમાં પરિણમનમાં ભૂલ છે. (પર્યાય દૃષ્ટિ)
૪. ભૂલમાં નિમિત્ત કર્મ છે. (કર્મ ભૂલ કરાવતા નથી)
૫. પરિણમનમાં (પર્યાયમાં) જે ભૂલ છે તે ક્ષણિક છે.
૬. આત્માનો ત્રિકાળ સ્વભાવ શુદ્ધ પરિપૂર્ણ છે, તેમાં કોઈ ભૂલ નથી.
૭. તે સ્વભાવના ભાનથી (આશ્રયથી), તે સન્મુખ થવાથી તે ભૂલ ટળી શકે એમ છે. (દ્રવ્ય દૃષ્ટિ)
૮. તે ભૂલ ટાળવામાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે.
૯. આ ભૂલ ટળતાં કર્મનો સંયોગ સ્વયં ટળી જાય છે.

આ રીતે નવ તત્ત્વનો સાર આ નવ પદમાં આવી જાય છે. આ નવ પદનો વિસ્તારથી વિચાર કરતાં વિશેષ ચિંતવન કરવાથી નિજજ્ઞાન પ્રગટે છે. નિજજ્ઞાનથી મોહનો ક્ષય થઈ નિર્વાણપદ પ્રાપ્ત થાય છે.આ જ મોક્ષ પ્રાપ્ત કરવાની વિધિ છે.


**('આત્મદર્શન'માંથી સાભાર)**

• • •

**જે જીવને પ્રત્યક્ષ સત્સમાગમનો વિશેષ લાભ પ્રાપ્ત થાય તે મહત્પુણ્યવાનપણું છે. સત્સમાગમના વિયોગમાં સત્શાસ્ત્રનો સદાચારપૂર્વક પરિચય અવશ્ય કરવા યોગ્ય છે. - પત્રાંક - ૮૩૫**



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## ઈશ્વરનું અસ્તિત્વ

એક વાર કોઈ એક જિજ્ઞાસુ યુવક રમણ મહર્ષિ પાસે આવ્યો અને બોલ્યો, ''મારે આપને બે પ્રશ્ન પૂછવા છે, પૂછું ?''

''ખુશીથી પૂછ !'' રમણ મહર્ષિએ કહ્યું.

યુવક બોલ્યો, ''મારે આપને પ્રથમ પ્રશ્ન એ પૂછવાનો છે કે ઈશ્વર દુનિયામાં ઘોર અન્યાય શા માટે ચાલવા દે છે ? મને આનું કારણ સમજાતું નથી એ કારણ જાણવાને હું આપની પાસે આવ્યો છું.''

રમણ મહર્ષિ બોલ્યા, ''તારે આ પ્રશ્ન ખરી રીતે મને ન પૂછવો જોઈએ.''

''તો કોની પાસે જઈને આ પ્રશ્ન પૂછું ?''

''ઈશ્વર પાસે જઈને તેને આ પ્રશ્ન પૂછ.''

યુવક બોલ્યો, ''પ્રભુને પ્રશ્ન પૂછવામાં મને કોઈ વાંધો નથી, પણ સવાલ એ છે કે મારે પ્રભુ પાસે પહોંચવું કઈ રીતે ? તમે આનો કોઈ ઉપાય બતાવો.''

''તો પછી એમાં હું શું કરી શકું ? પ્રભુ પાસે પહોંચવાનો માર્ગ તો વ્યક્તિએ પોતે જ શોધી કાઢવો જોઈએ.''

યુવક બોલ્યો, ''ચાલો, કંઈ નહિ. મારો બીજો પ્રશ્ન હવે પૂછું, હું માનું છું કે ઈશ્વરનું અસ્તિત્વ જ નથી. ઈશ્વર જેવું કંઈ છે નહિ. આ શું સાચું છે ?''

''આમ તું શાથી માને છે ?''

''કારણ કે ઈશ્વરને આપણે કંઈ નજરોનજર જોઈ શકતા નથી. અને જ્યાં સુધી ઈશ્વરને આપણે નજરોનજર જોઈ શકીએ નહિ ત્યાં સુધી એના અસ્તિત્વ વિશે શંકા જરૂર રહે. મને ઈશ્વર પ્રત્યક્ષ દેખાતા નથી, પછી હું કેમ કરીને ઈશ્વરના અસ્તિત્વને માની શકું ? આથી જ હું ઈશ્વરને માનતો નથી.''

રમણ મહર્ષિ બોલ્યા, ''તારી વાત ઠીક છે. પણ હવે મારી વાત સાંભળ ! તારું મગજ હું જોઈ શકતો નથી તેથી શું હું માની શકું કે તારે મગજ જ નથી ? તારું મગજ હું કે તું જોઈ શકતા નથી, છતાં તેનું અસ્તિત્વ તો છે જ ને ? એ જ રીતે ઈશ્વર ભલે નજરોનજર ન દેખાય, છતાં તેનું અસ્તિત્વ તો અવશ્ય છે જ.''

## સંન્યાસીનો અસબાબ

સ્વામી રામતીર્થ ભારતથી અમેરિકા જવા એક જહાજ મારફત રવાના થયા.

થોડા દિવસ બાદ જહાજ અમેરિકાના સાનફ્રાંસિસ્કો બંદરે નાંગર્યું. બધા ઉતારુઓ નીચે ઊતરવા તડામાર કરી રહ્યા હતા.

પણ સ્વામીજીએ એવી કોઈ ઉતાવળ કરી નહિ. તેમણે તો ખૂબ આનંદપૂર્વક જહાજના તૂતક પર ટહેલવા માંડ્યું.

આ જોઈને જહાજ પરના એક અમેરિકને સ્વામીજીને પૂછ્યું, ''આપ અહીં શા માટે ટહેલી રહ્યા છો ? અને આપનો સામાન ક્યાં છે ? સામાન બધો પેક નથી કરવો તમારે ?''

સ્વામીજીએ કહ્યું, ''સામાન ? અમારે સંન્યાસીને તો એનો બધો સામાન એના શરીર પર જ હોય છે !''

''એટલે ?''

''મારાં આ બે ભગવાં વસ્ત્રો મેં જે પહેર્યાં છે એ જ મારો સામાન અને એ જ મારો અસબાબ !''

પેલાએ બીજો પ્રશ્ન કર્યો, ''તો પછી તમારા

પૈસા તમે ક્યાં મૂક્યા છે ?''

''અમારે પૈસાને શું કરવા છે ? પૈસામાં એક પ્રભુનામ ! પ્રભુનામ એ જ અમારી મોટામાં મોટી મિલકત છે.''

''પણ ખાવાપીવાનું શું ?''

''મારા પરિચયમાં આવનાર લોકોને હું મારા મિત્રો બનાવી લઉં છું. પછી એ લોકો જ મારો ખાવાનો બંદોબસ્ત કરે છે ! ખાવાપીવાની ચિંતા હું શા માટે કરું ?''

''પણ અહીં અમેરિકામાં તમારું કોઈ ઓળખીતું પારખીતું છે નહિ. તમારા ખાવાપીવાનો બંદોબસ્ત પછી કોણ કરશે ?''

''એવું ન બોલો ! અહીં પણ મારો એક મિત્ર છે.''

''કોણ ?'' અમેરિકને પૂછ્યું.

સ્વામીજીએ તે અમેરિકનના ખભા પર હાથ મૂકીને કહ્યું, 'તમે !'

અને સ્વામીજીના આ બે અક્ષરોએ એ અમેરિકનના મન પર એવો તો પ્રભાવ પાડ્યો કે તેણે સ્વામીજીને પોતાને ઘેર જ એક અતિથિ તરીકે ઘણા બધા દિવસ સુધી રાખ્યા અને તેમની સેવા કરીને પોતાનું જીવન ધન્ય બનાવ્યું.

## બચપણથી જ અનુકંપા

ઈટાલીનો સરમુખત્યાર મુસોલિની બહારથી સખત દેખાતો, પણ તેના અંતરમાં અનુકંપાનો ભાવ હતો.

આવી અનુકંપાની ભાવના તેનામાં બચપણથી જ હતી. આ વાતની સાક્ષી પૂરતો તેના બચપણ સમયનો એક જીવનપ્રસંગ જાણવા જેવો છે.

એ સમયે તે એક પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો હતો. ત્યાં એક શિરસ્તો એવો હતો કે દરેક વિદ્યાર્થી ઘેરથી નાસ્તાનો ડબો લાવતો અને રિસેસ પડે ત્યારે સહુ નાસ્તો કરતા.

મુસોલિની પણ ઘરેથી રોજ નાસ્તાનો ડબો લઈ આવતો અને રિસેસમાં તે ખાતો !

એક દિવસ રિસેસ પડી એટલે મુસોલિની નાસ્તાનો ડબો લઈને શાળાના મેદાનની લોન પર નાસ્તો કરવા ગયો.

એક ઝાડના છાંયડા નીચે તે બેઠો.

પછી તેણે નાસ્તાનો ડબો ઉઘાડ્યો અને તેમાંથી નાસ્તો લેવાની તૈયારી કરવા માંડી !

પણ ત્યાં શું બન્યું ? તેની નજર પોતાની બાજુમાં બેઠેલા એક વિદ્યાર્થી પર પડી.

નજર પડતાં જ તેણે જોયું કે એ વિદ્યાર્થીના મોં પર લાચારીનો ભાવ ઊપસી રહ્યો હતો.

તે ગરીબ હતો તેની સાક્ષી એનો ઊતરી ગયેલો ચહેરો આપી રહ્યો હતો.

આ જોઈને મુસોલિનીનું હૃદય દ્રવી ઊઠ્યું.

તેણે ઉઘાડેલો નાસ્તાનો ડબો પેલા વિદ્યાર્થી સામે ધર્યો અને કહ્યું, ''લે ભાઈ, તું આ બધું ખાઈ જા !''

વિદ્યાર્થીએ જરા સંકોચથી મુસોલિનીને કહ્યું, ''હું બધું ખાઈ જાઉં, તો પછી તમારે માટે શું વધશે?''

મુસોલિનીને કહ્યું, ''તારે એની ચિંતા કરવાની જરૂર નથી.''

મુસોલિનીની આ વાતમાં પેલા વિદ્યાર્થીને કશી ગતાગમ પડી નહિ, એટલે તેણે મુસોલિનીને ફરીથી કહ્યું, ''હું બધો નાસ્તો કરીશ તો તમારે ભૂખ્યા નહિ રહેવું પડે ?''

મુસોલિની ખરેખર ભૂખ્યો થયેલો હતો.

છતાં તેણે પેલા વિદ્યાર્થીને કહ્યું, ''આજે મને જરાયે ભૂખ નથી. સવારે પેટ ભરીને ખાધું છે એટલે મને અત્યારે બિલકુલ ભૂખ નથી.''

પેલા વિદ્યાર્થીએ ખાવા માંડ્યું. એ જોઈ મુસોલિનીને એટલો બધો આનંદ થયો કે તે પોતાની ભૂખને ખરેખર સાવ જ ભૂલી ગયો !

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૧૭-૪-૨૦૧૯ | ચૈત્ર સુદ તેરસ | બુધવાર | પ્રભુ મહાવીર જન્મકલ્યાણક દિન |
| ૨૪-૪-૨૦૧૯ | ચૈત્ર વદ પાંચમ | બુધવાર | પરમકૃપાળુદેવનો સમાધિદિન |
| ૧૪-૫-૨૦૧૯ | વૈશાખ સુદ દશમ | મંગળવાર | સંસ્થા સ્થાપનાદિન તથા પ્રભુ મહાવીર કેવળજ્ઞાન કલ્યાણક દિન |
| ૪-૭-૨૦૧૯ | અષાઢ સુદ બીજ | ગુરુવાર | શ્રી જિનમંદિરમાં નૂતન ધ્વજા પરિવર્તન |
| ૧૪-૭-૨૦૧૯ થી ૧૬-૭-૨૦૧૯ | અષાઢ સુદ પૂનમ | રવિવાર થી મંગળવાર | ગુરુપૂર્ણિમા શિબિર |
| ૨૬-૮-૨૦૧૯ થી ૨-૯-૨૦૧૯ | શ્રાવણ વદ - ૧૧થી ભાદરવા સુદ - ૪ | સોમવાર થી સોમવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૩-૯-૨૦૧૯ થી ૧૨-૯-૨૦૧૯ | ભાદરવા સુદ-પાંચમથી ભાદરવા સુદ ચૌદશ | મંગળવારથી ગુરુવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૧૪-૧૦-૨૦૧૯ | આસો વદ એકમ | સોમવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૨૬-૧૦-૨૦૧૯થી ૨૯-૧૦-૨૦૧૯ | આસો વદ તેરસથી કાર્તિક સુદ એકમ | શનિવારથી મંગળવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પાંચમ | શુક્રવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૯-૧૧-૨૦૧૯ | કાર્તિક સુદ પૂનમ | શનિવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૧-૧૨-૨૦૧૯થી ૩-૧૨-૨૦૧૯ | - | રવિવારથી મંગળવાર | પૂજ્યશ્રીના જન્મદિન નિમિત્તે આધ્યાત્મિક શિબિર |

## પૂ. ભાઈશ્રી નલીનભાઈ કોઠારીનું સંસ્થામાં શુભાગમન

તા. ૧૯-૧-૨૦૧૯ના રોજ શ્રીમદ્ રાજ-સોભાગ આશ્રમ સાયલાના અધિષ્ઠાતા પૂજ્ય નલીનભાઈ કોઠારી અન્ય મુમુક્ષુ સહિત પૂજ્યશ્રીને ખાસ મળવા - શાતા પૂછવા પધાર્યા હતા. તેથી પૂજ્યશ્રી સહિત સૌ મુમુક્ષુઓને આનંદ થયો હતો. પૂજ્યશ્રી તથા પૂજ્ય નલીનભાઈના સહજ મિલનથી સૌના મુખ ઉપર હર્ષની-

વાત્સલ્યભાવની લાગણી વર્તાતી હતી. સૌની વિનંતીથી તેઓએ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક-૨૩૯ના આધારે મંત્ર અને ગુપ્તભેદ અંગે મનનીય બોધ આપ્યો હતો, જેમાં આત્માના ઉપયોગ રૂપ પુરુષાર્થ સમજાવ્યો હતો. ત્યારબાદ ભોજનપ્રસાદી લઈ તેઓએ ભાવભીની વિદાય લીધી હતી. તેઓ પધાર્યા તે માટે તેમનો તથા આદ. શ્રી ભરતભાઈ, શ્રી જયસુખભાઈ સર્વ મુમુક્ષુઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

વિશેષમાં સાયલામાં તા ૪ થી ૧૦ માર્ચ ૨૦૧૯ દરમ્યાન શ્રીમદ્ રાજચંદ્રજી તથા ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમાજીનો સપ્તદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીને તથા સૌને પધારવા આમંત્રણ આપ્યું હતું.

## પૂજ્યશ્રી રાકેશભાઈને કોબા રાજપરિવાર તરફથી સ્વાસ્થ્યલક્ષી શુભેચ્છાઓ

પૂજ્યશ્રી આત્માનંદજી અને સમસ્ત કોબા રાજપરિવારે પૂજ્યશ્રી રાકેશભાઈની બાયપાસ સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ થાય તેવા હેતુથી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી તથા તેઓશ્રીના સ્વાસ્થ્યની સર્વાંગ સફળતા માટે સર્જરી દરમિયાન સ્વાધ્યાયહોલમાં મંત્રજાપ કરવામાં આવ્યા હતા. સફળતાપૂર્વક સર્જરી થઈ તે બદલ કોબા પરિવાર આનંદની લાગણી અનુભવે છે.

## સંસ્થામાં સંતશ્રી શુભકરણજીની સ્વાધ્યાયશ્રેણી સંપન્ન

આપણી સંસ્થામાં 'સંબોધિ ઉપવન' (ઉદેપુર નજીક, રાજસ્થાન)ના અધિષ્ઠાતા સંતશ્રી શુભકરણજીની તા. ૨૩-૧-૨૦૧૯ થી તા. ૨૭-૧-૨૦૧૯ દરમિયાન સ્વાધ્યાયશ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સંતશ્રી શુભકરણજી સરળ સ્વભાવના વાત્સલ્યયુક્ત સંત છે. ૯૦ વર્ષની જૈફ વયે પણ તેઓ તત્ત્વજ્ઞાનસભર સ્વાધ્યાય આપી શકે છે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃતજીના પરિચયથી તેઓના જીવનમાં પરિવર્તન આવ્યું હતું. અધ્યાત્મ તરફનો તેઓશ્રીનો ઝુકાવ વધતો ગયો. તેઓએ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીનું શરણ સ્વીકારેલ છે. તેઓ ધ્યાનના વિશેષ અભ્યાસી છે. સંસ્થામાં સાધકોને તેઓશ્રીએ ધ્યાનનો અભ્યાસ પણ કરાવ્યો હતો. તેઓશ્રીએ તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાત્મ ઉપનિષદ, વીસ દોહરા, મૂળ મારગ, શાંત સુધારસ જેવા સત્શાસ્ત્રોના અવલંબનથી તત્ત્વસભર, સરળ છતાં સચોટ શૈલીમાં સ્વાધ્યાય આપ્યા હતા. સંસ્થાના શાંત અને પવિત્ર વાતાવરણથી તેઓ પ્રભાવિત થયા હતા.

## શ્રી આત્મસિદ્ધિ પારાયણ

**[૧]** સંસ્થામાં તા. ૬-૧-૨૦૧૯ના રવિવારના દિવસે સ્વ. પ્રતાપભાઈ ગિરધરલાલ મહેતાના આત્મશ્રેયાર્થે તેઓના પરિવારજનો તરફથી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું. ભાવપૂર્વકના પારાયણ બાદ પૂજ્યશ્રીની વીડિયો કેસેટના આધારે સ્વાધ્યાય યોજાયો હતો. પૂજ્ય બહેનશ્રીએ સ્વ. પ્રતાપભાઈને ભાવપૂર્વક સ્મરણાંજલિ આપતા જણાવ્યું કે સ્વ. પ્રતાપભાઈ મહેતા ૩૫ વર્ષથી સંસ્થા તથા પૂજ્યશ્રી સાથે જોડાયેલા હતા. પૂનામાં પૂજ્યશ્રીના પ્રથમ સત્સમાગમથી જ તેઓને પૂજ્યશ્રી પ્રત્યે અત્યંત અહોભાવની લાગણી જન્મી હતી. તેઓ વર્ષમાં ૩ થી ૪ વાર કોબામાં પધારતા અને શિબિરો તથા સંસ્થાની પ્રવૃત્તિઓમાં ભાગ લેતા. એક રીતે તેઓને સંસ્થાના 'ફ્રેન્ડ, ગાઈડ, ફિલોસોફર' ગણી શકાય. તેઓ સંસ્થામાં જરૂરિયાતની વસ્તુઓનું દાન કરતા. તેમજ આર્થિક સહયોગ પણ આપતા. પૂજ્યશ્રીને વિશ્રામ માટે તેઓ પૂના બોલાવતા અને પંચગીની મુકામે ભક્તિ-સત્સંગનું આયોજન કરતા. આદ. શ્રી

મંજુબેન ભોજનાદિની વ્યવસ્થા સારી રીતે સંભાળતા. પ્રતાપભાઈના પરિવારજનો સેવાભાવી તથા ધર્મપ્રેમી છે. તેઓએ સંસ્કારોનો વારસો જાળવી રાખ્યો છે. પ્રતાપભાઈના પરિવારજનો સંસ્થામાં પધારીને સત્સંગ દ્વારા જીવનને ઉન્નત બનાવે અને પ્રાપ્ત થયેલ સંસ્કારોની સૌરભ પ્રસરાવે તેવી શુભકામના.

આ પ્રસંગે સ્વ. પ્રતાપભાઈ મહેતાના પરિવારજનો પધાર્યા હતા. તેઓ તરફથી રૂા. ૧૦/-ની પ્રભાવના તથા સ્વામિવાત્સલ્યનો લાભ આપવામાં આવ્યો હતો.

**[૨]** તા. ૨૦-૧-૧૯ના રોજ મુમુક્ષુવિશેષ આદ. શ્રી ચંદ્રકાંતભાઈ શિવલાલ શાહ સમગ્ર પરિવાર તરફથી તેમના પૌત્ર શ્રી ઋષાંગ શાહના શુભ લગ્ન નિમિત્તે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ તથા સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. શ્રી આત્મસિદ્ધિ પારાયણ પછી આદ. બા.બ્ર.શ્રી સુરેશજીએ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતના આધારે સ્વાધ્યાય આપ્યો હતો. પૂજ્યશ્રીએ ''પાયોજી મૈને રામ રતન ધન પાયો'' એ પદ દ્વારા બોધ આપી આશીર્વચન આપ્યા હતા.

## સત્સંગ-ભક્તિનો કાર્યક્રમ સાનંદ સંપન્ન

'દિવ્યધ્વનિ'ના તંત્રી શ્રી મિતેશભાઈ અરવિંદભાઈ શાહના સાબરમતીના નિવાસસ્થાને તા. ૨૦-૧-૨૦૧૯ના રવિવારના દિવસે પૂજ્યશ્રી આત્માનંદજીના સાન્નિધ્યમાં સત્સંગ-ભક્તિનો કાર્યક્રમ સાનંદ સંપન્ન થયો. શ્રી મિતેશભાઈ શાહ પરિવારના ભાવભર્યા નિમંત્રણને માન આપીને પૂજ્યશ્રી આત્માનંદજી સાથે પૂજ્ય બહેનશ્રી, બા.બ્ર.શ્રી સુરેશજી, બા.બ્ર. જનકબેન, બા.બ્ર.ડૉ. રાગિણીબેન, બ્ર. કપિલભૈયા, બા.બ્ર. છાયાબેન, બા.બ્ર. સુરેખાબેન, શ્રી મહેન્દ્રભાઈ ખંધાર, શ્રી વીણાબેન ખંધાર, શ્રી રીટાબેન મહેતા, શ્રી હંસાબેન, શ્રી અરૂણભાઈ બગડિયા, શ્રી ચંદ્રકાંતભાઈ તથા શ્રી માલતીબેન શાહ તથા શ્રી હરીશભાઈ ચૌધરી પધાર્યા હતા. પૂજ્યશ્રી, પૂજ્ય બહેનશ્રી તથા પધારેલા મુમુક્ષુ ભાઈ-બહેનોનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાવવાહી ભક્તિ કરાવી હતી. પૂજ્યશ્રીએ પણ ઉલ્લાસમાં આવીને ભાવપૂર્ણ ભક્તિપદ પ્રસ્તુત કર્યું હતું, જેથી સૌને આનંદ આવ્યો. પૂજ્યશ્રી આત્માનંદજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે સમ્યક્‌દૃષ્ટિ જીવ બધું કરવા છતાં કંઈ કરતા નથી ! જેને આત્મજ્ઞાન થયું હોય તે જ્ઞાનીને ઓળખી શકે. જ્ઞાની બહારથી કાર્ય કરવા છતાં અંતરથી લેપાતા નથી. 'તેનાં નેણ ને વેણ બદલાય, હરિરસ પીજિયે' આત્મતત્ત્વ નિશ્ચયથી અવક્તવ્ય છે, તે અનુભવનો વિષય છે.

બ્ર. બહેનશ્રી રીનાબેને તેઓના તથા શ્રી મિતેશભાઈના ધાર્મિક વિકાસ માટે પૂજ્યશ્રીનો અંતરથી આભાર વ્યક્ત કર્યો હતો. પૂજ્યશ્રી, પૂજ્ય બહેનશ્રી તથા સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોએ શ્રી મિતેશભાઈ/મનિષાબેન તથા સમગ્ર પરિવારને અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી.

સાંજે ભોજનપ્રસાદીને ન્યાય આપી સૌ કોબા પરત આવ્યા હતા.

## લાલોડા મુકામે સત્સંગ મેળાવડાનું આયોજન

ઈડર પાસે આવેલ લાલોડા મુકામે પૂ. લાલજીબાપા સત્સંગમંડળના તત્ત્વાધાનમાં શ્રી દલપતભાઈ દ્વારા સત્સંગ મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજનકર્તાઓના નિમંત્રણને માન આપીને આપણી સંસ્થામાંથી બા.બ્ર. સુરેશજી તથા બ્ર. શ્રી કપિલભૈયા સત્સંગ અર્થે લાલોડા મુકામે ગયા હતા. તા. ૨૬-૧-૨૦૧૯ના રોજ લક્ષ્મીપુરા મુકામે લક્ષ્મીપુરા યુવકમંડળ સાથે ધર્મવાર્તા કરી હતી. રાત્રિરોકાણ

મુમુક્ષુભક્ત શ્રી લાલજીભાઈના નિવાસસ્થાને કર્યું હતું. ત્યારબાદ તેઓ લાલોડા મુકામે પહોંચ્યા હતા.

બ્ર. કપિલભૈયાએ 'સંત શિષ્ય' રચિત રાત્રે રાત્રે રોજ વિચારો... પદના આધારે ધર્મવાર્તા કરી હતી. બા.બ્ર. સુરેશજીએ પરમકૃપાળુદેવ વિરચિત 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો....'ના આધારે આપેલ સ્વાધ્યાયમાં દૃષ્ટિવિષને દૂર કરવું, આત્મદૃષ્ટિના અભાવે દ્વેષભાવની ઉત્પત્તિ, પોતા સમાન જગતના સર્વ પ્રાણીને જોવાં, કરુણાનો ગુણ આત્મસાત્ કરવો વગેરે મુદ્દાઓ પર છણાવટ કરી હતી.

આશરે ચાર હજાર જેટલા લોકોએ સત્સંગનો લાભ લીધો હતો. ભોજનપ્રસાદી બાદ સૌ છૂટા પડ્યા હતા. સત્સંગ મંડળે આપણી સંસ્થામાં પણ પ્રસાદી મોકલાવી હતી.

## સંસ્થામાં પ્રજાસત્તાકદિનની ઉજવણી

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના વિદ્યાર્થીઓ તથા મુમુક્ષુ ભાઈ-બહેનોમાં દેશપ્રેમની ભાવનાની વૃદ્ધિ થાય તે હેતુથી સંસ્થામાં ૭૦મા પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવી. વહેલી સવારે ગુરુકુળના બાળકોએ દેશભક્તિ નારા બોલાવતા પ્રભાતફેરી કાઢી હતી. ત્યારબાદ પૂજ્યશ્રીના વરદ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. રાત્રે ગુરુકુળના બાળકોએ દેશભક્તિના ગીતો સુમધુર કંઠે રજૂ કર્યા હતા. સિંગાપોરથી પધારેલા શ્રી વિનોદભાઈ શાહે વિદ્યાર્થીઓની દેશભક્તિથી પ્રસન્ન થઈ બાળકોને મીઠું મોં કરાવ્યું હતું. ગુરુકુળના ગૃહપતિ શ્રી મેહુલભાઈ પંડ્યાએ વિદ્યાર્થીઓને ઉપરોક્ત કાર્યક્રમ માટે સુંદર તૈયારી કરાવી હતી, જે બદલ તેઓને અભિનંદન પાઠવીએ છીએ.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

| | | |
|---|---|---|
| ● **સાધારણ ખાતુ :** | શ્રી રાજેન્દ્રભાઈ ભક્તા, યુ.એસ.એ. | $ 30,000/- |
| ● **ભોજનાલય :** | | |
| (૧) | શ્રી બ્રોડવે સાઈકલ એન્ડ મોટર કંપની, અમદાવાદ | રૂા. ૨૧,૦૦૦/- |
| (૨) | શ્રીમતી મંજુલાબેન પી. મહેતા, પૂના, હસ્તે શ્રી હિતેન્દ્રભાઈ / શૈલેષભાઈ | રૂા. ૨૧,૦૦૦/- |
| ● **મેડિકલ સેન્ટર :** | | |
| (૧) | શ્રી રમાબેન એન શાહ, યુ.એસ.એ. (મેડિકલ + જ્ઞાનદાન) | રૂા. ૪૧,૦૦૦/- |
| (૨) | શ્રી પ્રફુલાબેન સોમચંદ, રાજકોટ, હસ્તે શ્રી દિનેશચંદ્ર એસ. બાવીશી | રૂા. ૨૭,૦૦૦/- |
| ● **શ્રી સાધુ-ત્યાગી વૈયાવચ્ચ :** | (૧) શ્રી અશોકભાઈ પી. શાહ, મુંબઈ | રૂા. ૩૧,૦૦૦/- |
| ● **પુસ્તક પ્રકાશન :** | (૧) શ્રી દિનેશચંદ્ર એસ. બાવીસી, રાજકોટ | રૂા. ૨૬,૦૦૦/- |
| ● **જ્ઞાનદાન :** | (૧) શ્રી શૈલેષભાઈ જાલાવાડિયા, અમદાવાદ | રૂા. ૨૬,૦૦૦/- |
| ● **ગુરુફંડ :** | (૧) શ્રી સરલાબેન (શારદાબેન) ધીરજલાલ દોશી, યુ.એસ.એ. (પૂજા દ્રવ્ય + ગુરુફંડ + પંખીચણ) | રૂા. ૧૪,૦૦૦/- |

## ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી દ્વારા ચાર વિશિષ્ટ વ્યક્તિઓને અપાયેલો લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ

ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી દ્વારા વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિનો પાયો નાખીને જૈનદર્શનના પ્રચારનું કાર્ય કરનાર ગુજરાતની ચાર વ્યક્તિઓનું અભિવાદન કરવામાં આવ્યું. આ સમયે જૈનદર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈએ આ ચારેય મહાનુભાવોને એમના ઉત્કૃષ્ટ કાર્ય માટે સંસ્થા વતી લાઈફ ટાઈમ એચિવમેન્ટ ઍવૉર્ડ અર્પણ કર્યો. આ ઍવૉર્ડ વિશે વાત કરતા કુમારપાળ દેસાઈએ કહ્યું કે અપૂર્વ વિદ્યાનિષ્ઠા અને ધર્મનિષ્ઠાથી કામ કરીને આ ચાર મહાનુભાવોએ યુવાન વયે વિદેશમાં જઈને જીવનસંઘર્ષોનો સામનો કરીને વિદેશમાં જૈનધર્મનો બહોળો પ્રચાર કરવાનું કામ કર્યું છે. આ ચારેય વ્યક્તિઓએ વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિનો પાયો નાંખીને જૈન ધર્મનું જ્ઞાન વિદ્યાર્થીઓ અને ત્યાં વસતા ભારતીય લોકો સુધી પહોંચાડીને તેને વ્યવહારિક જીવનમાં ધર્મના જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમાજના લોકોને ઝાંખી કરાવી છે. બ્રિટનમાં ધાર્મિક, સાહિત્યિક, સામાજિક કાર્ય કરવા બદલ વિનોદ કપાસીને બ્રિટનના મહારાણી દ્વારા ઓ.બી.ઈનો ઍવૉર્ડ આપવામાં આવ્યો હતો. જ્યારે ડૉ. મણિભાઈ મહેતાએ 'જૈના'ના પૂર્વ પ્રમુખ તરીકે તેમજ જૈન સેન્ટર ફોર સધર્ન કેલિફોર્નિયાના અગ્રણી તરીકે યશસ્વી કાર્ય કર્યું છે તેમજ તેઓ દર વર્ષે ગુજરાતના કચ્છમાં ડૉક્ટર તરીકે વિનામૂલ્યે સેવા આપીને માનવસેવાનું કાર્ય કરે છે. અમેરિકાના જૈના ઈ-લાઈબ્રેરી દ્વારા બે લાખ પુસ્તકો ઓનલાઈન મૂકીને જૈન ધર્મનું જ્ઞાન આપવાનું કાર્ય કરવા બદલ તથા પાઠશાળાના પુસ્તકો અને શિક્ષકો તૈયાર કરવા માટે પ્રવીણ શાહને ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો. નરેશભાઈ શાહને ન્યૂયોર્કમાં જૈન સેન્ટરમાં મહત્ત્વની કામગીરી કરીને વિદ્યાર્થીઓને સંસ્કાર તેમજ જૈન ધર્મની પ્રાથમિક જ્ઞાનની જાણકારી આપવાનું કાર્ય કરવા બદલ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી નરેશભાઈ શાહે અમેરિકામાં ચાલતી સ્વાધ્યાય પ્રવૃત્તિ વિશે કહ્યું કે અમેરિકામાં ચાલતી પાઠશાળાઓમાં વોશિંગ્ટન, શિકાગો બધે ત્રણસોથી ચારસો છોકરાઓ જ્ઞાન મેળવે છે. જ્યારે શ્રી વિનોદ કપાસીએ 'શ્રી ઉવસ્સગ્ગહરં સ્તોત્રનો આપણા જીવન પર પ્રભાવ' એ વિશે વક્તવ્ય આપતા કહ્યું કે આ સ્તોત્ર એ ઉપસર્ગોને દૂર કરે છે.

જ્યારે ડૉ. મણિભાઈ મહેતાએ જૈન સેન્ટર ઑફ સધર્ન કેલિફોર્નિયામાં ચાલતી પ્રવૃત્તિઓનો સઘન પરિચય આપ્યો હતો તો પ્રવીણભાઈ શાહ ઈ-લાઈબ્રેરી દ્વારા ચાલતા જ્ઞાનયજ્ઞની વાત કરી હતી.

આ પ્રસંગે મનુભાઈ શાહ, શ્રીયકભાઈ શેઠ અને નલિનીબેન દેસાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું, કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પંડિતો, સાહિત્યકારો તેમજ ધર્મજિજ્ઞાસુઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વૈરાગ્ય સમાચાર



**[૧] બાપુપુરા (માણસા) :** સંસ્થાના સન્નિષ્ઠ કાર્યકર્તા શ્રી હરીશભાઈ ચૌધરીના ભાભી **મેનાબેન અંબાલાલ ચૌધરી**નું તા. ૧૯-૧-૨૦૧૯ના રોજ માંદગીને કારણે ૫૫ વર્ષની વયે દેહાવસાન થયું છે.

તેઓ નિખાલસ અને શાંત સ્વભાવના હતા. તેઓ પ્રસંગોપાત સંસ્થામાં પધારતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને ભાવપૂર્વકની પ્રાર્થના છે.

## ‘દિવ્યધ્વનિ’ના સભ્યોને અગત્યની સૂચના

આપ સૌ મિત્રોને આપણું ‘દિવ્યધ્વનિ’ સમયસર પહોંચતું જ હશે. આપ સૌના એડ્રેસ ખૂબ જૂના સમયથી અમારી પાસે હોઈ, બદલાતા સમય અને ટેકનોલોજીને ધ્યાનમાં લઈને તેને પણ અપડેટ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. ઘણા એડ્રેસ ચેન્જ થયા હોવાથી ‘દિવ્યધ્વનિ’ પરત આવે છે. તેથી ખાસ વિનંતી કે આપનું પૂરું એડ્રેસ પીનકોડ સહિત, લેન્ડલાઈન અને મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ નીચેના ફોર્મમાં ભરી (૧) વોટ્સએપ દ્વારા (ફોર્મ ભરીને ફોટો પાડીને), (૨) ઈમેઈલ દ્વારા અથવા (૩) વેબસાઈટ પર મોકલવા નમ્ર વિનંતી.

**જો આપ ‘દિવ્યધ્વનિ’ ઈ-મેઈલ દ્વારા મંગાવવા ઈચ્છતા હો તો એ પણ કરી શકાય, જેથી પોસ્ટીંગ અને સ્ટેશનરી ખર્ચ ઘટાડી શકાય અને આ રીતે આપ પર્યાવરણને જાળવવામાં પણ સહયોગી બનશો. આ બાબતની સંમતિ માટે (     ) ટીક કરશો.**

આ સાથે એક બીજી વિનંતી કે આપના ફેમીલી મેમ્બરના નામ તથા જન્મતારીખ પણ મોકલશો, જેથી અમે બર્થડે ગ્રીટિંગ્સ અને પૂજ્ય સાહેબજીના આશીર્વાદ આપને ઈ-મેઈલ, વોટ્સએપ કે એસએમએસ દ્વારા મોકલી શકીએ. આમ, સ્ટેશનરી અને પોસ્ટીંગનો ખર્ચ પણ બચી શકશે.

(**આપ સૌની જાણ માટે :** જે ‘દિવ્યધ્વનિ’ અમારી પાસે સતત ૩ વખતથી પરત આવે છે તે મેમ્બરને અમે મોકલતા નથી. જો મેમ્બર સામેથી સંપર્ક કરે તો ફરી ચાલુ કરીએ છીએ.)

### આપની વિગત અંગેનું ફોર્મ

દિવ્યધ્વનિ મેમ્બરનું પૂરું નામ ____________________ ગ્રાહક નં.(ID No.) ________

કાયમી એડ્રેસ ______________________________________

______________________________________

જિલ્લો ____________________ શહેર ____________________

રાજ્ય ____________________ પીનકોડ ____________________

લેન્ડલાઈન નંબર ____________________ દેશ : ____________________

ઈ-મેઈલ આઈડી : ____________________ મોબાઈલ નં.: ____________________

| **જન્મદિન શુભેચ્છા મેસેજ માટે** | | | | મેસેજ મેળવવાની રીત (ટીક કરો) | |
|---|---|---|---|---|---|
| **કુટુંબીજનોના નામ** | **સંબંધ** | **જન્મતારીખ** | **મોબાઈલ નંબર** | **Whats App** | **Text** |
| ૧ શ્રી | | | | | |
| ૨ શ્રીમતી | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |

તારીખ : ____________________ સહી : ____________________

**E-mail :** mail@shrimadkoba.org • **Web :** www.shrimadkoba.org

**Whatsapp No. :** 91-93270 90393 (મેનેજર શ્રી વિજયભાઈ પટેલ)

# આંખના મોતિયાના ઓપરેશન માટે સહાયની અપીલ

પ.પૂ. આત્માનંદજીની પ્રેરણાથી અને પૂ. બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજીના આશીર્વાદથી શરૂ થયેલ નૂતન આરોગ્ય કેન્દ્ર સંસ્થામાં સુવ્યવસ્થિતપણે ચાલી રહ્યું છે; જેમાં વિવિધ સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો સેવા આપી રહ્યા છે.



આંખના મોતિયાના ઓપરેશન માટે પણ એક વિશિષ્ટ સેવા ઉપલબ્ધ છે. મોતિયાના ઓપરેશન માટે આર્થિક સહાયની જરૂરિયાતવાળા દર્દીઓને સંસ્થાના પરિપત્ર ઉપર ભલામણચિઠ્ઠી આપી, મેડિકલ સેન્ટરના દાતાઓના સહયોગથી ઓપરેશન કરાવી, તે રકમ જે-તે ડોક્ટરને ઓપરેશન પછી યોગ્ય પ્રમાણ સાથે મોકલી અપાય છે. છેલ્લા ૪ વર્ષમાં ૪૨૫ જેટલા મોતિયાના ઓપરેશન શુભેચ્છા દાનથી સંસ્થાની મદદ વડે થયા છે.



વર્ષ ૨૦૧૮ દરમિયાન ૬૬ ઓપરેશન વિવિધ દાતાઓના આર્થિક સહકારથી થયેલ છે. ૨૦૧૯ના વર્ષનો ટાર્ગેટ પણ લગભગ ૭૦ ઓપરેશન જેટલો છે અને આ એક ઓપરેશનનો ખર્ચ રૂા. ૬૦૦૦/- થાય છે. આ માટે સહુ સેવાભાવી દાતાઓને દાનના આ સુંદર અવસર માટે યોગ્ય આર્થિક સહકાર આપવા સંસ્થા વતી અપીલ કરીએ છીએ.

**"સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો."**

સંપર્કસૂત્ર : E-mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org
સંસ્થા–ઓફિસ : 079-23276219 / 483 / 484,
શ્રી ડો. રાજેશભાઈ સોનેજી – મુખ્ય સંયોજક : 98240 47621
શ્રી વિજયભાઈ પટેલ – મેનેજર : 93270 90393

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : GAMC - 309/2018-2020
issued by SSP Ahmedabad valid upto 31-12-2020 - Publication Date 15th of every month

**'દિવ્યધ્વનિ'ના તંત્રીશ્રી મિતેશભાઈ શાહના નિવાસસ્થાને સત્સંગ-ભક્તિ વેળાએ (તા. ૨૦-૧-૨૦૧૯)**





**ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી દ્વારા 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' અર્પણ વેળાએ**





**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

૧ 'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી - ૨૦૧૯ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**આદ. શ્રી દિવ્યાબેન કનુભાઈ જાજલ પરિવાર** (યુ.એસ.એ.)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી - ૨૦૧૯ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**સ્વ. લક્ષ્મીબેન ચંપાલાલ દોશી પરિવાર** (વિજયનગર, સાબરકાંઠા)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat)
Printed at Bhagwati Offset, 15/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah

To,